# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
પ્રિયંકા ચોપરા 166 કરોડ રૂપિયાના બંગલામાં ફરી શિફ્ટ થશે...



**પેજ-09**
ઈન્ડિયન ટીમના સ્ટાર બેસ્ટમેન શુભમન ગિલ વિશેની અજાણી વાતો

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 27.00 |
| વડોદરા | 38.00 | 25.00 |
| સુરત | 36.00 | 27.00 |



**પેજ 5** — 2014 થી ભારતીય અર્થવ્યવસ્થાની પુનઃસ્થાપના એ હાર્વર્ડ બિઝનેસ...


22 APRIL-2024 MONDAY




**પેજ 10** — તૂર્કીના રાષ્ટ્રપતિ અને હમાસ ચીફ વચ્ચે અઢી કલાક સુધી બેઠક

**.....સુવિચાર.....**
વ્યક્તિએ ક્યારેય તકની રાહ ન જોવી જોઈએ કારણ કે આજે જે છે તે જ સૌથી મોટી તક છે.



વર્ષ-13 । અંક-157। વિક્રમ સંવત-2080 । ચૈત્ર સુદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ઈડીના નામે વિપક્ષને જબરું પેટમાં દુખે છે : વડાપ્રધાન મોદી

## 2014 પછી EDએ 7,000 દરોડા પાડ્યા, 5 હજાર કેસ નોંધાયા, જેમાંથી નેતાઓ સામે માત્ર 3%

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ EDના દુરુપયોગના વિપક્ષના આરોપોનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે 2014 પછી EDની કાર્યક્ષમતા વધી છે. અગાઉ 2014માં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ 1800 કેસ નોંધાયા હતા. અમારી સરકાર સત્તામાં આવ્યા બાદ EDએ 5 હજાર કેસ નોંધ્યા છે. તેમાંથી માત્ર 3% કેસ જ નેતાઓ સામે નોંધાયા છે. તો પણ વિપક્ષ મુશ્કેલીમાં છે. મોદીએ એશિયાનેટને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું- 2014 પહેલાં EDએ 84 જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા. અમારી સરકાર આવ્યા બાદ 7 હજાર દરોડા પાડવામાં આવ્યા છે. ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે કોઈ સંસ્થા બનાવવામાં આવી હોય અને તે તેનું કામ યોગ્ય રીતે કરી રહી હોય તો તેમાં વિપક્ષને શું વાંધો છે? જો આટલા કેસ નોંધાયા ન હોત તો વિપક્ષે કહ્યું હોત કે ED યોગ્ય રીતે કામ કરી રહી નથી.



### EVMનું બહાનું - નાચ ન જાને, આંગન ટેઢા...

15 એપ્રિલે ANIને આપેલા ઈન્ટરવ્યૂમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામમંદિર, DMKનો સનાતન વિરોધી મુદ્દો, યુક્રેન-રશિયા યુદ્ધ, ચૂંટણી બંધન, ભારતના વિકાસનો રોડમેપ જેવા અનેક મુદ્દાઓ વિશે વાત કરી હતી. મોદીએ કહ્યું- રામમંદિર વિપક્ષ માટે રાજકીય હથિયાર હતું. હવે શું થયું...રામમંદિર બની ગયું. મામલો તેમના હાથમાંથી નીકળી ગયો.

### કોંગ્રેસે નોર્થ-ઈસ્ટ સાથે સાવકી માતા જેવું વર્તન કર્યું

આઝાદી પછી, ઉત્તર-પૂર્વનાં રાજ્યો દાયકાઓ સુધી હાંસિયામાં ધકેલાઈ ગયાં. કોંગ્રેસની સરકારોએ અહીંના લોકો સાથે સાવકી માતા જેવું વર્તન કર્યું. અમે એ ખ્યાલ બદલી નાખ્યો છે કે ઉત્તરપૂર્વ દૂર છે.

### ભારત-ચીન સરહદ વિવાદ પર તાત્કાલિક ચર્ચા જરૂરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ચીન સાથેના સંબંધો ભારત માટે મહત્ત્વપૂર્ણ છે. બંને દેશો વચ્ચે સ્થિર અને શાંતિપૂર્ણ સંબંધો માત્ર ભારત અને ચીન માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે મહત્ત્વપૂર્ણ છે. તેમણે કહ્યું- બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સીમા વિવાદ પર વાત કરવાની તાતી જરૂર છે.


## ભાજપના ચૂંટણી વચનો પર ખડગેના આક્રમક પ્રહાર : સતનામાં રેલી સંબોધી

# મોંઘવારી અને બેરોજગારીથી માત્ર મોદી જ ખુશ, ગરીબો મરી રહ્યા છે : મલ્લિકાર્જુન

### 20 કરોડ નોકરી આપવાની જગ્યાએ 12 કરોડ છીનવી...

(એજન્સી) સતના । તા. 21

કોંગ્રેસના સ્ટાર પ્રચારક રાહુલ ગાંધીની મુલાકાત રદ થયા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે રવિવારે સભાને સંબોધવા સતના પહોંચ્યા હતા. BTI મેદાનમાં મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, 'સૌથી પહેલા હું માફી માંગવા માંગુ છું કે રાહુલ આવી શક્યા નથી. તેમને ફૂડ પોઈઝનિંગ છે. તેમણે મને કહ્યું કે મારે સતના જવાનું હતું. હવે જો કોઈ આની ભરપાઈ કરી શકે તો તમે જ કરી શકો. અહીંથી મારે પણ રાંચી જવાનું છે. ત્યાં ઈન્ડિયા એલાયન્સની બેઠક છે. મારે પણ પહોંચવાનું હતું, પણ અહીં આવવાને કારણે હું ત્યાં મોડો પહોંચીશ. વિપક્ષના નેતા ઉમંગ સિંઘરના જણાવ્યા અનુસાર રાહુલની ખરાબ તબિયતના કારણે તેમની મુલાકાત રદ કરવામાં આવી છે. તે જ સમયે, કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ જીતુ પટવારીએ 'X' પર લખ્યું - રાહુલ ગાંધી અસ્વસ્થ હોવાને કારણે આજે સતના આવી શકશે નહીં.



### દેશની દરેક વસ્તુ બે માણસો વેચી રહ્યા છે : ખડગે

બે માણસો દેશની દરેક વસ્તુ વેચી રહ્યા છે. એરપોર્ટ, રસ્તા, રેલવેનું વેચી રહ્યા છે. અદાણી અને અંબાણી લેનારા છે, મોદી અને શાહ વેચનાર છે. બેંકોને બરબાદ કરી નાંખી. 16 લાખ કરોડ રુપિયા શ્રીમંતોની લોન માફ કરવામાં આવી હતી, પરંતુ ગરીબ ખેડૂતોની લોન માફ કરવામાં આવી નથી.

### બહુમતી બંધારણ બદલવાની માંગ કરી રહી છે : મલ્લિકાર્જુન ખડગે

મોદીજી કહે છે કે ડો.આંબેડકર ઉપરથી નીચે આવે તો પણ બંધારણ બદલાશે નહીં. આ મારા શબ્દો નથી, આ તેના શબ્દો છે. તમે સાંભળ્યું અને વાંચ્યું જ હશે. હું પૂછું છું કે જો આ સાચું છે તો તમારા સાંસદો કેમ કહે છે, ભાગવત કેમ કહે છે, ધારાસભ્યો કેમ કહે છે કે અમને બે તૃતીયાંશ બહુમતી આપો, અમે બંધારણ બદલીશું. કહ્યું કે નહીં. આ તેઓ શું કહે છે. શું તમે આવા વ્યક્તિના નેતૃત્વને મત આપશો?

### 'અમે 30 લાખ નોકરીનું સર્જન કરીશું' ખડગેનું ચૂંટણી વચન

ખડગેએ આજે એક્સ (ટ્વિટર) પર કહ્યું કે, અમારી સરકાર આવશે તો 'ભારતી ભરોસા'ની ગેરેન્ટી હેઠળ 30 લાખ નોકરીનું સર્જન કરવામાં આવશે. 'પ્રથમ નોકરી પાક્કી'ની ગેરેન્ટી હેઠળ એપ્રેન્ટિસશીપના અધિકાર દ્વારા દરેક ડિગ્રી/ડિપ્લોમા ધારકને વાર્ષિક રૂપિયા એક લાખના માનદ વેતન સાથે પ્રથમ નોકરીની ખાતરી આપીશું.

### 'પેપર લીકથી મુક્તિ'ના મુદ્દાનો કર્યો ઉલ્લેખ : ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના થશે

આ ઉપરાંત ખડગેએ 'પેપર લીકથી મુક્તિ'ના મુદ્દાનો ઉલ્લેખ કરી લખ્યું છે કે, અમારી સરકાર આવશે તો કોંગ્રેસ નોકરી માટેની પરીક્ષામાં થતા પેપર લીકના મુદ્દાનો નિવેડો લાવવા અને પીડિતોને નાણાંકીય વળતર આપવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરશે.

### કોંગ્રેસ દેશભક્ત યુવાનો પર લાદવામાં આવેલી અગ્નિવીર યોજના બંધ કરશે

ખડગેએ વધુમાં કહ્યું કે, કોંગ્રેસ દેશભક્ત યુવાનો પર લાદવામાં આવેલી અગ્નિવીર યોજના બંધ કરશે. વ્યાપક બેરોજગારીને કારણે, કોંગ્રેસ તમામ વિદ્યાર્થી શૈક્ષણિક લોનના સંદર્ભમાં 15 માર્ચ, 2024 સુધીના વ્યાજ સહિત લોનના બાકી લેણાં માફ કરશે અને સરકાર દ્વારા બેંકોને ભરપાઈ કરવામાં આવશે.

**Quick Read**

### તિહાર પ્રશાસને અરવિંદ કેજરીવાલ માટે ડૉક્ટરની માગ કરી : આપએ AIIMSને પત્ર લખ્યો

નવી દિલ્હી | તિહાર જેલના ડીજી સંજય બેનીવાલે રોજ AIIMSને પત્ર લખ્યો હતો. જેમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ માટે વરિષ્ઠ ડાયાબિટોલોજીસ્ટની નિમણૂક કરવાનું કહેવામાં આવ્યું છે. આ પત્ર પણ આમ આદમી પાર્ટી (AAP) દ્વારા રવિવારે (21 એપ્રિલ) શેર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન રવિવારે દિલ્હીના મંત્રી આતિષી ઈન્સ્યુલિન લઈને તિહાર જેલની સામે પહોંચ્યા હતા. તેમણે કેન્દ્ર સરકારને બ્રિટિશ રાજ કરતાં પણ વધુ ક્રૂર ગણાવી હતી.

### રાહુલ ગાંધીની તબિયત અચાનક લથડી, ગઠબંધનની ન્યાય રેલીમાં રાંચીનો પ્રવાસ રદ કર્યો

રાંચી | ઝારખંડની રાજધાની રાંચીમાં આજે I.N.D.I.A. ગઠબંધન નેતાઓની 'ઉલગુલાન ન્યાય રેલી' યોજાય, તે પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની તબિયત લથડી છે. આ રેલીનું આયોજન જેલમાં બંધ હેમંત સોરેનના પત્ની કલ્પના સોરેન દ્વારા કરાયું છે. રેલીમાં 28 વિપક્ષી નેતાઓ સામેલ થવાના હતા, જોકે રાહુલ ગાંધીની તબિયત લથડતા તેઓ રેલીમાં સામેલ નહીં થાય. રાહુલ ગાંધીની તબિયત ખરાબ હોવાથી તેની ઝારખંડ મુલાકાત રદ કરવામાં આવી છે.

### બાબા રામદેવને વધુ એક 'સુપ્રિમ' ઝટકો : પતંજલિએ યોગ શિબિર માટે ચૂકવવો પડશે સર્વિસ ટેક્સ

નવી દિલ્હી | યોગગુરુ સ્વામી રામદેવને ફરી એકવાર સુપ્રીમ કોર્ટ તરફથી ઝટકો લાગ્યો છે. હવે તેમની યોગ શિબિરો સર્વિસ ટેક્સના દાયરામાં આવી ગઈ છે. સ્વામી રામદેવની યોગ શિબિરોનું આયોજન કરતી સંસ્થા પતંજલિ યોગપીઠ ટ્રસ્ટે હવે સર્વિસ ટેક્સ ચૂકવવો પડશે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અભય એમ ઓક અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાની ખંડપીઠે આ સંબંધમાં સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલના નિર્ણયને યથાવત રાખ્યો છે.

### આંધ્ર પ્રદેશમાં ભાજપ માટે સારા સમાચાર, ચિરંજીવીના પક્ષનો NDAને ટેકો જાહેર

અમરાવતી | લોકસભા ચૂંટણી વચ્ચે આંધ્ર પ્રદેશના રાજકારણમાં અનેક હલચલ જોવા મળી રહી છે. સાઉથના મેગાસ્ટાર ચિરંજીવીએ વિધાનસભા અને લોકસભા ચૂંટણી માટે NDAને ટેકો જાહેર કર્યો છે. તેમણે આંધ્ર પ્રદેશમાં ટીડીપી-જનસેના-ભાજપ ગઠબંધનને સમર્થન જાહેર કર્યું છે. નોંધનીય છે કે ચિરંજીવીના નાના ભાઈ પવન કલ્યાણે જ જનસેના પાર્ટીની સ્થાપના કરી હતી. ચિરંજીવીએ વર્ષ 2024માં આંધ્ર પ્રદેશના વિભાજન બાદ રાજકારણથી દૂરી બનાવી લીધી હતી.

# I.N.D.I.A. ગઠબંધનની રેલીમાં બબાલ, કાર્યકરોએ એકબીજા પર ખુરશીઓ ઉછાળી, ડંડાવાળી પણ થઇ

(એજન્સી) રાંચી । તા. 21

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનના પત્ની કલ્પના સોરેનની આગેવાની હેઠળ તેમજ ઈન્ડિયા ગઠબંધન (I.N.D.I.A Alliance) ના નેતાઓની ઉપસ્થિતિમાં યોજાનાર ઉલગુલાન રેલી (Ulgulan Nyay Rally)માં આજે ભારે હોબાળો મચ્યો છે. અહીં બે જૂથોના કાર્યકર્તાઓ વચ્ચે મારામારી થવા ઉપરાંત એકબીજા પર ખુરશીઓ ફેંકવાની અને ડંડાઓથી હુમલો કરવાની પણ ઘટના બની છે, જેનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, એક વ્યક્તિના માથામાંથી લોહી વહી રહ્યું છે.



### આરજેડી-કોંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ

કથિત જમીન કૌભાંડમાં જેલમાં બંધ હેમંત સોરેનની ધરપકડના વિરોધમાં 'ઉલગુલાન રેલી'નું આયોજન કરાયું છે. જોકે રેલીમાં ગઠબંધનના નેતાઓ પહોંચે તે પહેલા રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને કોંગ્રેસના કાર્યકર્તાઓ સામ-સામે ભિડાઈ ગયા હતા. આરજેડી ચતરા બેઠક પરના કોંગ્રેસના ઉમેદવાર કે.એન.ત્રિપાઠીનો વિરોધ કરી રહી હતી.

**મંચ પર હેમંત સોરેન અને કેજરીવાલ માટે બે ખુરશી ખાલી રખાઈ :** ઝારખંડની રાજધાની રાંચીમાં યોજાનાર રેલીમાં ગઠબંધનના ઘણા નેતાઓ પહોંચી ગયા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, AAP સાંસદ સંજય સિંહ અને તેમની પત્ની પણ રેલીમાં ભાગ લેવા રાંચી પહોંચી ગયા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ની તબીયત લથડતા તેઓ રેલીમાં ભાગ નહીં લે.

## શાહે બિહારના કટિહારમાં ચૂંટણી રેલીને સંબોધી

# લાલુ અને તેમના પુત્ર કોંગ્રેસના ખોળામાં બેઠા છે : અમિત શાહ




(એજન્સી) કટિહાર । તા. 21

બિહારના કટિહારમાં જનસભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું- લાલુ યાદવ અને તેમના પુત્રો કોંગ્રેસના ખોળામાં બેઠા છે. આ એ જ કોંગ્રેસ પાર્ટી છે જેણે પછાત સમાજને અનામત આપતા કાકા કાલેલકરના રિપોર્ટ અને મંડલ કમિશનના રિપોર્ટનો વિરોધ કર્યો હતો. અમિત શાહે કહ્યું કે PM મોદીએ દેશમાંથી પરિવારવાદ, જાતિવાદ અને તુષ્ટિકરણનો અંત લાવ્યા છે. તેમણે દરેક વર્ગ અને દરેક વ્યક્તિનો વિકાસ કર્યો છે. વર્ષોથી કોંગ્રેસ પાર્ટી અને તેના સહયોગી લાલુ કહેતા હતા કે, 'ગરીબી દૂર કરો', પણ ગરીબી દૂર થઈ નથી. મોદીએ માત્ર 10 વર્ષમાં 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. બીજી તરફ, કોંગ્રેસ નેતા પી. ચિદમ્બરમે રવિવારે જાહેરાત કરી છે કે જો ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે, તો નાગરિકતા સંશોધન કાયદો (CAA) રદ કરવામાં આવશે. તેમજ ભારતીય ન્યાય સંહિતા 2023 પણ રદ કરવામાં આવશે.

**નડ્ડાએ કહ્યું- પહેલા વોટબેંકની રાજનીતિ હતી, હવે વિકાસની રાજનીતિ છે :** ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા લોકસભા ચૂંટણીના પ્રચાર માટે મહારાષ્ટ્રના બુલઢાણા પહોંચ્યા હતા. અહીં જનસભાને સંબોધતા તેમણે કહ્યું- પહેલા દેશમાં રાજકીય પક્ષો ચૂંટણી વખતે સારા નારા લગાવતા હતા, વચનો આપતા અને પછી ચૂંટણી પછી ભૂલી જતા. તેઓ વોટબેંકનું રાજકારણ કરતા હતા. મોદીજીના આવ્યા પછી ભારતીય રાજકારણ મતદારો પ્રત્યેની જવાબદારીનું રાજકારણ બની ગયું.

# ભાજપ હવે રાજકીય પક્ષ નથી રહ્યો પણ મોદીની પૂજા કરનારો એક પંથ બની ગયો છે : ચિદમ્બરમના પ્રહાર



(એજન્સી) નવી દિલ્હી । તા. 21

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમે (P Chidambaram) આજે ભાજપના નેતૃત્વ હેઠળની NDA સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, ભાજપ હવે રાજકીય પક્ષ નથી રહ્યો પણ મોદીની પૂજા કરનારો એક પંથ બની ગયો છે. મોદી શાસનકાળના 10 વર્ષમાં અભિવ્યક્તિની આઝાદીમાં મોટો ઘટાડો થયો છે. આ સાથે તેમણે લોકોને લોકતંત્રને મજબૂત કરવાની અપીલ કરી છે. તેમણે આશ્વાસન આપતા જણાવ્યું કે, કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરામાં ભલે વિવાદાસ્પદ નાગરિકાત સંશોધન અધિનિયમ (સીએએ)નો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવ્યા બાદ આ કાયદાને રદ કરી દેવાશે. ભાજપાએ 14 દિવસમાં તૈયાર કરેલા ચૂંટણી ઢંઢેરોને મોદીની ગેરેન્ટી કહ્યો છે. ભાજપ હવે રાજકીય પક્ષ નથી રહ્યો પણ મોદીની પૂજા કરનારો એક પંથ બની ગયો છે. તેમણે દાવો કરતા કહ્યું કે, 'મોદીની ગેરેન્ટી તે તે દેશોની યાદ અપાવે છે, જ્યાં એક પંથની પૂજા કરવામાં આવતી હોય છે. ભારતમાં પંથ પૂજાને શક્તિ મળવાની શરૂ થઈ ગઈ છે અને તેના કારણે તાનાશાહીમાં વધારો થશે. જો વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi) ત્રીજી વખત સત્તામાં આવશે તો તેઓ બંધારણમાં સંશોધન કરી શકે છે. આપણે લોકશાહીને બચાવવાની છે.'

# કેન્દ્ર સરકાર ફ્રીબીઝ પર શ્વેત પત્ર લાવે : RBIના પૂર્વ ગવર્નર ડી. સુબ્બારાવ

## લોકોને તેના ફાયદા અને ગેરફાયદા વિશે જણાવો, તેને સમાપ્ત કરવાની પણ ચર્ચા કરવાની જરૂર છે : ડી. સુબ્બારાવ

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવતી ફ્રીબીઝ એટલે કે મફતની રેવડી અંગે સરકાર દ્વારા શ્વેતપત્ર લાવવાની જરૂર છે. ભારતીય રિઝર્વ બેંક (RBI)ના પૂર્વ ગવર્નર ડી. સુબ્બારાવે આ વાત કહી છે. પીટીઆઈ સાથેની મુલાકાતમાં, ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, સરકારની જવાબદારી છે કે લોકોને આ મફત ભેટોના ફાયદા અને ગેરફાયદા વિશે જાગૃત કરે. તેમણે કહ્યું કે ફ્રીબીઝ અને રાજકીય પક્ષોને આમ કરવાથી કેવી રીતે રોકી શકાય તેના પર વ્યાપક ચર્ચાની જરૂર છે. ફ્રીબીઝને બોલચાલમાં 'રેવડી' કહેવામાં આવે છે અને તે આપવાની પ્રથાને 'રેવડી કલ્ચર' કહેવામાં આવે છે. તેમણે કહ્યું કે ભારત જેવા ગરીબ દેશમાં સમાજના સૌથી નબળા વર્ગના લોકોને કેટલીક મફત સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી સરકારની છે.



**શ્વેતપત્ર એક સત્તાવાર સરકારી દસ્તાવેજ છે :** શ્વેતપત્ર એટલે કે વાઈટ પેપર એક અહેવાલ, માર્ગદર્શિકા, રિસર્ચ બેઝ્ડ પેપર અથવા સત્તાવાર સરકારી દસ્તાવેજ છે. તે કોઈપણ વિષય અથવા સમસ્યાના ઉકેલો અને નીતિ દરખાસ્તો સંબંધિત નિષ્ણાત વિશ્લેષણના આધારે રજૂ કરવામાં આવે છે. તે સફેદ કવરમાં બંધ હોય છે. તેથી જ તેને શ્વેતપત્ર કહેવામાં આવે છે. ઐતિહાસિક રીતે નવી નીતિઓ અથવા કાયદાઓ રજૂ કરવા માટે સરકારો દ્વારા સામાન્ય રીતે રાજકારણમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેનો ઉપયોગ ગવર્નમેન્ટ ઈનિશિએટિવ, કોઈ યોજના અથવા પોલિસી પર લોકોના અભિપ્રાય જાણવા માટે થાય છે.

**મુખ્ય ચૂંટણી કમિશનરે પણ સવાલ ઉઠાવ્યા હતા :** ગયા વર્ષે, 5 રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરતી વખતે, મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે મફત યોજના (રેવડી) પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'મને નથી ખબર કેમ, બધી સરકારોને 5 વર્ષ યાદ નથી આવતું, તેમને માત્ર છેલ્લા મહિનામાં કે 15 દિવસમાં બધી જાહેરાતો કરવાનું યાદ આવે છે, પરંતુ આ રાજ્ય સરકારોનો અધિકાર છે.'

**પીએમ પણ માને છે- રેવડી કલ્ચર હટાવવું પડશે :** લગભગ બે વર્ષ પહેલા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'આપણે દેશમાંથી રેવડી કલ્ચરને હટાવવું પડશે. રેવડી વેચનારાઓ ક્યારેક વિકાસના કાર્યો, જેમ કે રોડ નેટવર્ક, રેલ નેટવર્કના નિર્માણ કરી શકતા નથી. તેઓ ગરીબો માટે હોસ્પિટલો, શાળાઓ અને મકાનો બનાવી શકતા નથી. પીએમ મોદીએ યુવાનોને ખાસ કરીને આના પર કામ કરવા કહ્યું અને કહ્યું કે આ રેવડી કલ્ચર આવનારી પેઢીઓ માટે ઘાતક સાબિત થશે.

# ઐતિહાસિક જૈન દીક્ષા મહોત્સવમાં અમદાવાદમાં 35 મુમુક્ષુઓની ભવ્ય વર્ષીદાન યાત્રા નીકળી

## 35 મુમુક્ષુઓ દ્વારા 68 લાખ રૂપિયાનું વર્ષીદાન કરવામાં આવ્યું અને ઉપકરણોની ઉછામણી 5,29,87,003 રૂપિયા થઈ






(એજન્સી) અમદાવાદ । તા. 21

ઐતિહાસિક જૈન દીક્ષા મહોત્સવમાં રવિવારે અમદાવાદમાં ૩૫ મુમુક્ષુઓની ભવ્ય વર્ષીદાન યાત્રા નીકળી હતી, જેમાં હાથી, ઘોડા, ઊંટગાડીઓ, બળદગાડા, શણગારેલા રથો ઉપરાંત વિન્ટેજ કારોમાં બેસીને દીક્ષા લેતાં પહેલાં છૂટા હાથે ચલણી નોટો, વસ્ત્રો, વાસણો, મોતી વગેરેનું દાન કરવામાં આવ્યું હતું. સવારે ૬.૩૦ કલાકે મુમુક્ષુ ભાવેશભાઈ ભંડારી અને તેમનાં ધર્મપત્ની જિનલબહેનના નિવાસસ્થાન ઋજુવાલિકા, શાંતિનગરથી શરૂ થયેલી શોભાયાત્રા ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમ રોડ, પાલડી ચાર રસ્તા થઈને સાત કિલોમીટરની યાત્રા કરીને રિવરફ્રન્ટ પર તૈયાર કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં આવી પહોંચી હતી. આ વર્ષીદાનના વરઘોડામાં આશરે ૪૦૦ સાધુ-સાધ્વીજી ભગવંતો ઉપરાંત આશરે દસ હજાર ભાવિકો જોડાયા હતા, જ્યારે રાજનગર અમદાવાદના આશરે પાંચ લાખ લોકોએ વિવિધ સ્થળેથી વરઘોડાના દર્શન કર્યા હતા.

વર્ષીદાનની યાત્રા અધ્યાત્મ નગરીમાં આવી પહોંચી તે પછી સોમવારે સવારે ૯ વાગ્યે યોજાનારા દીક્ષા મહોત્સવમાં મુમુક્ષુઓ સાધુ બન્યા પછી જે ૧૮ વસ્ત્રો, પાત્રો, ઉપકરણો વગેરેનો ઉપયોગ કરવાના છે, તેની ઉછામણી બોલાવવાની શરૂઆત થઈ હતી. આ ૧૮ ઉપકરણો પૈકી સાધુજીવનનાં પ્રતિક સમાન ઓઘાની અને મુહપત્તિની ઉછામણી બોલાવવામાં આવતી નથી; પણ તે લાભ મુમુક્ષુના પરિવારને આપવામાં આવે છે. ઓઘા અને મુહપત્તિ સિવાય કામળી, કાપડો, સાડો અથવા ચોલપટ્ટો, પાત્રા, તરપણી, ચેતનો, પુસ્તકની પોથી, નવકારવાળી, દાંડો, દંડાસન, સુપડી, પૂંજણી, ચરવળી, આસન, સંથારો અને ઉત્તરપટ્ટો મળીને કુલ ૧૬ ઉપકરણોની ઉછામણી બોલવામાં આવી હતી. આ ઉપકરણોને કુલ પાંચ જૂથોમાં વહેંચીને તેની ઉછામણી બોલવામાં આવી હતી. આ રીતે કુલ ૩૫ મુમુક્ષુઓ માટે ૧૭૫ ઉછામણી બોલવામાં આવી હતી. તેમાં સૌથી વધુ ઉછામણી રુચિકુમારી મહેન્દ્રભાઈ અંગારાને ઉપકરણો વહોરાવવા માટે ૯૯,૯૧, ૨૨૨ રૂ.ની બોલવામાં આવી હતી.

# પંચમહાલ લોકસભા બેઠકનું ઠાસરા વિધાનસભા કાર્યાલયનું ઉદઘાટન કરાયુ



ખેડા : અશેષ વ્યાસ

પંચમહાલ લોકસભા બેઠક મા સમાવિષ્ટ ઠાસરા વિધાનસભા વિસ્તારમાં ભાજપના મધ્યસ્થ કાર્યાલય નું ઉદઘાટન ખેડા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ખુબ ઉત્સાહિ અને યુવા પ્રમુખ શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ અને ઠાસરા વિધાનસભા ના યુવા અને લોકપ્રિય ધારાસભ્ય શ્રી યોગેન્દ્ર સિંહ પરમાર ની ઉપસ્થિતિ માં કરવામાં આવ્યું આ પ્રસંગે પ્રભારીશ્રી ડો.આશવ પટેલ રાષ્ટ્રીય પરીષદના શ્રી વિનુભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા ચુંટણી કાર્યાલય ના ઉદઘાટન પ્રસંગે બોલતાં ધારાસભ્ય શ્રી યોગેન્દ્ર સિંહ પરમાર દ્વારા પ્રચાર માટે લોકો સુધી કેવી રીતે પહોંચવું તેની વિસ્તૃત માહિતી આપી હતી અને ઠાસરા વિધાનસભા માંથી વધારે માં વધારે મત મળશે તેવી ખાતરી આપી હતી જ્યારે ખેડા જિલ્લા ના ખુબ લોકપ્રિય વક્તા અને સંગઠન પ્રમુખ શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા કામો અને આવનારા પાંચ વર્ષ માં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ લોકહીત ના સંકલ્પ ની મુદ્દાસર માહિતી આપી લોકો ને મંત્ર મુગ્ધ કરી દીધાં હતાં. આ ઉદઘાટન પ્રસંગે ખેડા જિલ્લા પંચાયત ના પુર્વ પ્રમુખ શ્રીમતિ નયનાબેન પટેલ ઠાસરા વિધાનસભા ના ચુંટણી ઈનચાર્જ શ્રી રાજુભાઈ પટેલ ઠાસરા વિધાનસભા ના ચારે મંડલ ના પ્રમુખ મહામંત્રી શ્રી ઓ તાલુકા પંચાયત નગરપાલિકા ના પ્રમુખશ્રીઓ તથા સદસ્યો ભારતીય જનતા પાર્ટીના જીલ્લા હોદેદારો મંડલ હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નડિયાદના 108 વર્ષના 'બા' યુવાનો માટે પ્રેરણારૂપ

# આજ સુધી દરેક ચૂંટણીમાં મેં મતદાન કર્યું છે : જેવરબેન રબારી



ખેડા : અશેષ વ્યાસ

'ઉત્સાહી હોય તે યુવાન' આ કહેવત ચૂંટણીના સમયમાં મતદારોના મિજાજને સચોટ રીતે વર્ણવે છે. પ્રથમ વખત મતદાર હોય, મહિલા મતદાર હોય, દિવ્યાંગ મતદાર હોય કે પછી શતાયુને પાર કરી ગયેલા મતદારો હોય, તમામ મતદારો જ્યારે એક સરખા ઉત્સાહથી મતદાન કરે છે ત્યારે લોકશાહી ખરા અર્થમાં સાર્થક થાય છે. નડિયાદના 108 વર્ષના 'બા' યુવાનો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. નડિયાદના જેવરબેન રબારી 108 વર્ષની ઉંમરે પણ નિયમિત મતદાન કરી દેશના નાગરિક તરીકેની પોતાની ફરજ નિભાવી રહ્યા છે. 116-નડિયાદ વિધાનસભાના મતવિભાગના જેવરબેન મેલાભાઈ રબારી 108 વર્ષની ઉંમરે પણ અચૂક મતદાન કરવાનો નિર્ધાર ધરાવે છે. જેવરબેન રબારી જણાવે છે કે કોઈ પણ પ્રકારની ચૂંટણી કેમ ના હોય મે હમેશાં મતદાન કર્યું છે. અને આ ચૂંટણીમાં પણ હું અચૂક મતદાન કરીશ. લોકસભા સામાન્ય ચૂંટણી-2024માં જેવરબા જાતે મતદાન મથકે જઈ પોતાનો અમૂલ્ય મત નોંધાવશે. લોકસભા સામાન્ય ચૂંટણી-2024માં અચૂક મતદાન માટે વિભિન્ન સમુદાયના લોકો દ્વારા મતદાન માટેની અપીલ કરવામાં આવી રહી છે ત્યારે મતદાન અપીલની આ શ્રેણીમાં નડિયાદ શહેરના મીલ રોડ, મજૂરગામમાં રહેતા 108 વર્ષનાં શ્રી જેવરબેન મેલાભાઈ રબારીએ જિલ્લાવાસીઓને લોકસભા સામાન્ય ચૂંટણી-2024માં અવશ્ય મતદાન કરવાની વિનંતી કરી છે.

# ગુનાહિત પ્રવૃત્તિ કરતા ઈસમને જીલ્લા બહાર હદપાર કરતી પીપાવાવ મરીન પોલીસ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં અને ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલાં લેવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક શ્રી હિંમકર સિંહ સાહેબ તથા સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી વલય વૈધ સાહેબ નાઓએ આગામી લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અનુસંધાને અમરેલી જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા અને ધાતક હથિયારો સાથે નિર્દોષ નાગરિકોને દાદાગીરી, ધાકધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજ્ય ફેલાવી આતંક મચાવતા માથા ભારે ઈસમો સામે પાસા-તડીપાર જેવા સખ્ત પગલાં લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને અને લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ દરમ્યાન તટસ્થ અને નિર્ભય પણે મતદાન થઈ શકે તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.બી. લક્કડ નાઓએ રામપરા-૨ ગામે ગુન્હાઓ આચરતા ઈસમ હરસુરભાઈ સાર્દુળભાઈ વાઘ ઉ.વ.૩૯ રહે રામપરા-૨ વિરુદ્ધ પુરાવાઓ એકઠા કરી હદપારની દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક શ્રી અમરેલી નાઓ મારફતે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી રાજુલા ઓ તરફ મોકલી આપેલ આવા ગુન્હાહિત પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી, રાજુલા ઓએ ઉપરોક્ત ઈસમ વિરુદ્ધ હદપારનો હુકમ કરતાં અમરેલી પોલીસ અધિક્ષક શ્રી હિંમકર સિંહ સાહેબ નાઓની તથા સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી વલય વૈધ સાહેબ નાઓની સુચના મુજબ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.બી. લક્કડ તથા પીપાવાવ મરીન ટીમ દ્વારા હરસુરભાઈ સાર્દુળભાઈ વાઘ ઉ.વ.૩૯ વાળાને હદપારી હુકમ બજવણી કરી અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જીલ્લા બહાર હદપાર કરી કાર્યવાહી કરતી પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ટીમ.

# કેસરિયા યૂથ ફેડરેશન દ્વારા મણિનગરના ઇસનપુરમાં નિ:શુલ્ક છાશ વિતરણ સેવાકીય કેમ્પ યોજાયો



(એજન્સી) અમદાવાદ । તા. 21

કાળઝાળ ગરમીમાં બપોરના સમયે રાહદારીઓને લુ ના લાગે અને શારીરિક તકલીફોથી બચાવ માટે આ નિ:શુલ્ક છાસ વિતરણ સેવાકીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, કેસરીયા યુથ ફેડરેશન ના પ્રમુખ અને પૂર્વ AMTS સભ્ય, DRUCC સભ્ય શાર્દુલ દેસાઈ (શાહ) તથા કેસરીયા યુથ ફેડરેશનના સભ્યો શરદભાઈ પટેલ, રાકેશભાઈ મહેતા, નિશ્ચલભાઈ પટેલ, ધ્રુમિત ઠક્કર, દીપેશભાઈ સથવારા, જય દેસાઈ, પીનેશભાઈ પટેલ, નરેન્દ્રભાઈ શર્મા, તિલક શાહ, અંકીત સુરતી, નીરવ શાહ, ચિંતન પટેલ દ્વારા નિ:શુલ્ક છાસ વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યું. આ નિ:શુલ્ક છાસ વિતરણ સેવાકીય કેમ્પમાં ભારતીય જનતા પાર્ટી ઈસનપુર વોર્ડ માં પ્રમુખશ્રી રામકિશનભાઈ યાદવ, મહામંત્રીશ્રી જીગરભાઈ બારૈયા ઉપસ્થિત રહ્યા હતા. કેસરિયા યૂથ ફેડરેશન દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી કાળઝાળ ઉનાળાની ગરમીમાં રાહદારીઓ માટે નિ:શુલ્ક છાસ વિતરણ નો સેવાકીય કેમ્પ નું આયોજન કરવામાં આવે છે.

# દુનિયાનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કર્મ જો કોઇ હોય તો યજ્ઞ કર્મ છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

## રાયગઢના અગ્નિહોત્ર આશ્રમમાં છેલ્લા 90 વર્ષથી નિરંતર અગ્નિહોત્ર ઉપાસના ચાલે છે જેના 91માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતમાં યજ્ઞ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ




સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના રાયગઢ ખાતે યોજાયેલા અગ્નિષ્ટોમ મહાસોમયાગના ત્રીજા દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પધાર્યા હતા. અગ્નિહોત્ર આશ્રમ ખાતે 90 વર્ષથી નિત્ય નિરંતર ચાલતા અગ્નિષ્ટોમના 91 મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું કે, રાયગઢ ખાતે દાદા ચુનીલાલ અગ્નિહોત્રી દ્વારા પ્રારંભાયેલ અગ્નિષ્ટોમની પરંપરા ને ઋષિરાજ અગ્નિહોત્રી, યોગેન્દ્ર અગ્નિહોત્રી અને પુત્ર અગ્નેય અગ્નિહોત્રીએ એક મહાયજ્ઞને જીવંત રાખ્યો છે. આ યજ્ઞ આ યુગમાં અશ્વમેધ યજ્ઞ સમાન પવિત્ર છે. અગ્નિહોત્રની ઉપાસના સંયમ અને સાધનાની છે તેઓ પોતે નિત્ય અગ્નિસ્તોત્રનો પાઠ કરે છે, એમ કહીને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ભારતીય સંસ્કૃતિની પરંપરા યાદ કરતાં જણાવ્યું કે, ઋષિ યાજ્ઞવલ્કે સભા બોલાવી પ્રશ્ન કર્યો હતો કે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કર્મ કયું છે? જેના જવાબમાં ઋષિઓએ જણાવ્યું હતું કે, દુનિયાનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કર્મ જો કોઈ હોય તો યજ્ઞ કર્મ છે. વૈદિક સંસ્કૃતિમાં યજ્ઞના ત્રણ સિદ્ધાંત બતાવવામાં આવ્યા છે જેમાં દેવપૂજા, સંગીકરણ એટલે કે સંગઠન અને દાન. આપણા ઋષિઓ દ્વારા કરોડો વર્ષો પહેલાં એક પૂજા પદ્ધતિને પ્રતિપાદિત કરવામાં આવી હતી. જે યજ્ઞ પદ્ધતિ હતી. બાકીની પદ્ધતિઓ મહાભારત કાળ બાદની છે. રામાયણ કાળમાં યજ્ઞોને બચાવવા માટે વિશ્વામિત્ર ઋષિએ રાજા દશરથ પાસેથી ભગવાન રામ અને લક્ષ્મણને પોતાની મદદ માટે માગ્યા હતા. વધુમાં તેમને જણાવ્યું હતું કે, પ્રાચીન સંસ્કૃતિમાં અનેક મત મતાંતર હોવા છતાં બે વિચારધારાઓને માન્યતા આપવામાં આવી હતી, આર્ય અને દ્રશ્યુ. આપણે મનુષ્યજીવન ધારણ કર્યું છે ત્યારે અગ્નિસ્તોત્રમાં આધ્યાત્મિક અને ભૌતિક જીવન વિશે જણાવવામાં આવ્યું છે. અગ્નિ પ્રતિક છે, જે લોકો દરરોજ અગ્નિ સ્તોત્રનો પાઠ કરે છે તેમને આધ્યાત્મિક શક્તિ મળે છે. તેમણે જણાવ્યું કે, તેઓ ૧૨ ઓગસ્ટ, ૨૦૧૫માં હિમાચલ પ્રદેશના ગવર્નર બન્યા ત્યારે રાજભવન પહોંચ્યા ત્યાં અંગ્રેજોના સમયનો રાજભવન હોવાથી પાર્ટી માટેનું સ્થળ હતું.

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં દ્વિતીય તબક્કાનું સ્ટાફ રેન્ડમાઈઝેશન યોજાયું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં અમદાવાદ જિલ્લાની લોકસભા બેઠકો હેઠળ સમાવિષ્ટ વિધાનસભા વિસ્તારોમાં ચૂંટણી કામગીરી માટે સ્ટાફનું બીજા તબક્કાનું રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લાની 21 વિધાનસભા બેઠકોમાં 5459 મતદાન મથકો પર આગામી તારીખ 7મી મેના રોજ લોકસભા ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. બીજા તબક્કાના સ્ટાફ રેન્ડમાઈઝેશનમાં અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર પુનિત યાદવ, અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ચૂંટણી નિરીક્ષક અભિનવ ચંદ્રા, ગાંધીનગર લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર વિનય કુમાર, ખેડા લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર શશી પ્રકાશ ઝા, ૭-અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, નિવાસી અધિક કલેક્ટર અને ચૂંટણી સ્ટાફના નોડલ અધિકારી સુધીર પટેલ, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામ-વિશાખાપટ્ટનમ અને ઓખા-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

(એજન્સી) અમદાવાદ । તા. 21

દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ ડિવિઝન પર કાઝીપેટ-વિજયવાડા સેક્શનમાં નોન ઈન્ટરલોકિંગ કામ ને કારણે ગાંધીધામ - વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ અને ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રુટ પર દોડશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

1. 28 એપ્રીલ, 5 અને 19 મે ના રોજ ગાંધીધામ થી ચાલતી ટ્રેન નં 20804 ગાધીધામ - વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વર્ધા - બડનેરા - બલ્લારશાહ - વિજયવાડા - વિશાખાપટ્ટનમ ના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા વર્ધા - નાગપુર - રાયપુર - ટિટિલાગઢ - રાયગઢ - વિજયનગરમ - વિશાખાપટ્ટનમ ના માર્ગ પર દોડશે. આ ટ્રેન ચંદ્રપુર-બલ્હારશાહ - સિરપુર કાગઝનગર - રામગુંડમ - વારંગલ - ખમ્મમ - વિજયવાડા - એલુરુ - રાજમડ્રી - સામલકોટ - દુવ્વાડા સ્ટેશનો પર નહીં જાય.

2. 2, 9 અને 16 મે ના રોજ વિશાખાપટ્ટનમ થી ચાલતી ટ્રેન નં 20803 વિશાખાપટ્ટનમ - ગાધીધામ એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વિશાખાપટ્ટનમ - વિજયવાડા - બલ્હારશાહ - બડનેરા - વર્ધા ના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા વિશાખાપટ્ટનમ - વિજયનગરમ - રાયગઢ - ટિટલાગઢ - રાયપુર - નાગપુર - વર્ધા ના માર્ગ પર દોડશે. આ ટ્રેન દુવ્વાડા - સામલકોટ - રાજમુડ્રી - એલુરુ - વિજયવાડા - ખમ્મમ - વારંગલ - રામગુંડમ - સિરપુર કાગઝનગર - બલ્હારશાહ - ચંદ્રપુર સ્ટેશનો પર નહીં જાય.

3. 1, 8 અને 15 મે ના રોજ ઓખા થી ચાલતી ટ્રેન નં 20820 ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વર્ધા - બલ્હારશાહ - વિજયવાડા - વિશાખાપટ્ટનમ - ખુર્દા રોડ ના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા વર્ધા - નાગપુર - રાયપુર - ટિટિલાગઢ - રાયગઢ - વિજયનગરમ - ખુર્દા રોડ ના માર્ગ પર દોડશે. આ ટ્રેન ચંદ્રપુર -બલ્હારશાહ - સિરપુર કાગઝનગર - મંચિર્યાલ - રામગુંડમ - વારંગલ - વિજયવાડા - એલુરુ - રાજામુડ્રી - સામલકોટ - અનકાપલ્લી -વિશાખાપટ્ટનમ

# મહીસાગર જિલ્લાનું ભવિષ્ય એવા સ્કૂલોના બાળકોના સ્વથ્ય સાથે આરોગ્ય વિભાગના ચેડા

## જિલ્લાની 1542 શાળામાં જઈને અંદાજે,99500 બાળકોનું HB ટેસ્ટની ખોટી એન્ટ્રીઓની વિગતો સામે આવી

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જિલ્લાના બાળકોને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ઘોર અન્યાય કરવામાં આવ્યો છે આરોગ્ય વિભાગ મહીસાગર એટલે જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સેન્ટરો દ્વારા વર્ષમાં ચાર વાર શાળાના બાળકોની તપાસણી કરવામાં આવે છે જે બાદ તમામ વિગત આરોગ્ય વિભાગ દ્વારા સરકારની વેબસાઈટ પર એન્ટ્રીઓ કરવાની હોય છે પરંતુ આ એન્ટ્રીઓ ખોટી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આરોગ્ય વિભાગના આંકડા મુજબ મહીસાગર જિલ્લાની 1542 શાળામાં જઈને અંદાજે,99500 બાળકોના હિમોગ્લોબીન (HB) તપાસ કરેલ છે તેવું બતાવવામાં આવે છે વધુમાં 28500- ગંભીર એનીમિયા અને 24000/- એનીમિયા છે તેવું બતાવવામાં આવેલ છે. સદર આંકડા આરોગ્ય વિભાગના બતાવ્યા મુજબના છે જ્યારે

### સાડા ત્રણ મહિનામાં 40 થી 45 દિવસ સ્કૂલોમાં રજા તો 1 લાખ 77 બાળકો તપાસ્યા કેમના?

15 મી સપ્ટેમ્બરથી 15 ડિસેમ્બર 2023 સુધુમાં જિલ્લામાં 1 લાખ 77 હજારની આસપાસ બાળકોને તપાસવામાં આવ્યા છે જેમ HB ના 99 હજાર જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા છે ત્યારે આ દરમ્યાન શાળાઓમાં દિવાળી વેકેશન,નવરાત્રી તેમજ રવિવાર સહિત અન્ય 40 થી 45 રજાઓ હતી તો આ દરમ્યાન એટલા બધા બાળકો તપાસ્યા કેમના એ મોટો સવાલ છે.

મહીસાગર જિલ્લામાં કુપોષિત બાળકોનું પ્રમાણ અન્ય જિલ્લા કરતા ખૂબ ઊંચું છે. તેમની સાથે ગોર અન્યાય કરવામાં. આવી રહ્યો છે અને બાળકોના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવી રહે છે. તે ખૂબ જ ગંભીર બાબત છે આ બાબતે મહીસાગરની તમામ શાળાઓ માંથી માહિતી માગતા મોટાભાગની શાળાઓ દ્વારા (HB) ની તપાસ કરવામાં આવેલ નથી તેવી માહિતી આપેલ છે તેનો સીધો મતલબ છે કે મહીસાગર જિલ્લાના P. H. C ના કર્મચારીઓ શાળાઓમાં ગયા વગર અને બાળકોની કોઈપણ પ્રકારની તપાસણી કર્યા સિવાય ખોટી માહિતી સરકારની વેબસાઈટ પર ખોટી એન્ટ્રી કરી દીધી છે. તપાસણી માટે જવા આવવાનો ખર્ચ તેમજ સદર તપાસ માટેની કીટો ની ખરીદી અને સદર કીટો હાલ ક્યાં છે કે પછી કોઈ એજન્સીને વેચી નાખી છે તે પણ એ તપાસનો વિષય છે આવી ખોટી તપાસણી બતાવી સરકારના લાખો રૂપિયાનો ખર્ચ બતાવવામાં આવે છે અને તપાસ કર્યા વગર જ તપાસના દિવસોમાં નોકરી બતાવવામાં આવી છે તેવી ઘણી જ બાબતે ગંભીર બેદરકારી અંગે જિલ્લા આરોગ્ય વિભાગ ને જાણ હોવા છતાં રાજ્યમાં ટોપ 5 માં નંબર મેળવવા માટે આંખ આડા કાન કરકામાં આવ્યા છે. જાગૃત અરજદાર દ્વારા ઊંડાણપૂર્વક ન્યાયિક અને તટસ્થ તપાસ કરવામાં આવે અને મહીસાગર જિલ્લાના બાળકોને ન્યાય અપાવવામાં આવે અને સદર બાબતે ખોટું કરવામાં લાગતા વળગતા અધિકારીઓ સામે કાયદેસર પગલા ભરવામાં આવે તેવી મારી ઉગ્ર માગણી સાથે મુખ્ય મંત્રી ,આરોગ્ય મંત્રી, જિલ્લા બાળ સુરક્ષા વિભાગ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ અરજી કરવામાં આવી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## અત્યાર સુધી 5 પકડાયા, પોન્ઝી સ્કીમ માટે 10થી વધુ કંપની બનાવી એક વર્ષથી ફરાર આરોપી પત્નીના બર્થડે પર આવતા ધરપકડ

# 46 લોકો સાથે 3.74 કરોડની ચીટિંગમાં ફિલ્મ પ્રોડ્યુસર પ્રદીપ ઝડપાયો

(એજન્સી) સુરત | તા.21

પાલમાં રહેતો અને અનેક ગુજરાતી, પંજાબી તેમજ મરાઠી ફિલ્મોનો પ્રોડ્યુસર પ્રદીપ ઉર્ફે મુન્ના વિદ્યાધર શુકલા(ઉ.વ. 44)ને પોન્ઝી સ્કીમમાં રોકાણના નામે 46 લોકો સાથે 3.74 કરોડની ચીટિંગ કરવા મામલે ઈકોસેલ ધરપકડ કરી હતી. એક વર્ષથી મુંબઈ અને અમદાવાદ ભાગતો ફરતો પ્રદીપ તેની પત્નીનો બર્થડે ઉજવવા આવતા ઈકોસેલે ઝડપી પાડ્યો હતો. આરોપી પ્રદીપ(રહે કિનારા હાઈટ્સ, ગ્રીનસિટી રોડ, પાલ, મૂળ હંડોર, યુપી)ને ઈકોસેલ શનિવારે કોર્ટમાં રજૂ કરતાં તેને કોર્ટે 6 દિવસના રિમાન્ડ આપ્યા છે. આ ગુનામાં અત્યાર સુધી 5 આરોપી ઝડપાયા છે. જ્યારે પ્રદીપનો પાર્ટનર ધનંજય હજુ ફરાર છે. પ્રદીપે નાડીદોષ ચાસણી અને રાડો જેવી બનાવી છે. રાડો ફ્લોપ જતા 16 કરોડનું નુકસાન થયાનું પોલીસ સમક્ષ તેણે રટણ કર્યું છે. તે મોટા રોકાણકારોને કમિશન પર કરોડો આપતો હતો. પ્રદીપ અને ટોળકીએ પોન્ઝી સ્કીમમાં રોકાણ માટે 10થી વધુ કંપની ઉભી કરી છે. જેની તપાસ કરાવવામાં આવે તો ચીટિંગનો આંકડો 500 કરોડને પાર જવાની શકયતા છે.

બે કંપનીઓમાં 102 કરોડનું રોકાણ કર્યું જેમાં 9 કરોડની રકમ સેબીએ સીઝડ કરી હતી. પ્રદીપની બે કંપનીઓ જે સેબીએ સીઝડ કરી છે એ બંને કંપનીમાં 102 કરોડનું રોકાણ કરેલું હતું. જે પૈકી સેબીએ 18 કરોડની રકમ સીઝડ કરી છે. જેમાંથી 9 કરોડ રિલીઝ કરી બાકીના 9 કરોડ સિક્યુરિટી પેટે સેબીએ રાખ્યા છે. સેબી પાસેથી સર્ટિફિકેટ ન લેતા બન્ને કંપનીઓ સીઝડ કરી હતી. જેમાં ભોપાળું સામે આવ્યું હતું. એક કંપની બંધ થાય એટલે પ્રદીપ બીજી કંપની ઊભી કરી દેતો હતો. પોલીસે ગાર્ડને કહ્યું સોનુ બહેનની બર્થડે છે, સરપ્રાઈઝ આપવાની છે કહી ઘરેથી આરોપીને દબોચી લીધો પ્રદીપની પત્નીનો શુક્રવારે જન્મદિવસ હતો. જન્મદિવસની ઉજવણી કરવા પતિ સુરત આવે તેવી માહિતી હતી. ઈકો સેલના એએસઆઈ સાગરપ્રધાને સંબંધી બની ગિફ્ટ લઈ ત્યાં પહોંચી ગાર્ડને કહ્યું કે સોનુ બહેનની બર્થડે છે. ગિફ્ટ આપવાની છે. વળી ગાર્ડ ફ્લેટ હોલ્ડરને ઈન્ટરકોમથી જાણ કરે તો આરોપી ભાગી જાય તેમ હતું. આથી પોલીસે ગાર્ડને કહ્યું કે તેમને સરપ્રાઈઝ આપવાની છે એમ કહી ફ્લેટનો નંબર પૂછી ઘરે પહોંચી ગયા હતા. દરવાજો ખોલતા પોલીસે ગિફ્ટના બહાને રૂમમાં તપાસ કરતા આરોપી હાથમાં આવી ગયો હતો.

### કર્મીઓને કંપનીના ડાયરેક્ટર બનાવી દીધા

વેસુમાં ભાડેની ઓફિસમાં ફિલ્મ પ્રોડ્યુસરે બે લેભાગુ કંપનીઓ ખોલી 46 જણા પાસેથી 3.74 કરોડની રકમ પડાવી વેસુ વીઆઈપી રોડ પર એમ્બ્રોસીયા બિઝનેસ હબમાં ફિલ્મ પ્રોડ્યુસર પ્રદીપ ઉર્ફે મુન્નાએ ભાડેની ઓફિસ લીધી હતી. તેમાં કર્મચારીઓને પહેલા નોકરી પર રાખ્યા પછી ટ્રેડીંગ કંપનીના ડાયરેક્ટર બનાવી દીધા હતા. સુરતની ઓફિસે પ્રોડ્યુસર અવારનવાર આવતો અને રોકાણકારો સાથે બેઠક કરતો હતો. શરૂઆતમાં રોકાણકારોને શુકલ વેલ્થ એડવાઈઝરી અને શુકલ વેલ્થ ક્રિએટરમાં રોકાણ કરાવી ઊંચું વ્યાજની લાલચ આપી હતી. ઈકોસેલમાં શરૂઆતમાં 15 જણાએ 65 લાખની ચીટીંગની ફરિયાદ કરી.

**ન્યૂઝ કોર્નર**

### તપાસ:ચોરી, મારામારીના 3 આરોપી સામે પાસા

રાજકોટ | અવધના ઢાળ, આંબેડકરનગર આવાસના વિજય ઉર્ફે કાલી ઉર્ફે કાળિયો ત્રિભોવન સોલંકી, અલ્પેશ ઉર્ફે અપ્પુ ઉર્ફે અપુડો નરેશ મકવાણા અને કાલાવડ રોડ, ભીમનગરના આનંદ ઉર્ફે ભૂરો દિનેશ વાળા નામના ગુનેગારો યુનિવર્સિટી પોલીસ મથકમાં ચોરી તેમજ મારામારીના અનેક ગુનામાં પકડાઇ ચૂક્યાનું જાણવા મળ્યું હતું. જેથી યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઇ એન.આઇ.રાઠોડ સહિતના સ્ટાફે ત્રણેય ગુનેગારો સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલી આપી હતી.

### માયાણીનગર પાસે ક્રિકેટ સટ્ટો રમતો શખ્સ પકડાયો ...

રાજકોટ | શહેરના માયાણીનગર પાસે આવેલા બેકબોન શોપિંગ સેન્ટર પાસે આવેલી ચાની હોટેલ નજીક એક શખ્સ ક્રિકેટ સટ્ટો રમતો હોવાની માલવિયાનગર પોલીસ કોન્સ. જયદીપસિંહ ભટ્ટી, મયૂરદાન બાટીને માહિતી મળી હતી. જે માહિતીના આધારે તુરંત ત્યાં દોડી જઇ બાતમી મુજબના શખ્સને સકંજામાં લીધો હતો. પૂછપરછમાં તે મૂળ જૂનાગઢનો અને રાજકોટમાં ચંદ્રેશનગર શાક માર્કેટ પાસે રહેતો નીતિન હરસુખ રૂપારેલિયા હોવાનું જણાવ્યું હતું.

### વિધવા સાથે કોર્ટ મેરેજ કરનાર શખ્સ સામે દુષ્કર્મની ફરિયાદ

રાજકોટ | કોરોના સમયથી બોગસ ડોક્ટર, દવા ચોરી તેમજ દુષ્કર્મ જેવા ગંભીર બનાવોને અંજામ આપી વિવાદમાં આવેલા કુવાડવા રોડ વિસ્તારના કથિત ડોક્ટર સામે વધુ એક દુષ્કર્મની પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે. માધાપર ચોકડી પાસે રહેતી 27 વર્ષીય વિધવાએ કથિત ડોક્ટર, તેના પિતા, માતા અને બહેન સામે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. છેલ્લા ત્રણ મહિનાથી ભાડાના મકાનમાં રહેતી વિધવાની ફરિયાદ મુજબ, તેના પ્રથમ લગ્ન રીતિ-રિવાજ મુજબ થયા હતા. લગ્નજીવનમાં બે દીકરી છે.

# કોંગ્રેસનો 'સુરતી લોચો' : કુંભાણીનું ફોર્મ રદ

## ચારેય ટેકેદારો હાજર ન રહેતા ફોર્મ કેન્સલ, શક્તિસિંહે કહ્યું- હાઇકોર્ટમાં ઇલેક્શન પિટિશન કરીશું, ડ્રાફ્ટ તૈયાર...

(એજન્સી) સુરત | તા.21

સુરત લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મ સામે ભાજપ તરફથી વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. નિલેશ કુંભાણીના ટેકેદારો પૈકી ત્રણ ટેકેદારોએ એફિડેવિટ કરીને કહ્યું હતું કે, આ અમારી સિગ્નેચર નથી. જેને લઈને ભાજપ ઉમેદવાર મુકેશ દલાલના ચૂંટણી એજન્ટ દિનેશ જોધાણીએ વાંધો ઉઠાવ્યો હતો. તેમજ કુંભાણીએ ટેકેદારોનું અપહરણ થયું છે એ પણ જણાવ્યું હતું. ત્યારે આ મામલે ગઈકાલે નિલેશ કુંભાણીના 3 'ગાયબ' ટેકેદારો માટે HCમાં હેબિયસ કોર્પસ અને કલેક્ટરમાં ઉમેદવારી પત્ર રદના વિરોધમાં ત્રણ અરજી આપી હતી. ઉમેદવારી પત્ર રદના વિરોધમાં આજે કલેક્ટર સમક્ષ સુનાવણી થઈ હતી. આ સુનાવણી બાદ આખરે સુરત કલેક્ટર અને ચૂંટણી અધિકારીએ નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરી દેવામાં આવ્યું છે.

અમદાવાદમાં પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે કહ્યું હું કે, નિલેશ કુંભાણીએ તેના પર દબાણ હોવાની વાત મને કરી હતી. ફોર્મમાં અને અરજીમાં થયેલી ટેકેદારની સહીને FSLમાં મોકલવા માગ કરી છે. બંનેમાં થયેલી સહી એક જ વ્યક્તિઓની છે. ભાજપના ડરાવવાથી ટેકેદારો ફરી ગયા છે. કોંગ્રેસની લીગલ ટીમ હાઈકોર્ટમાં જશે. બી.એમ. માંગુકિયા અમદાવાદ આવા રવાના થયા છે. ગુજરાત હાઈકોર્ટમાં ઈલેક્શન પિટિશન દાખલ કરશે. ઈલેક્શન પિટિશન કરવા ડ્રાફ્ટ તૈયાર કરાયો છે. ફોર્મ રદ કરવાની જોગવાઈ કાયદામાં નથી. પુરુષોત્તમ રૂપાલાના કેસમાં અપક્ષ ઉમેદવારે વાંધો લીધો હતો. અમે કોઈપણ ઉમેદવાર સામે વાંધો નથી ઉઠાવ્યો. ફોર્મ રદ કરાવવા કરતા અમે જનતા દરબારમાં જવાનું પસંદ કરીશું.



### 'નિયમ પ્રમાણે ટેકેદારે કલેક્ટરની હાજરીમાં સહી કરવાની ન હોય'

બાબુ માંગુકિયાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, ફોર્મ સ્વીકારવું જ પડે અને 2022ની ચૂંટણીમાં આપના ઉમેદવારના કેસમાં આવો જ બનાવ બન્યો હતો. જેમાં રિટર્નિંગ ઓફિસરે ફોર્મ સ્વીકાર્યું હતું. ટેકેદારો કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં આવ્યા હતા પણ મર્યાદિત સંખ્યાને કારણે પોલીસે અંદર જવા દીધા નહોતા, જો તેમણે સાઈન ન જ કરી હોય તો કલેક્ટર કચેરીમાં આવે જ નહીં. નિયમ પ્રમાણે ટેકેદારે કલેક્ટરની હાજરીમાં સહી કરવાની ન હોય.

**'ડમી ઉમેદવાર મળતા નથી' :** આ ચારેયે મીડિયા સમક્ષ આવીને કહેવું જોઇએ કે અમારી સહી નથી અને આ અમારો સાળો ખોટું બોલે છે. મારી સહી જ નથી, પરંતુ આમ થતું નથી તેનો અર્થ એ થાય કે તેમનું અપહરણ થયું છે. તેમને એવી જગ્યાએ રાખી બોલાવી લેવામાં આવ્યું છે કે, અમે સહી કરી નથી.
જો મારો સગો બનેવી ન મળી શકતો હોય, બીજા મારા ભાગીદાર મળી શકતા ન હોય, બીજા મારા ખાસ ટેકેદાર મળી શકતા ન હોય. તમારા શહેરમાં કાયદાની સ્થિતિ આનાથી ગંભીર ક્યારેય હોઇ શકે નહીં. અને જો અપહરણ થઈ જાય અને લોકસભાના ઉમેદવારનું ફોર્મ રદ થઈ જાય અને તમે મૂક પ્રેક્ષક બની રહો છો તો એનો અર્થ એ થાય કે તમે ષડ્યંત્રકારી છો.

### હાઈકોર્ટમાં અરજન્ટ સુનાવણીની અપીલ કરી હતી

નિલેશ કુંભાણી મામલે કોંગ્રેસ હાઈકોર્ટ એડવોકેટ બાબુ માંગુકિયાએ પત્રકાર પરિષદ યોજીને જાણકારી આપી હતી. તેઓના જણાવ્યા મુજબ HCમાં હેબિયસ કોર્પસ માટે હાઈકોર્ટમાં અરજન્ટ સુનાવણીની અપીલ કરી હતી. કલેક્ટરમાં ઉમેદવારી પત્ર રદના વિરોધમાં ત્રણ અરજી આપી હતી. ટેકેદાર દ્વારા કરાયેલા આક્ષેપ અંગે ત્રણ અરજી કરાઈ હતી. આજે એની સુનાવણી છે. ત્રણ ટેકેદારોએ જે સહી કરી તે તેઓની હાજરીમાં કરવામાં આવી હતી. ત્રણેય ટેકેદારોને કલેક્ટર કચેરીમાં હાજર કરી ઊલટ તપાસ કરાશે. આ લોકશાહીનું અપહરણ નહીં પરંતુ હત્યા છે. ડરાવી, ધમકાવી, લોભ-લાલચ આપી ફોર્મમાં સહી ખોટી હોવાનું કહેવડાવ્યું છે.

# 'લાઈટ, ડ્રેનેજ, રોડ નહીં તો વોટ નહીં'

## વડોદરામાં કારેલીબાગ સોસાયટીના રહીશોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી, પોસ્ટરો લગાવી વિરોધ નોંધાવ્યો...

(એજન્સી) વડોદરા| તા.21

લોકસભાની ચૂંટણી માથા પર છે અને શહેરમાં સુવિધાઓ ન મળતી હોવાથી પ્રજાજનો હવે બહાર આવી રહ્યા છે. એક તરફ ક્ષત્રિય સમાજનું આંદોલન અને બીજી તરફ રહીશોને સુવિધાઓ ન મળતા કકળાટ જોવા મળી રહ્યો છે. વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલ રણછોડ પાર્ક સોસાયટીના રહીશો દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો અને તેઓએ જણાવ્યું હતું કે, વર્ષોથી અમે અહીંયા રહીએ છીએ, ડ્રેનેજનો પહેલેથી જ પ્રોબ્લેમ છે, રોડ સરખા નથી અને હવે લાઈટ પણ યોગ્ય રીતે મળતી નથી. જેને લઈ સોસાયટીના નાકે પોસ્ટર બેનર લગાવી 'કામ નહીં તો વોટ નહીં'ની ચીમકી ઉચ્ચારી છે. વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલ રણછોડ પાર્ક સોસાયટી સહિત આસપાસની કેટલીય સોસાયટીઓમાં છેલ્લા ત્રણ દિવસથી લાઈટ અનિયમિત હોવાનું સ્થાનિકો દ્વારા અવારનવાર રજૂઆત કરવામાં આવી છે. વર્ષોથી અમે અહીંયા રહીએ છીએ છતાં પણ ડ્રેનેજ રોડ રસ્તાની સુવિધા યોગ્ય મળી નથી અને હવે લાઈટ પણ અનિયમિત રહે છે. જેથી આવનાર લોકસભાની ચૂંટણીનો અમે બહિષ્કાર કરીએ છીએ અને કામ નહીં તો વોટ નહીંની ચીમકી ઉચ્ચારી છે. મોટી સંખ્યામાં આસપાસના સોસાયટીના સ્થાનિકો ભેગા થઈને વિરોધ નોંધાવ્યો હતો. આ અંગે કરમજીતસિંગે જણાવ્યું હતું કે, હું છેલ્લા 40 વર્ષથી અહીંયા રહું છું અને અહીંયા કોઈ ડ્રેનેજનું કામ થયું નથી. બારેમાસ ગટર અહીંયા ઉભરાય છે. વારંવાર અધિકારીઓને રજૂઆત કરવામાં આવે છે છતાં પણ તેનું નિરાકરણ આવતું નથી. સાથે જ પાણીનો અહીંયા ખૂબ જ ત્રાસ છે. રણછોડ પાર્ક સોસાયટીમાં 69 મકાન આવેલા છે.




આ અંગે સ્થાનિક મનીષાબેન ચિરાગકુમાર સુથારે જણાવ્યું હતું કે, અમે કારેલીબાગમાં આવેલી રણછોડ પાર્ક સોસાયટીમાં રહીએ છીએ. અહીંયા પાણીનો પ્રશ્ન છે. સાથે જ છેલ્લા બે ત્રણ દિવસથી વારંવાર લાઈટ કાપ જોવા મળી રહ્યો છે, હાલમાં વિદ્યાર્થીઓની પરીક્ષાઓ ચાલી રહી છે.

# કુંભારિયામાં 70 ફૂટ વિક્રેતાને ત્યાં ફૂડ વિભાગના દરોડા, કેરી સહિત 270 કિલો ફળોનો નાશ કરાયો

સુરત | પાલિકાના ફૂડ ખાતાના ફૂડ સેફ્ટી ઓફિસરોએ શનિવારે સવારથી પુણા કુંભારિયાની મહાત્મા ગાંધી (એમ.જી.) માર્કેટ અને નજીકમાં જ કુંભાલની સત્યમ ફ્રૂટ માર્કેટમાં આવેલા 70 ફ્રૂટ વિક્રેતાઓને ત્યાં આકસ્મિક ચેકિંગ હાથ ધર્યું હતું. જે પૈકી 56 સંસ્થાઓમાં ગંદકી અને અનહાઈજેનિક ફળફળાદી રખાયા હોવાનું જણાતા આરોગ્યલક્ષી નોટિસ ફટકારાઈ છે તેમજ રૂપિયા 26 હજારનો વહીવટી ચાર્જની વસૂલાત કરાઈ છે. કેરી સહિતના ફળફળાદી 270 કિલો અખાદ્ય જણાતા નાશ કરાયો છે તેમજ ઈથિલીનના પેકેટો કેરી-ફ્રૂટ પકવવા ઉપયોગમાં લેવાતાં હોવાની ગંભીર બાબત પણ ઉજાગર થતાં ઈથિલીનના 50થી વધુ પેકેટોનો પણ નાશ કરવામાં આવ્યો છે. કાર્બાઈડને સ્થાને સસ્તું ઈથિલીનનો માર્કેટોમાં ફળફળાદી પકવવા બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. કેરીમાંથી ઈથિલીનના પેકેટો પણ મળ્યા હતાં તેમ ચીફ ફૂડ ઈન્સ્પેક્ટર સાલુંકેએ જણાવ્યું હતું. ઈથિલીન શરીરમાં જાય તો પેટના રોગો થઈ શકે છે. ઈથિલીન બી. ત્વચાને સ્પર્શ થતાં જ ખંજવાળ પેદા કરે છે.

# કરફ્યૂ જેવો માહોલ : શિનોર પંથકમાં ગરમીના કારણે બપોરે 12 વાગે કરફ્યૂ જેવો માહોલ

(એજન્સી) શિનોર | તા21

શિનોર પંથકમાં કાળઝાળ ગરમીના કારણે બપોરના બજાર, બસ સ્ટેન્ડ અને તમામ કચેરીમાં કોઈ જોવા ના મળતા સૂમસામ ભાષે છે. ગરમીથી બચવા લોકો હવે ઘરમાં એ.સી. અને પંખાના સહારે ઘરમાં જ પુરાઈ રહે છે. જ્યારે દુકાનોમાં પણ વેપારીઓ આરામ ફરમાવતા જોવા મળી રહ્યા છે. ઉનાળામાં ગરમીની સીઝન ચાલુ થઈ જતાં સૂરજદાદા અગન ગોળા વરસાવી રહ્યા હોય તેમ સવારના 9 વાગ્યાથી જ ગરમીનો અહેસાસ થાય છે. લોકો સવારથી જ પોતાના કામે લાગી 11 વાગ્યા સુધી કામ પતાવી લોકો ઘરમાં રહેવાનું પસંદ કરે છે. ખેડૂતો પણ પોતાના ખેતરમાં વહેલી સવારે કામ પતાવી દે છે. જ્યારે ગૃહિણીઓ પણ બજારની ખરીદી સવારે તાજા શાકભાજી રોજીંદી ઘર વખરીની ખરીદી કરી લે છે. 12 વાગ્યા પછી તો ગામના ચોળા, બજારો, બસ સ્ટેન્ડ સુમ સામ ભાસે છે. તેમજ સરકારી કચેરી માં પણ કામ અર્થે જવાનું ટાળી દે છે. અને લોકો ઘરમાં એ.સી. અને પંખાના સહારે ગરમીથી બચવા ઘરમાં જ પુરાઈ રહે છે. બપોરના દુકાનદારો પણ ગ્રાહકો આવતા ના હોય પોતાની દુકાનમાં આરામ દેખાઈ રહ્યા છે.

# ત્રણ અકસ્માતમાં 3ના મોત: માસાની અંતિમ વિધીમાં જતા યુવકનું બાઈકની અડફેટે મોત

(એજન્સી) સુરત | તા.21

શહેરમાં અકસ્માતના અલગ અલગ ત્રણ બનાવમાં ત્રણ વ્યક્તિના મોત નીપજ્યા છે. ભેસ્તાન શશીરૂપ હોમ્સ ખાતે રહેતા 41 વર્ષીય હિતેશ મહેશચંદ્ર ખત્રી એકાઉન્ટનું કામ કરતા હતા. શુક્રવારે તેમના માસાનું અવસાન થયું હોવાથી તેઓ અંતિમ વિધી માટે સ્મશાન જવા બાઈક પર નીકળ્યા હતા. તેઓ પિપલોદ એસવીએનઆઈટી સર્કલ પાસેથી પસાર થતા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે અડફેટમાં લઈ લેતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. બીજા બનાવમાં ગોડાદરા ખોડીયાર નગર-1 ખાતે રહેતા પ્રદિપકુમાર મિશ્રા કાપડનુ યુનિટ ચલાવે છે. તેમનો 23 વર્ષીય પુત્ર વિશાલ તેમને કારખાનામાં મદદરૂપ થતો હતો. શુક્રવારે બપોરે વિશાલ ઈ-બાઈક લઈ સચિન જીઆઈડીસી તલંગપુર રોડ ગજેરા સ્કૂલ નજીક મોર્યા




ફેશનની સામેથી પસાર થતો હતો. ત્યારે પુરપાટ ઝડપે પસાર થતા એક ડમ્પરચાલકે તેને અડફેટમાં લઈ લીધો હતો. અકસ્માત બાદ ચાલક ડમ્પર ઘટના સ્થળે છોડી નાસી છૂટ્યો હતો. સચિન જીઆઈડીસી પોલીસે ચાલક સામે ગુનો નોંધ્યો છે.

# સજા:15 વર્ષની કિશોરી સાથે રેપ કરનારને 20 વર્ષની સજા

(એજન્સી) સુરત | તા.21

સચિનના કનકપુર ખાતે રહેતી 15 વર્ષની કિશોરીને ભગાડી જઈ તેની સાથે બળાત્કાર ગુજારનારા 21 વર્ષીય આરોપીને કોર્ટે 20 વર્ષની સજાનો હુકમ કર્યો હતો. સરકાર પક્ષે એપીપી દિપેશ દવેએ દલીલો કરી હતી કે, આરોપીને હળવી સજા કરી શકાય નહીં. કેસની વિગત મુજબ, ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે રહેતી કિશોરી સુરત ખાતે પોતાના બહેન-બનેવીને ત્યાં રહેવા આવી હતી. દરમિયાન ઘર નજીક જ રહેતા આરોપી વિનોદકુમાર ભરતીયા સાથે મિત્રતા થઈ હતી અને આરોપી સગીરા સાથે મિત્રતા કર્યા બાદ તેનું અપહરણ કરીને લઈ ગયો હતો અને



કિશોરી સાથે એકથી વધુવાર બળાત્કાર ગુજાર્યો હતો. બીજી તરફ કિશોરી ઘરે નહીં દેખાતા પરિજનોએ તેની શોધખોળ આદરી હતી અને અંતે પોલીસ ફરિયાદ કરતા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીને 20 વર્ષની સજાનો હુકમ કરાયો હતો. જ્યારે પીડીતાને રૂ. 2 લાખ આપવાનો પણ હુકમમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

**બ્રેકિંગ ન્યૂઝ**

### અકસ્માત:આટકોટમાં બાઈક દીવાલ સાથે અથડાયું, ચાલકનું મોત

આટકોટ | આટકોટના જસદણ રોડ પર પેટ્રોલ પંપ પાસેથી પસાર થતા બાઈક ચાલકે વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો અને કોઈ કારણોસર બાઈક સીધું દીવાલ સાથે અફળાયું હતું અને આધેડ ચાલક નીચે પટકાતાં માથામાં ગંભીર ઈજા પહોંચી હતી જે જીવલેણ નીવડી હતી અને સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આટકોટ જસદણ રોડ ઉપર રાત્રિના સમયે જસદણ તરફથી આવતા ભગવાનભાઈ રાવતભાઈ ડાંગર ઉંમર વર્ષ 50 માતાજીના માંડવામાંથી આટકોટ તરફ આવતા હોય પેટ્રોલ પંપ પાસે બાઈક સ્લીપ થયું હતું .

### 'તારે દુકાનના માલિક સાથે લફરું છે', કહી પતિએ પત્નીને ફટકારી

રાજકોટ | શહેરના નવા થોરાળા, આરાધના સોસાયટીમાં આઠ મહિનાથી માવતરે રહેતી મનીષા નામની પરિણીતાએ તાલાલાના બોરવાવ ગામે રહેતા પતિ રવિ બાલુભાઈ ટાંક, સાસુ શારદાબેન અને નણંદ કાજલબેન સામે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પિયરમાં ઈમિટેશનનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવતી પરિણીતાની ફરિયાદ મુજબ, રવિ સાથે તેના અઢી વર્ષ પહેલા કોર્ટ મેરેજ અને ત્યાર બાદ સમૂહ લગ્નમાં લગ્ન થયા છે. લગ્ન બાદ પાંચ દિવસ સાસરે રહ્યાં બાદ પતિ અમદાવાદ નોકરી કરતા હોય બે મહિના ત્યાં રહ્યાં હતા.

## અમદાવાદ જતો દારૂ અટક્યો: એક શખસની અટકાયત કરી

# વડોદરા ગ્રામ્ય LCBએ વાપીથી ટેન્કરમાં ભરીને જવાતો 45 લાખના દારૂ ઝડપાયો

(એજન્સી) વડોદરા | તા.21

લોકસભા ચૂંટણીનું કાઉનડાઉન શરૂ થતું છે, પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે, ત્યારે ગેરકાયદેસર ભારતીય બનાવટની વિદેશી દારૂની રેલમછેલ ન થાય તે માટે જિલ્લા પોલીસ તંત્ર એલર્ટ બન્યું છે. વડોદરા ગ્રામ્ય LCB ટીમે બાતમીના આધારે વાપીથી અમદાવાદ તરફ જતું શંકાસ્પદ ટેન્કરને ઝડપી તપાસ કરતા ભારતીય બનાવટનો 45 લાખથી વધુનો મુદ્દામાલ સાથે એક ઈસમની અટકાયત કરી છે. ગઈકાલની સાંજના પોલીસ સ્ટાફના માણસો મંજુસર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. આ દરમિયાન LCB ટીમને ચોક્કસ બાતમી મળી કે, એક ટેન્કરમાં વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરીને વાપીથી વલસાડ, સુરત, ભરૂચ વડોદરા થઈ અમદાવાદ તરફ જવાનો છે. જે આધારે LCB ટીમ મંજુસર પો.સ્ટે.ની હદના આજોડ ગામની સીમમાં આવેલા એક્સપ્રેસ-વેના ટોલનાકા ઉપર વડોદરાથી અમદાવાદ તરફ જતી ટેન્કરની વોચમાં હતા.તે દરમિયાન બાતમીવાળું ટેન્કર આવતા તેને સાઈડમાં લેવડાવી તપાસ કરતા કેબીનમાં ડ્રાઈવર એકલો હતો. તેને નીચે ઉતારી તેનું નામઠામ પૂછતાં તેણે પોતાનું નામ ખીયારામ મંગારામ જાટ (રહે. લખવારા તા.ચોટણ જી.બાડમેર, રાજસ્થાન)નો હોવાનું જણાવ્યું હતું. બાદમાં વિશ્વાસમાં લઈ ટેન્કરમાં ચેક કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરેલો હતો. આ ટેન્કરમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ પેટી નંગ- 958 જેમાં કુલ બોટલ નંગ 29,856 જેની કિંમત રૂપિયા 45,98,400 સાથે કુલ મળી રૂપિયા 61,03,400ના મુદ્દામાલ સાથે ટેન્કર ચાલકની ધરપકડ કરી હતી.

## મહિલા તબીબને 1.77 કરોડના મની લોન્ડરિંગમાં ડિજીટલ એરેસ્ટ કરી રૂપિયા પડાવવાનો પ્રયાસ

# મુંબઇ પોલીસ અને CBIના નામે ફોન કરી ધમકી આપી

(એજન્સી) સુરત | તા.21

સિટીલાઇટની મહિલા તબીબને મુંબઇ પોલીસ અને સીબીઆઇના નામે કોલ કરી તમારા કેનરા બેંકના ખાતામાંથી 1.77 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના ટ્રાન્ઝેકશન થયાનું જણાવી ડરાવી હતી અને ડિજીટલ એરેસ્ટ કરી રૂપિયા પડાવવાની કોશિશ કરી માનસિક ત્રાસ આપ્યો હતો. મહિલા તબીબને શંકા જતા તેણે ટોળકી વિરુદ્ધ ઉમરા પોલીસમાં અરજી આપી હતી. વધુમાં મહિલા તબીબને કોલ કરી ઠગ ટોળકીની એક મહિલાએ જણાવ્યું કે' બે કલાક માટે તમારા બધાં ફોન બ્લોક કરવામાં આવશે. 'આથી મહિલા તબીબે કહ્યું કે મારો ફોન કેમ બ્લોક કરો છો? ત્યારે મહિલાએ કહ્યું કે 'તમારા નામે બીજે નંબર છે જેના પર ફરિયાદો આવી છે.' આથી મહિલા તબીબને જે નંબર આપ્યો તે પોતાનો ન હોવાની વાત કરી હતી. એટલામાં બીજા ઓફિસર સાથે વાત કરાવી પછી તેણે મહિલા તબીબને તેની વિરુદ્ધ 24 ફરિયાદ મુંબઈ પોલીસમાં થઈ હોવાની વાત કરી હતી. મહિલા તબીબને વિશ્વાસ બેસે તે માટે FIRનો નંબર પણ મોકલ્યો હતો. મહિલા તબીબે ઓફિસરને કહ્યું કે' હું મુંબઈ કોવિડ પહેલા આવી હતી. ત્યાર પછી હું મુંબઈ આવી નથી અને મારું કોઈ સબંધી મુંબઈમાં રહેતું નથી.' પછી આધાર કાર્ડ માગ્યો પછી ઈમેલ પર વેરિફિકેશન કરવાની વાત કરી હતી. આટલું થયા પછી પર મહિલા તબીબને કહ્યું કે તમારા પર રૂ. 1.77 કરોડનો મની લોડિંગનો કેસ છે. ઓનલાઈન ધરપકડની વાત કરી મહિલા તબીબને રૂમમાંથી બહાર ન નીકળવા કહી પૂછપરછ કરી હતી એટલું જ નહીં ઠગ ટોળકીએ પોલીસના નામે મહિલા તબીબને ધમકાવી પણ હતી.

**મહિલા વિરુદ્ધ મુંબઈમાં 24 ફરિયાદ થયાનું જણાવી ટોળકીએ FIR નંબર મોકલ્યો સિટીલાઇટની મહિલા તબીબને મુંબઈ પોલીસ અને CBIના નામે ફોન કરી ડરાવી**




મહિલા તબીબને સીબીઆઈના અધિકારી બનીને પણ પૂછપરછ કરી હતી. મહિલા તબીબની સાથે તેમના પિતા પણ ગભરાઈ ગયા હતા. છેવટે મહિલા તબીબે ઓળખીતાની મદદ લઈ તાત્કાલિક બેંક ખાતાબ્લોક કરાવ્યા હતા. આ બાબતે સાયબર ક્રાઈમના ટોલ ફ્રી નંબર 1930 પણ ફરિયાદ કરી હતી. મહિલા તબીબે ઉમરા પોલીસમાં અરજી આપતા તેની તપાસ સાયબર ક્રાઈમને સોંપાઈ છે. ઉલ્લેખનીય છેકે આ પૂર્વે ભટારના કેમિકલ વેપારીને પણ ડિજીટલ એરેસ્ટ કરવાનો પ્રયાસ કરાયો હતો.

## ખેડૂતવાસમાં જૂની અદાવતે યુવાનને છરીના ઘા ઝીંકાયા

(એજન્સી) ભાવનગર | તા.21

શહેરના ખેડૂતવાસ વિસ્તારમાં એક યુવાનને જૂની અદાવતની દાઝ રાખી ઢીકાપાટું અને છરીથી માર મારી જાનથી મારી નાંખવા ધમકી આપવામાં આવી હતી.આ બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ખેડૂતવાસ, મેલડી માતાજીની ધાર, બાલુભાઈ ટાયરવાળાની બાજુમાં રહેતા ધર્મેશભાઈ ઉર્ફે ધરૂ કાંતિભાઈ મકવાણા (ઉ.વ.૨૪)ને ઘરથી થોડે દૂર રહેતા સજુબેન વિપુલભાઈ સાથે ફોન પર બોલાચાલી થઈ હતી. જે બાબતની દાઝ રાખી ગઈકાલે શુક્રવારે રાત્રિના સમયે યુવાન તેના ઘર પાસે બાઈક ઉપર બેઠો હતો. ત્યારે વિપુલ બાલાભાઈ અને સજુબેન વિપુલભાઈએ આવી ગાળો દઈ બોલાચાલી કરી હતી. ત્યારબાદ વિપુલ અને તેનો સાળો જીગર લાખાભાઈ રાઠોડ તેમજ બે અજાણ્યા શખ્સે ઈંટ, છરી, લાકડાના ધોકા લઈ આવી આજ તો તારી હવા કાઢી નાંખવી છે તેમ કહીં ઢીકાપાટુંથી આડેધડ માર મારી હાથના ભાગે છરીથી હુમલો કરી જાનથી મારી નાંખવા ધમકી આપી હતી. બનાવ અંગે ધર્મેશભાઈ મકવાણાએ મહિલા, સાળા-બનેવી અને બે અજાણ્યા શખ્સ સામે ઘોઘારોડ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ અને જીપીએ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ન્યુઝ ફ્લેશ

### પોલીસ ચોકીઓ કાંસ અને ડ્રેનેજ લાઇન પર જોખમી રીતે ઉભી છે !

નડિયાદ | નડિયાદ શહેરમાં ટાઉન અને પશ્ચિમ પોલીસના હસ્તક આવતી અડધો ડઝન જેટલી પોલીસ ચોકીઓ કાંસ અને ગરનાળા સહિત ડ્રેનેજની લાઈન પર આવેલી છે. આ પ્રકારના કાંસ અને ડ્રેનેજ લાઈન પર ચોકીઓ હોવાથી ગમે ત્યારે અકસ્માત થાય તેવી ભીંતી છે. નડિયાદ નગરપાલિકા પણ જાણે પોલીસ વિભાગનો કોઈ અકસ્માત થાય તેની રાહ જોતી હોય તેમ આ અંગે કોઈ યોગ્ય કાર્યવાહી કરાઈ નથી. નડિયાદમાં ટાઉન હદ વિસ્તારમાં સંતરામ ચોકી, સંતરામ નિલયમ પાસે ટ્રાફિક ચોકી, અમદાવાદી ચોકી, સલુણ બજાર ચોકી અને જૂની ડભાણ પોલીસ ચોકી ક્યાંક ડ્રેનેજ તો ક્યાંક વરસાદી કાંસ પર આવેલી છે.

### 8 ફોર્મ અમાન્ય અને સાત અપક્ષોએ ફોર્મ પાછા ખેંચતા 23 ઉમેદવારો મેદાને રહ્યા

ગાંધીનગર | ગાંધીનગરની હાઈપ્રોફાઈલ સંસદીય બેઠક માટે તા.૧૨મીએ જાહેરનામું પ્રસિધ્ધ થયાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરાવાના શ્રીગણેશ થઇ ગયા હતા. ફોર્મ ભરવાના છેલ્લા દિવસે એટલે કે, ગઈકાલે ભાજપના અમિત શાહ સહિત ૨૨ ફોર્મ ભરાયા હતા. જેની સાથે ઉમેદવારોની સંખ્યા ૩૮ તથા ફોર્મની સંખ્યા ૫૩ થઇ હતી. ત્યાર બાદ આજે વિડીયોરેકોર્ડીંગ સાથે ફોર્મ ચકાશણી કરવામાં આવી હતી. જેમાં ભાજપ-કોંગ્રેસના એક-એક એમ બે ડમી ઉમેદવારોના ફોર્મ મેન્ડેટના અભાવે રદ થઇ ગયા હતા. તો બીજીબાજુ છ જેટલા અપક્ષો દસ ટેકેદારો નહીં લાવી શક્તા તેમની દાવેદારી ટકી શકી ન હતી.

### પૂર્વ IAS એસ.કે.લાંગા અને તેમના પુત્ર વિરૂદ્ધ ફરિયાદ દાખલ, આવક કરતા વધુ સંપત્તિ મળી આવી

ગાંધીનગર | કલંકિત ભૂતપૂર્વ કલેક્ટર એસ.કે.લાંગા વધુ એક મુશ્કેલીમાં ફસાયા છે. એસ.કે. લાંગા અને તેમના પુત્ર પરિક્ષીત ગઢવી વિરૂદ્ધ આવક કરતા 11 કરોડથી વધુની સંપત્તિ મળી આવતા ગુનો નોંધાયો છે. જણાવી દઈએ કે, લાંગા કથિત જમીન કૌભાંડ કેસમાં જેલમાં બંધ છે. જમીન કૌભાંડ સમયે તેઓ ગાંધીનગરના કલેક્ટર હતા. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા રૂ. 11 કરોડથી વધુની મિલકત અંગે ફરિયાદ દાખલ કરાઈ હતી. ACBએ ઉલ્લેખ કર્યો છે કે ગાંધીનગરના કલેક્ટર રહેતા સમયે લાંગાએ પૈસા કમાવવા માટે તેમની સત્તાનો દુરુપયોગ કર્યો હતો. તે કમાણીનું જંગમ અને સ્થાવર મિલકતમાં રોકાણ કરવા માટે વિવિધ યુક્તિઓનો ઉપયોગ કર્યો હતો.ACBના અનુસાર, 1 એપ્રિલ 2008 થી 30 સપ્ટેમ્બર 2019 સુધીના સમયગાળામાં પોતાની કાયદેસરની કુલ આવક 5.87 કરોડની સામે તેમણે કુલ ખર્ચ અને રોકાણ કુલ રૂપિયા 17.59 કરોડનું કર્યું છે.

### સાળંગપુરમાં હનુમાન જયંતી મહોત્સવમારૂતિ યજ્ઞા, મહા અન્નક્ષેત્ર અને મહાઆરતી સહિતના કાર્યક્રમો

# કષ્ટભંજનદેવ હનુમાનજીની 54 ફૂટ ઊંચી પ્રતિમાને 5 હજાર કિલો પુષ્પોની વર્ષા કરાશે

(એજન્સી) ભાવનગર | તા.21



બોટાદ જિલ્લાના સાળંગપુર ખાતે આવેલાં જગપ્રસિધ્ધ કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ મંદિર પરિસર ખાતે આવતીકાલ તા.૨૧થી સતત ત્રણ દિવસ માટે હનુમાન જયંતી મહોત્સવની અનેકવિધ ધાર્મિક અને રંગારંગ કાર્યક્રમો સાથે ભવ્યાતિભવ્ય ઉજવણી થશે. ઉપરાંત, આ વખતે પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં ૫૪ ફૂટ ઊંચી કિંગ ઓફ સાળંગપુરની મૂત પર પાંચ હજાર કિલો પુષ્પોની વર્ષા કરવામાં આવશે.

બોટાદ જિલ્લામાં સાળંગપુર ખાતે સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત આવતીકાલ તા.૨૧થી ૨૩ એપ્રિલ સુધી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતી મહોત્સવ યોજાશે. આચાર્ય રાકેશપ્રસાદજીના આશીર્વાદથી તથા શાસ્ત્રીસ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તથા વડતાલધામ ટેમ્પલ બોર્ડ એવંમ્ સંપ્રદાયના મૂર્ધન્ય સંતો દ્વારા તેમજ વિષ્ણુપ્રકાશદાસજીસ્વામી (અથાણાવાળા)ના માર્ગદર્શનમાં યોજાનાર મહોત્સવ અંગે મંદિરના કોઠારી વિવેકસાગરદાસજીએ વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, સાળંગપુર મંદિરમાં આવતીકાલ તા.૨૧ ને રવિવારે બપોરે ૪ કલાકે કષ્ટભંજનદેવનું ૫૫૫ કિલો પુષ્પ અને ૧૦૦ કિલોથી વધુ ગુલાબની પાંખડીઓ દ્વારા ભવ્ય રાજોપચાર પૂજન કરાશે. રાજોપચાર માટે પાંચ પ્રકારના પુષ્પો વડોદરાથી મંગાવવામાં આવ્યા છે.એક રાજાની જેમ પોતાનાં ભક્તોના કષ્ટોને નિરંતર દૂર કરતાં હનુમાનજીને પૂજામાં ચાર વેદના મંત્રો અને પ્રાંતિક ભાષામાં લખેલા શાો, પુરાણો, ઉપનિષદોનો પાઠ કરવામાં આવશે. આ સાથે જ શાસ્ત્રીય સંગીત સાથે નર્તકો દ્વારા નૃત્ય પ્રસ્તૂતિ કરવામાં આવશે. તા. ૨૨ને સોમવારે મંદિર પરિસરમાં આવેલી ૫૪ ફૂટ ઊંચી હનુમાનજીની કિંગ ઓફ સાળંગપુરની મૂત પર અમદાવાદ, વડોદરા, ઉત્તર ગુજરાત અને મધ્યપ્રદેશથી મંગાવવામાં આવેલાં અલગ-અલગ ૪ પ્રકારના પાંચ હજાર કિલો પુષ્પોનો સંતો અને યજમાનો દ્વારા પુષ્પાભિષેક કરવામાં આવશે.રાત્રિના ૯ કલાકે પૂજન અને મહાઆરતી તથા કીતભાઈ સાગઠિયા દ્વારા ભક્તિ ગીતોની રમઝટ સાથેનો સાંગીતિક કાર્યક્રમ યોજાશે.

કોઠારી વિવેકસાગરદાસજીએ ઉમેર્યું કે, તા.૨૩ને મંગળવારે વ્હેલી સવારથી અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે હનુમાન જયંતીના પાવન પર્વેની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. જેમાં વ્હેલી સવારે પાંચ કલાકે મંગળા આરતી, સવારે ૭ કલાકે શણગાર આરતી અને બર્થ-ડે સેલિબ્રેશન કરવામાં આવશે. આ દરમિયાન સમૂહ મારુતિ યજ્ઞા યોજાશે જેમાં ૫૦૦થી વધુ લોકો ભાગ લેશે.હનુમાન જયંતીના દિવસે વડોદરા, અમદાવાદ, સુરેન્દ્રનગર, મધ્યપ્રદેશ અને કલકત્તાથી ખાસ મંગાવેલાં મોગરા સહિતના પાંચ હજાર કિલો ફૂલોથી સમગ્ર મંદિરને શણગારવામાં આવશે.



### મોબાઇલ પર ક્રિકેટ સટ્ટો રમાડતાં કલોલ અને કડીના શખ્સ ઝડપાયાં

(એજન્સી) ગાંધીનગર | તા.21

આઈપીએલની ક્રિકેટ મેચોની ધૂમ ચાલવાની સાથે ક્રિકેટ મેચો પર ઓનલાઈન સટ્ટો રમતાં અને રમાડાતા જુગારીયા પણ ફૂટી નીકળ્યાં છે. મહેસાણાના જોરણંગ ગામની સીમમાં આવેલા ખોતરમાંથી ક્રિકેટ સટ્ટો રમાડતાં કલોલ અને કડીના બે શખ્શોને પોલીસે ઝડપી લઈને તેમની પાસેથી રૂપિયા ૧.૨૦ લાખના બે આઈફોન કબ્જે કરવાની સાથે બે ગ્રાહકો અને આઈડી આપનારા બે શખ્શો સામે પણ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. લોકલ ક્રાઈમ બ્રાન્ચ મહેસાણાના ઈન્સપેક્ટર એસ. એસ. નીનામાના જણાવ્યા પ્રમાણે સબ ઈન્સપેક્ટર જે. એમ. ગેહલાવત સહિતની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. બે ગ્રાહક તથા આઈડીઆ ૨૪૭ અને રાધે એક્સચેન્જ નામનું આઈડી આપનારા બે શખ્શો સામે પણ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી

### મહાવીર સ્વામી જન્મ કલ્યાણક નિમીત્તે

# શહેરમાં નિકળનારી રથયાત્રામાં 70 કૃતિઓ આકર્ષણ જમાવશે

(એજન્સી) ભાવનગર | તા.21



પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ જૈન ધર્મના પરમ શ્રધ્ધેય ૨૪ માં અને છેલ્લા તિર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની આવતીકાલ તા.૨૧ ને રવિવારના રોજ પરંપરાગત રીતે આસ્થાભેર ઉજવણી કરાશે. આ અવસરે આયોજિત વિશાળ અને રંગદર્શી રથયાત્રામાં એક એકથી ચડીયાતી ૭૦ જેટલી કૃતિઓ ભાવિકોમાં ભારે આકર્ષણ જમાવશે.ગોહિલવાડમાં આવતીકાલ તા.૨૧-૪ ને રવિવારે પૂ. જૈનાચાર્યોની નિશ્રામાં ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ધામધૂમથી ઉજવણી કરાશે. ભાવનગર જૈન સંઘમાં બિરાજમાન પૂ.જૈનાચાર્યો, પદસ્થ ગુરૂ ભગવંતો અને શ્રમણી ભગવંતોની નિશ્રામાં આવતીકાલે રવિવારે સવારે ૮-૩૦ કલાકે શહેરના મોટા દેરાસરથી પ્રસ્થાન કરશી નિયત રાજમાર્ગો પર વાજતે-ગાજતે ફરીને દાદાસાહેબના પટાંગણમાં સવારે ૧૦ કલાકે ઉતરશે. જ્યાં ગુરૂ ભગવંતોના પ્રેરણાદાયી પ્રવચનો થશે. આ રથયાત્રામાં ઈન્દ્રધજા, ૫ ઘોડા,દાદાસાહેબ, તૃપ્તિ, વિદ્યાનગર સહિતના વિવિધ વિભાગોના બેન્ડ,ચાંદીની પાલખી,પ્રભુજીનો રથ,રામણ દિવડો, બાકુળા, પ્રભુજીના અષ્ટમંગલ, અહિંસા રથ,શેત્રુંજય અને પાવાપુરી એકસપ્રેસ ટ્રેઈન તેમજ કુમાર અને કન્યા પાઠશાળાઓ, પુત્રવધુ મંડળ, મહિલા મંડળ, પૂજા મંડળ, સ્વર સંગમ સંગીત મંડળ, સ્નાત્ર મંડળ, સામાયિક શાળાના એક એકથી ચડીયાતી ૭૦ જેટલી કૃતિઓ સામેલ થશે જે ભાવિકોમાં આકર્ષણરૂપ બનશે. દરમિયાન શનિવારે દાદાસાહેબમાં સવારે વરઘોડાને લગતા આદેશો વ્યાખ્યાન દરમિયાન અપાયા હતા.




### શહેરોમાં 92 એમએલડીની જરૂર સામે નર્મદાનું 74 એમએલડી પાણી ઉપલબ્ધ

(એજન્સી) ગાંધીનગર | તા.21

ગરમીના દિવસોમાં પીવાના પાણી માટે વિશેષ આયોજન કરાયા છે. ગાંધીનગર જિલ્લામાં પીવામાં માત્ર નર્મદાના પાણી વપરાતા નથી. ૩૬ ગામમાં તો તાંત્રિક કારણોના નડતરથી નર્મદાના પાણી પહોંચતા નથી. ત્યારે ૫ શહેરોમાં ૯૨ એમએલડીની જરૂર સામે નર્મદાનું ૭૪ એમએલડી પાણી ઉપલબ્ધ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૭૫ એમએલડી પાણીની જરૂરત સામે ૩૦ એમએલડી પાણી બોર સહિત સ્થાનિક સોર્સથી મેળવાય છે.જિલ્લાના ૨૯૧ ગામની વર્ષ ૨૦૧૮ પ્રમાણેની વસ્તી ૧૦, ૭૬, ૨૧૦ અને શહેરી વસ્તી ૫, ૯૨, ૮૮૪ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૫.૩૩ એમએલડી પાણીની જરૂરમાંથી ૨૯.૩૩ એમએલડી જથ્થો સ્થાનિક સોર્સ અને ૪૬ એમએલડી નર્મદામાંથી અપાય છે. શહેરમાં ૯૧.૬૨ એમએલડી જરૂરત સામે ૧૮.૧૨ એમએલડી સ્થાનિક સોર્સ અને ૭૩.૫૦ એમએલડી નર્મદામાંથી અપાય છે.



### ખાલી દેખાતી ટ્રકના ચોરખાનામાંથી રૂપિયા 3.86 લાખનો દારૂ ઝડપાયો

(એજન્સી) ગાંધીનગર | તા.21

ચૂંટણીના માહોલમાં નશાના વેપારથી કમાણી કરવા બુટલેગરો એક્ટિવ થવાની સાથે પોલીસ પણ મેદાને ઉતરી છે. કલોલ તાલુકાના છત્રાલ ગામ પાસે ખાલી પડેલી દેખાતી ટ્રકના તળિયે ચોરખાનુ બનાવીને દારૂ સંગ્રહાયો હોવાની માહિતી મળતા પોલીસે રેડ પાડીને વિદેશી દારૂ અને બિયર મળીને રૂપિયા ૩.૮૬ લાખની ૧,૫૬૦ બોટલ પકડી પાડવાની સાથે રાજસ્થાનના એક શખ્શને દબોચી લઈ અન્ય બે આરોપીની શોધખોળ શરૂ કરી હતી. લોકલ ક્રાઈમ બ્રાન્ચ ૧ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી સંબંધમાં ઈન્સપેક્ટર ડી. બી. વાળાના જણાવવા પ્રમાણે સબ ઈન્સપેક્ટર વી. એ. શાહ સહિત ટીમ કલોલ તાલુકા પંથકમાં પેટ્રોલિંગમાં હતી આ દરમિયાન મળેલી માહિતીના પગલે છત્રાલથી મહેસાણા જતાં સવસ રોડ અમિરશ હોટલ અને ચંદ્રેશ કેબલ નામની કંપીનીની દિવાલ નજીક પડેલી ટ્રક નંબર આરજે ૧૯ જીડી ૮૮૬૧ની તલાસી લેવામાં આવી હતી.



### સાંસદ દેવુસિંહ ચૌહાણે ભાડાપટ્ટે લીધેલી 200 ચો.મી જગ્યાનું સરકારને ભાડુ ચૂકવ્યું નથી !

(એજન્સી) નડિયાદ | તા.21

ખેડા જિલ્લા ભાજપના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણ સામે એક ધારાશાસ્ત્રીએ કાયદાનો દંડો ઉગામ્યો છે. દેવુસિંહ ચૌહાણે ઉમેદવારી નોંધાવતા વખતે કરેલી એફીડેવીટમાં ચેડા કર્યા હોવાનું જણાવી અને ધારાશાસ્ત્રીએ ચૂંટણી અધિકારીને લેખિત ફરીયાદ આપી અને ઉમેદવારી ફોર્મ રદ કરવા માગ કરી છે.૧૬ એપ્રિલે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણે ખેડા લોકસભા માટે પોતાની દાવેદારી નોંધાવી હતી. આ દાવેદારી કરતા સમયે દેવુસિંહ ચૌહાણે એફીડેવીટ રજૂ કરી હતી. આ એફીડેવીટમાં દેવુસિંહ ચૌહાણ દ્વારા આયોજન ભવન ખાતે માર્ગ-મકાન વિભાગ અંતર્ગત આવતી એક કચેરીમાં સ્થળાંતર કરી સાંસદ સુવિધા કેન્દ્ર શરૂ કરાયું હતું. આ સાંસદ સુવિધા કેન્દ્રના વીજ બિલ, વેરા કે ભાડા ભર્યા અંગેનો કોઈ પુરાવો કે ઉલ્લેખ ચૂંટણીની એફેડેવીટમાં ઉલ્લેખ કર્યો નથી. જેની સામે વાંધો લેતા નડિયાદના ધારાશી જયેશભાઈ તલાટી દ્વારા શનિવારે ઉમેદવાર દેવુસિંહ ચૌહાણના ફોર્મની આ ક્ષતિઓ લેખિતમાં જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરાઈ હતી.



### રાજુલાથી એભલવડ રૂટની એસ.ટી. બસ બંધ કરાતા લોકોને ભારે હાલાકી

(એજન્સી) રાજુલા | તા.21

રાજુલા તાલુકાના એભલવડ, પીછડી, ચોત્રા, બારમણ, કંથારીયા, સરોવડા અને જુની બારપટોળી ગામ થઈને વર્ષોથી એક રૂટ રાજુલા-એભલવડ રૂટની નાઈટ બસ શરૂ હતી. અત્રે ડામર રોડ ન હોવાથી તંત્ર દ્વારા બંધ કરવામાં આવતા હાલ એભલવડ તેમજ પીછડી સહિતના ગામોના લોકો એસ.ટી.ની સુવિધા વિહોણા થઈ જતા ગ્રામજનોને ભારે હેરાનગતિ વેઠવી પડે છે. એભલવડથી ટીંબી સુધી શરૂ કરવી જોઈએ તેમજ સાંજની ટ્રીપ પણ રાજુલા, કંથારીયા, પીછડી, માણસા અને ટીંબી માટે ફાળવવામાં આવે તો એસ.ટી. તંત્રને પૂરતો ટ્રાફીક અને આવક બંને મળી શકે તેમ છે જ્યારે ઉપરોકત ગ્રામ્ય વિસ્તારોના લોકોને જરૂરી પ્રાથમિક સુવિધા મળી શકે તેમ છે. તંત્ર દ્વારા ગ્રામજનોની વર્ષો જુની માંગણીને ધ્યાને લઈને એસ.ટી.સુવિધા વિહોણા ગામડાઓને આ સેવા અપાશે તો તે શાળા કોલેજમાં વિદ્યાભ્યાસ માટે અપડાઉન કરતા અનેક વિદ્યાર્થીભાઈઓ તથા બહેનોને તેમજ ખાસ કરીને ધંધા રોજગાર અને નોકરી અર્થે અપડાઉન કરનારાઓને આર્શિવાદ સમાન સાબિત થશે.

### અન્ય એજન્સીને કોન્ટ્રાક્ટ સોંપવા માંગણી

# નડિયાદ પાલિકાના આઉટસોર્સના કર્મીઓનો 3 મહિનાનો પગાર બાકી

(એજન્સી) નડિયાદ | તા.21

નડિયાદ નગરપાલિકામાં આઉટસોર્સથી કામ કરતા કર્મચારીઓને ૩ મહિનાથી પગાર ચૂકવવામાં આવ્યો ના હોવાથી તેમની હાલત કફોડી બની છે. ત્યારે આ અંગે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે અને મહેસાણાની એજન્સી તથા પાલિકાના કર્મચારીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવાની આઉટસોર્સ કર્મચારીઓની માંગ છે.

નડિયાદ પાલિકામાં મહેસાણાની રાધે એન્ટરપ્રાઈઝ એજન્સી દ્વારા કમ્પ્યુટર ઓપરેટર, પટાવાળા સહિતના કર્મચારીઓ પૂરા પાડવામાં આવી રહ્યા છે. ત્યારે પાલિકા અને એજન્સીની મીલિભગતથી આઉટસોર્સિંગ કર્મચારીઓને જાન્યુઆરી ૨૦૨૪થી માર્ચ ૨૦૨૪નો પગાર ચૂકવવામાં આવ્યો ન હોવાનો આક્ષેપ કર્મચારીઓ લગાવી રહ્યાં છે. ઉપરાંત અગાઉ જે પગાર ચૂકવાયો હતો, તેમાં પણ એજન્સીએ વ્હાલા-દવલાની નીતિ અપનાવી મહિલા કમ્પ્યુટર ઓપરેટરોને માસિક ૧૦ હજાર, જ્યારે પુરુષ કમ્પ્યુટર ઓપરેટરને માસિક ૬ હજાર રૂપિયા ચૂકવતા હોવાનો આક્ષેપ કર્મચારીઓ દ્વારા કરાયો છે. તેમજ આ એજન્સીને જિલ્લા પંચાયતમાં સફાઈનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. સાથે એજન્સી એક જ કોન્ટ્રાક્ટમાં વોચમેન પણ પૂરા પાડે છે. એટલે કે, એજન્સી દ્વારા વોચમેનને સફાઈમાંથી મળતા નાણાંમાંથી પગાર ચૂકવાય છે. જોકે, આ વોચમેન અને સફાઈ કર્મીને નિયમો મુજબ દૈનિક પગાર ન ચૂકવાતો હોવાના આક્ષેપ લગાવવામાં આવ્યા છે. ત્યારે આ અંગે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે અને કોઈ પ્રકારની ખામી સામે આવે તો પાલિકાના કર્મચારી-અધિકારી તથા રાધે એજન્સી સામે કાર્યવાહી કરવામાં આવે તથા એજન્સીને બ્લેક લિસ્ટ કરી અન્ય એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવે તેવી કર્મચારીઓમાંથી માંગ ઉઠી છે.

### ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના 6.50 લાખ ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લાગી જશે

# સ્માર્ટ વીજગ્રાહક : ભાવનગરમાં 2026 સુધીમાં દરેક ઘરે સ્માર્ટ મીટર હશે

(એજન્સી) ભાવનગર | તા.21

કેન્દ્ર સરકારના મહત્વકાંક્ષી સ્માર્ટ મીટર પ્રોજેક્ટ નજીકના ભવિષ્યમાં અમલી થવા જઈ રહ્યો છે. ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ૬ લાખથી વધારે ગ્રાહકો નજીકના ભવિષ્યમાં સ્માર્ટ મીટર લાગી જશે. પીજીવીસીએલ દ્વારા બે તબક્કામાં પાલિતાણા અને મહુવા ડિવિઝનના જુદાં-જુદાં ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવવામાં આવશે. વર્ષ ૨૦૨૬ સુધીમાં ભાવનગરમાં દરેક ઘરે સ્માર્ટ મીટર લાગી જાય તે લક્ષ્ય સાથે વીજતંત્ર કામગીરી કરી રહ્યું છે.

પીજીવીસીએલ દ્વારા ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના વીજગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી નજીકના ભવિષ્યમાં શરૂ કરી દેવામાં આવશે. કેન્દ્ર સરકારના મહત્વકાંક્ષી સ્માર્ટ મીટર પ્રોજેક્ટ અમલી થનાર



છે. હાલના તબક્કે ખેતીવાડી અને એચટી કનેક્શન સિવાયના વીજ જોડાણમાં સ્માર્ટ મીટર લાગશે. ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ૬.૫૦ લાખ ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧.૮૧ લાખ ગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર લાગશે જ્યારે બીજા તબક્કામાં ૪.૭૦ લાખ ગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર લગાવવામાં આવશે. જેમાં સૌથી પહેલા ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના મહુવા અને પાલિતાણા ડિવિઝનના જુદાં-જુદાં ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવવામાં આવશે. વર્ષ ૨૦૨૫ સુધીમાં મહુવા અને પાલિતાણા તથા વર્ષ ૨૦૨૬ સુધીમાં ભાવનગરમાં દરેક ઘરે સ્માર્ટ મીટર લાગી જાય તે લક્ષ્ય સાથે વીજતંત્ર કામગીરી કરી રહ્યું છે.

#### સ્માર્ટ મીટરનું રિચાર્જ કરવાની પ્રક્રિયા કેવી હશે?

પ્રીપેઈડ સ્માર્ટ મીટર રિચાર્જ કરવા માટે એક મોબાઈલ એપ બનાવવામાં આવી છે. જેમાં વીજ ગ્રાહક પોતાના મોબાઈલ નંબરથી ગ્રાહક નંબર વડે રજિસ્ટર્ડ થઈ રિચાર્જ કરાવી શકશે. એપમાં જ ગ્રાહકે કેટલો વીજ વપરાશ કર્યો તેની વિગતો પણ તપાસી શકશે.




### પાટનગરમાંથી દેશી પિસ્તોલ સાથે અમદાવાદના શખ્શને ઝડપી લેવાયો

(એજન્સી) ગાંધીનગર | તા.21


રાજ્યભરમાં લોકસભા ચૂંટણીનો માહોલ ગરમાઈ રહ્યો છે અને સ્વાભાવિક રીતે ગાંધીનગર બેઠક પણ ચર્ચામાં છે. ત્યારે પોલીસે સર્વેલન્સની ગતિવિધિ તેજ કર્યાની સાથે પાટનગરમાંથી દેશી મશીનકટ પિસ્તોલ સાથે અમદાવાદના શખશને ઝડપી લેવાયો છે. હાંસોલ વિસ્તારના સમરથનગરનો રહેવાસી આરોપી અગાઉ પણ હથિયાર અને મારામારીના ગુનાઓમાં સંડોવાઈ ચૂક્યો હોવાનું સ્પેશ્યલ ઓપરેશન ગુરૂપ પોલીસ દ્વારા જણાવવામાં આવ્યુ હતું. ગાંધીનગર એસઓજીના ઈન્સપેક્ટર વી. ડી. વાળાના જણાવવા પ્રમાણે ચૂંટણીના દિવસો દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેના માટે શંકાસ્પદ તથા ગુનાહિત તત્વોની ગતિવિધિ પર વોચ રાખવામાં આવી રહી છે.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.



**વૃષભ (બ,વ,ઉ)**

વેપારીઓને આજે પોતાના ઘરના તે સભ્યોથી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પાછા નથી આપતા.



**મિથુન (ક,છ,ઘ)**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમયમાં તકલીફ થઇ શકે છે.



**કર્ક (ડ,હ)**

આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે.



**સિંહ (મ,ટ)**

જીવનને માણવા માટે ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક તથા સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો.




**કન્યા (પ,ઠ,ણ)**

બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે.



**તુલા (ર,ત)**

સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.



**વૃશ્ચિક (ન,ય)**

સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.




**ધન (ભ,ધ,ફ)**

જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.




**મકર (ખ,જ)**

તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, સલાહથી ધનલાભ થાય.



**કુંભ (ગ,શ,સ)**

ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. જીવનસાથી સાથે નુકસાન થઇ શકે.



**મીન (દ,ચ,ઝ,થ)**

સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે.

## ન્યૂઝ ટ્રેક

### BNI સિમ્પોઝિયમ 2024 અમદાવાદનું સૌથી મોટું બિઝનેસ કોન્ક્લેવ હશે

મુંબઈ | બહુ-અપેક્ષિત BNI સિમ્પોસિયમ 2024, BNI અમદાવાદની ફ્લેગશિપ ઈવેન્ટ અને શહેરની સૌથી મોટી બિઝનેસ કોન્ક્લેવ માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે, જે ઉદ્યોગસાહસિકતા, સહયોગ અને સફળતાની અપ્રતિમ ઉજવણીનું વચન આપે છે. BNI અમદાવાદ દ્વારા આયોજિત પ્રીમિયર બિઝનેસ ઈવેન્ટ તરીકે, સિમ્પોસિયમ 2024 એ સંસ્થાની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. પ્રભાવશાળી વૃદ્ધિ અને નેટવર્કિંગના દાયકા સાથે, BNI અમદાવાદ સિમ્પોસિયમ 2024ને પ્રતિભાગીઓ માટે યાદગાર અનુભવ બનાવવાની તૈયારી કરી રહ્યું છે. આ ઈવેન્ટ સિદ્ધિઓને ઓળખવા, સહયોગને પ્રોત્સાહન આપવા અને ઉદ્યોગસાહસિકો અને બિઝનેસ લીડર્સ વચ્ચે નવીનતાને પ્રેરિત કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.

### GenWorks હેલ્થ અને COMEN ની વ્યૂહાત્મક ભાગીદારી સાથે સશક્ત થવા માટે મેડિકલ લેન્ડસ્કેપ

મુંબઈ : હેલ્થકેર સેક્ટરની ક્ષમતાઓને પ્રોત્સાહન આપવાના હેતુથી નોંધપાત્ર વિકાસમાં, GenWorks Health અને COMEN એ વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. આ સહયોગ હોસ્પિટલો અને નર્સિંગ હોમ્સની વિકસતી જરૂરિયાતોને પહોંચી વળવા, સમગ્ર ભારતમાં ઝડપી અને અસરકારક આરોગ્યસંભાળ પ્રતિસાદની ખાતરી કરવા માટે ખૂબ જ પ્રતિજ્ઞા ધરાવે છે.

### કાશ્મીર વિકસીટ વિના ભારત વિકસીટ બની શકે નહીં : હરદીપ એસ પુરી

શ્રીનગરમાં 'વિકસિત ભારત એમ્બેસેડર મીટઅપ' ખાતે તાજેતરના મેળાવડામાં, કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ ભારતની વિકાસ યાત્રામાં કાશ્મીરની અનિવાર્ય ભૂમિકાને પ્રકાશિત કરતું ગહન નિવેદન આપ્યું હતું. તેમના શબ્દો એ ભાવનાને પડઘો પાડે છે કે કાશ્મીરના વિકાસ વિના ભારતની પ્રગતિ અધૂરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 2047 સુધીમાં વિકસિત ભારતની કલ્પના કરી છે, જે એક સ્વપ્ન છે જેમાં સમાજના તમામ ક્ષેત્રોના સંયુક્ત પ્રયાસોની જરૂર છે. મંત્રી પુરીએ આ મહત્વાકાંક્ષી ધ્યેયને સાકાર કરવા માટે સામૂહિક પગલાંની જરૂરિયાત પર ભાર મૂકતા આ વિઝનનો પુનરોચ્ચાર કર્યો હતો. ભારતની આર્થિક ગતિ નોંધપાત્ર વૃદ્ધિ માટે તૈયાર છે, મંત્રી પુરીએ 2040 સુધીમાં USD 40 ટ્રિલિયનની અર્થવ્યવસ્થાનો અંદાજ મૂક્યો છે.

---

વૃદ્ધિ અને વિકાસને આગળ વધારવા માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે

# 2014 થી ભારતીય અર્થવ્યવસ્થાની પુનઃસ્થાપના એ હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ માટે કેસ સ્ટડી છે: નિર્મલા સીતારમણ

(એજન્સી) અમદાવાદ | તા.21

2014 થી ભારતીય અર્થવ્યવસ્થા, ખાસ કરીને બેંકોની પુનઃસ્થાપના એ હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ માટે ખરેખર એક પાઠ છે, નાણા મંત્રી નિર્મલા સીતારમણે, અમદાવાદમાં ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) ખાતે સભાને સંબોધતા જણાવ્યું હતું. શનિવાર. નાણામંત્રી વિક્ષિત ભારત 2047 વિષય પર બોલી રહ્યા હતા. 'ભારતે 2014 અને હવે ખાસ કરીને બેંકો વચ્ચે તેની અર્થવ્યવસ્થાને પુનઃસ્થાપિત કરી છે તેના વજનના સંદર્ભમાં તે ખરેખર હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ માટે એક પાઠ છે,' નિર્મલા સીતારમણે આ કાર્યક્રમમાં બોલતા કહ્યું. સરખામણી દોરતા, સીતારમણે યુનાઈટેડ સ્ટેટ્સમાં સિલિકોન વેલી બેંકની નિષ્ફળતા પર પ્રકાશ પાડ્યો અને રોગચાળા દરમિયાન અને પછી ભારતીય બેંકોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુરક્ષિત કરવામાં ભારત સરકારની ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે પડકારજનક સંજોગોમાં વિલીનીકરણનું



અસરકારક રીતે સંચાલન કરવા અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે ભારતીય બેંકિંગ ક્ષેત્રની પ્રશંસા કરી હતી. 'પોસ્ટ પેન્ડેમિક બેંકો, જેમ કે સિલિકોન વેલી બેંક કે જે સ્ટાર્ટઅપ્સ દ્વારા વ્યાપકપણે વિશ્વાસપાત્ર હતી, તે પડી ભાંગી અને કોઈને તેના વિશે ખબર ન હતી.' ભારતની યાત્રા પર પ્રતિબિંબિત કરતા, સીતારમને અર્થતંત્રને પુનઃસ્થાપિત કરવામાં સરકાર દ્વારા સામનો કરવામાં આવતી મુશ્કેલીઓનો સ્વીકાર કર્યો, જેમાં વિલીનીકરણ

### તેણીએ ભારતના બેંકિંગ ક્ષેત્રના સંક્રમણ અને 2014 થી સરકાર દ્વારા શરૂ કરાયેલા સુધારાને રેખાંકિત કર્યા

સીતારમને 2014 માં પ્રવર્તતી બે બેલેન્સ શીટની સમસ્યા તરફ ધ્યાન દોર્યું, જ્યાં બેંકોની બેલેન્સ શીટ બિન-કાર્યક્ષમ અસ્કયામતો (NPA) થી બોજવાળી હતી, જે કંપનીઓને ધિરાણ આપવામાં અવરોધે છે, જ્યારે કંપનીઓ પોતે લોન ચૂકવવા માટે સંઘર્ષ કરતી હતી.

સંબંધિત મુદ્દાઓ, 2019માં તરલતાની સમસ્યાઓ, 2020માં કોવિડ-19ની અસર અને પુનઃસ્થાપનની જરૂરિયાતવાળી નાજુક અર્થવ્યવસ્થાનો સમાવેશ થાય છે.

'તેથી કોવિડને મેનેજ કરતી બેંકો પછી પણ, તેમને સ્વસ્થ રાખીને, ખાતરી કરવી કે તેઓ તૂટી ન જાય તે હજુ પણ પશ્ચિમ માટે એક કાચી રમત છે, જ્યારે અમે નાજુક પરિસ્થિતિ સાથે શરૂઆત કરી હોવા છતાં અમે તેમને સંચાલિત કર્યા છે'

સીતારમને ભારતના ભવિષ્ય વિશે આશાવાદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સતત સામૂહિક પ્રયાસોથી ભારત 2047 સુધીમાં વિકસીત ભારતનું વિઝન હાંસલ કરી શકે છે. તેણીએ તમામ હિતધારકો દ્વારા સતત પ્રયત્નોના મહત્વ પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે, 'સબકા પ્રાર્થનાના 25 વર્ષનો બીજો સારો નક્કર, અમે એક સારો પ્રયાસ કરીશું. વિક્ષિત ભારત સુધી પહોંચી શકીશ.'

મંત્રીએ ભારતીય અર્થવ્યવસ્થાની સ્થિતિસ્થાપકતા અને પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જે વૃદ્ધિ અને વિકાસને આગળ વધારવા માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## નવી રુટ વિતરિત તારાઓની વાળ પુનઃસ્થાપન સેવાઓ!



(એજન્સી) નવી દિલ્હી | તા.21

ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) માં સ્થિત ન્યુ રૂટ્સ સ્કિન હેર લેસર ક્લિનિક, વાળ પુનઃસ્થાપન અને ટ્રાન્સપ્લાન્ટ પ્રક્રિયાઓના ક્ષેત્રમાં શ્રેષ્ઠતાના દીવાદાંડી તરીકે ઊભું છે. તેના પરિવર્તનકારી અભિગમ માટે પ્રખ્યાત, ક્લિનિક અસાધારણ પરિણામો પ્રદાન કરવા અને વાળ ખરવાના પડકારોનો સામનો કરી રહેલા વ્યક્તિઓમાં આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે સમાનાર્થી બની ગયું છે. તાજેતરના સમયમાં, રાહુલ કુલકર્ણીએ, ઈલેક્ટ્રોનિક મીડિયા ઈન્ડસ્ટ્રીમાં એક અગ્રણી વ્યક્તિ, વાળ ખરવા અંગેની તેમની ચિંતાઓને દૂર કરવા માટે ન્યૂ રૂટ્સ સ્કિન હેર લેસર ક્લિનિકની કુશળતાની માંગ કરી. વાળ ખરવાની દુ:ખદાયક અસરોનો અનુભવ જાતે જ કર્યા પછી, રાહુલે તેની હેર ટ્રાન્સપ્લાન્ટ યાત્રા માટે ન્યૂ રૂટ્સને સોંપી. તેમના નિર્ણયની જાણ ક્લિનિકની તેમની ચોક્કસ જરૂરિયાતો અંગેની વ્યાપક સમજણ અને તેમના માગણીના સમયપત્રક વચ્ચે ટકાઉ ઉકેલો પ્રદાન કરવાની તેમની પ્રતિબદ્ધતા દ્વારા કરવામાં આવી હતી. ન્યૂ રૂટ્સ પર, કુશળ નિષ્ણાતોની ટીમ દરેક ક્લાયન્ટ માટે શ્રેષ્ઠ પરિણામોની ખાતરી કરવા માટે અદ્યતન તકનીકોનો ઉપયોગ કરે છે.

---

# ટેસ્લાએ યુ.એસ.માં પસંદગીના કાર મોડલ્સની કિંમતોમાં ઘટાડો કર્યો છે

(એજન્સી) નવી દિલ્હી | તા.21

વિખ્યાત ઈલેક્ટ્રિક વાહન (EV) ઉત્પાદક ટેસ્લાએ તાજેતરમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં તેના કેટલાક કાર મોડલ્સની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો કરવાની જાહેરાત કરી છે. કંપનીમાં બજારના પડકારો અને વ્યૂહાત્મક ગોઠવણો વચ્ચે આ પગલું આવ્યું છે. ચાલો આ વિકાસની વિગતો અને તેની અસરોનો અભ્યાસ કરીએ. ભાવમાં ઘટાડો કરવાનો ટેસ્લાનો નિર્ણય તેના પ્રથમ ક્વાર્ટરના ડિલિવરીના આંકડાઓ જાહેર થયાના થોડા સમય બાદ આવ્યો છે, જે બજારની અપેક્ષાઓ કરતાં ઓછો હતો. ડિલિવરીમાં ઘટાડો ટેસ્લાને લગભગ ચાર વર્ષમાં પ્રથમ વખત આટલો આંચકો લાગ્યો છે. તેના જવાબમાં, કંપનીએ માંગને ઉત્તેજીત કરવા અને બજારમાં ફરી ગતિ પ્રાપ્ત કરવાના સાધન તરીકે ભાવમાં ઘટાડો કરવાનું પસંદ કર્યું છે. ભાવ ગોઠવણો ટેસ્લાના ઘણા લોકપ્રિય મોડલને અસર કરે છે, જેમાં મોડલ Y, મોડલ X અને મોડલ Sનો સમાવેશ થાય છે. મોડલ Yના બેઝ વેરિઅન્ટની કિંમત હવે USD 42,990 છે, જેમાં લોંગ-રેન્જ અને પરફોર્મન્સ વેરિઅન્ટની કિંમત USD 47,990 અને USD છે. 51,490, અનુક્રમે. એ જ રીતે, મોડલ એસના બેઝ વર્ઝનની કિંમત હવે USD 72,990 છે, જ્યારે તેના પ્લેઈડ વેરિઅન્ટની કિંમત USD 87,990 છે. વધુમાં, મોડલ X બેઝ વેરિઅન્ટની કિંમત હવે USD 77,990 છે, જ્યારે તેના Plaid વેરિયન્ટની કિંમત USD 92,900 છે. આ ભાવ ગોઠવણો ટેસ્લાના વેચાણ અને બજારની ધારણા પર બેવડી અસર કરે તેવી શક્યતા છે. એક તરફ, ઘટેલી કિંમતો નવા ખરીદદારોને આકર્ષી શકે છે અને હાલના ગ્રાહકોને વધારાના વાહનો અપગ્રેડ કરવા અથવા ખરીદવા પ્રોત્સાહિત કરી શકે છે. બીજી બાજુ, રોકાણકારો અને ઉદ્યોગના નિરીક્ષકો આ ભાવ ઘટાડાનું અર્થઘટન બજારના અંતર્ગત પડકારો અથવા કંપનીમાં વ્યૂહાત્મક પરિવર્તનના સંકેત તરીકે કરી શકે છે. ભાવ ઘટાડા ઉપરાંત, ટેસ્લાએ તાજેતરના અઠવાડિયામાં અન્ય નોંધપાત્ર જાહેરાતો કરી છે. કંપનીએ તમામ બજારોમાં તેના રેફરલ પ્રોગ્રામના લાભો બંધ કરવાની જાહેરાત કરી છે, જે 30 એપ્રિલ પછી અસરકારક છે. આ કાર્યક્રમ, જે ગ્રાહકોને નવા ખરીદદારોનો સંદર્ભ આપે છે.

# 2024 માટે વિષયો દ્વારા QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં ટોચના સ્થાનો પર LPU સફળતાની ઉજવણી

(એજન્સી) નવી દિલ્હી | તા.21

ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં, વૈશ્વિક મંચ પર માન્યતા પ્રાપ્ત કરવી એ શ્રેષ્ઠતા અને સમર્પણનો પુરાવો છે. તાજેતરમાં, વિશ્વના સૌથી મોટા વૈશ્વિક ઉચ્ચ શિક્ષણ નેટવર્ક, ક્વેક્વેરેલી સાયમન્ડ્સ (QS) એ તેના પ્રતિષ્ઠિત 'વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ બાય સબ્જેક્ટ-2024'નું અનાવરણ કર્યું. પ્રતિષ્ઠિત સંસ્થાઓની શ્રેણીમાં, લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી (LPU) બહુવિધ ડોમેન્સમાં ટોચના સ્થાનો પ્રાપ્ત કરીને તેજસ્વી રીતે ચમકે છે. ચાલો LPU ની નોંધપાત્ર સિદ્ધિઓનો અભ્યાસ કરીએ અને તેને શું અલગ પાડે છે તેનું અન્વેષણ કરીએ. એલપીયુની કૃષિ અને વનીકરણ વિજ્ઞાન પ્રત્યેની પ્રતિબદ્ધતા તમામ ટોચની સરકારી અને ખાનગી ભારતીય યુનિવર્સિટીઓમાં તેના 7મા સ્થાને પ્રતિબિંબિત થાય છે. આ માન્યતા કૃષિ સંશોધન, ટકાઉપણું અને નવીનતામાં યુનિવર્સિટીના યોગદાનને રેખાંકિત કરે છે. ફાર્માસ્યુટિકલ સાયન્સના ક્ષેત્રમાં, LPU 9મા સ્થાને છે. ગ્રાઉન્ડબ્રેકિંગ રિસર્ચ અને એજ્યુકેશન દ્વારા હેલ્થકેરને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, LPU ભવિષ્યના ફાર્માસિસ્ટ અને ફાર્માસ્યુટિકલ વૈજ્ઞાનિકોનું પાલનપોષણ કરવાનું ચાલુ રાખે છે. સામાજિક વિજ્ઞાન અને વ્યવસ્થાપનમાં 12મું સ્થાન શિક્ષણ પ્રત્યે LPUના સર્વગ્રાહી અભિગમને દર્શાવે છે. સૈદ્ધાંતિક જ્ઞાનને પ્રેક્ટિકલ એપ્લિકેશન્સ સાથે એકીકૃત કરીને, યુનિવર્સિટી વિદ્યાર્થીઓને જટિલ સામાજિક પડકારોનો સામનો કરવા અને મેનેજમેન્ટની ગતિશીલ દુનિયામાં શ્રેષ્ઠ બનવા માટે તૈયાર કરે છે.

---

# વિકસીત ભારત: એક હાંસલ કરી શકાય તેવું ધ્યેય, ઉચ્ચ ઉડતું સ્વપ્ન નથી

**વિકસીત ભારત માત્ર એક ઉચ્ચ આકાંક્ષા નથી**

(એજન્સી) મુંબઇ | તા.21

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે તાજેતરમાં અમદાવાદમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) પરિસરમાં એક વાર્તાલાપ દરમિયાન Viksit Bharat 2047 માટેનું તેમનું વિઝન શેર કર્યું હતું. વિકસીત ભારત માત્ર એક ઉચ્ચ આકાંક્ષા નથી; તે એક મૂર્ત લક્ષ્ય છે જે ભારત વ્યૂહાત્મક આયોજન અને સામૂહિક પ્રયાસો દ્વારા પ્રાપ્ત કરી શકે છે. સીતારામન આયાત પર આધાર રાખવાને બદલે ભારતને જે જોઈએ છે તેનું ઉત્પાદન કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા, આત્મનિર્ભરતાના મહત્વને રેખાંકિત કરે છે. પસંદ કરેલ સમયરેખાના મહત્વને અન્વેષણ કરતા, સીતારામન 2047 માટે લક્ષ્ય નક્કી કરવા પાછળના તર્કને સમજાવે છે, તેને આર્થિક સમૃદ્ધિ તરફ ભારતની યાત્રા સાથે સંરેખિત કરે છે. પુનઃપ્રાપ્ય ઉર્જામાં ગુજરાતની આગવી ઓળખ પર પ્રકાશ પાડતા, સીતારામને ભારતની આત્મનિર્ભરતાની શોધમાં રાજ્યના યોગદાનને રેખાંકિત કર્યું. સીતારમને ભારતની આત્મનિર્ભરતા વધારવા અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો, ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્રને પુનર્જીવિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. મેન્યુફેક્ચરિંગમાં ગુજરાતની ક્ષમતાને ઓળખીને, સીતારામને આ મહત્વપૂર્ણ ક્ષેત્રમાં વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે રાજ્યની નીતિઓ અને સરકારી ઈકોસિસ્ટમની પ્રશંસા કરી. સીતારમને ભારતના આર્થિક વિકાસમાં સેવા અને ઉત્પાદન ક્ષેત્ર બંનેના મહત્વ પર ભાર મૂક્યો છે, આ વૃદ્ધિને સરળ બનાવવા માટે ગુજરાતની તૈયારીને પ્રકાશિત કરી છે. ભવિષ્ય માટે ગુજરાતની તૈયારીઓને સ્વીકારતા, સીતારમણે ભારતની આર્થિક પ્રગતિનો માર્ગ મોકળો કરવા માટે રાજ્યની નીતિઓ અને સરકારના સમર્થનની ચર્ચા કરી. સીતારામને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગને ભારતના ઔદ્યોગિક પ્રવાસમાં નિર્ણાયક પગલા તરીકે ઓળખાવ્યું છે, જેમાં ગુજરાત આ પરિવર્તનકારી ક્ષેત્રમાં આગળ વધવા માટે તૈયાર છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણનું વિકસિત ભારતનું વિઝન માત્ર એક આદર્શવાદી સ્વપ્ન નથી.

# MEDH: વ્યક્તિગત શિક્ષણ દ્વારા કૌશલ્ય વિકાસમાં ક્રાંતિ લાવી

(એજન્સી) અમદાવાદ | તા.21

શૈક્ષણિક ટેક્નોલૉજીના ખળભળાટભર્યા લેન્ડસ્કેપમાં, વ્યક્તિઓ કૌશલ્ય વિકાસ તરફ કેવી રીતે પહોંચે છે તેને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે એક નવો દાવેદાર ઉભરી આવ્યો છે. MEDH, એક ગ્રાઉન્ડબ્રેકિંગ EdTech પ્લેટફોર્મ, દરેક શીખનારની અનન્ય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તૈયાર કરેલ વ્યક્તિગત શિક્ષણ અનુભવો પ્રદાન કરીને તેની છાપ બનાવી છે. નીરજ નારાયણ દ્વારા સ્થપાયેલ, MEDH પ્રારંભિક શિક્ષણથી લઈને વ્યાવસાયિક તત્પરતા અને તેનાથી આગળના વિદ્યાર્થીઓની સફરને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીને કૌશલ્ય વિકાસ ઉદ્યોગમાં ક્રાંતિ લાવવાના મિશન પર છે. MEDH ના હૃદયમાં વૈવિધ્યપૂર્ણ શીખવાની તકો પ્રદાન કરવાની તેની પ્રતિબદ્ધતા રહેલી છે. પછી ભલે તે પ્રારંભિક શાળા શિક્ષણ હોય કે વ્યાવસાયિક




કૌશલ્યમાં વૃદ્ધિ, MEDH એ સુનિશ્ચિત કરે છે કે શીખનારાઓને તેમની પસંદગીઓ અને ધ્યેયો સાથે અનુરૂપ અનુભવો પ્રાપ્ત થાય. MEDH શીખવાના અનુભવોને ઑપ્ટિમાઇઝ કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની શક્તિનો લાભ લે છે. વપરાશકર્તાના ડેટા અને વર્તનનું પૃથ્થકરણ કરીને, MEDH વ્યક્તિગત શીખવાની રીતો બનાવે છે જે વ્યક્તિગત શીખવાની શૈલીઓ અને ગતિને અનુરૂપ હોય છે. MEDH નું મુખ્ય લક્ષ્ય એઆઈ ટેક્નોલોજી, આકર્ષક પદ્ધતિઓ અને વિદ્યાર્થીઓની પસંદગીઓને એકીકૃત રીતે સંકલિત કરતા શીખવાના અનુભવો પ્રદાન કરવાનું છે. તેની લાંબા ગાળાની દ્રષ્ટિ કૌશલ્ય વિકાસની જગ્યાનું નેતૃત્વ કરવાનું છે, દરેક શીખનારના વિકાસને પોષવું અને તેમને સફળતા માટે અપ્રતિમ તકો પ્રદાન કરવી. MEDH માત્ર વ્યક્તિઓને જ નહીં પરંતુ કોર્પોરેશનો અને શૈક્ષણિક સંસ્થાઓ સુધી તેની સેવાઓનો વિસ્તાર કરે છે. તેનો સર્વગ્રાહી અભિગમ એ સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક યાત્રાના દરેક તબક્કે સમર્થન અને માર્ગદર્શન મળે. માતા-પિતા અને વાલીઓની નિર્ણાયક ભૂમિકાને સ્વીકારતા, MEDH યુવા શીખનારાઓની એકંદર વૃદ્ધિને પ્રાથમિકતા આપે છે. સુલભ અને આકર્ષક કાર્યક્રમો ઓફર કરીને, MEDH વિદ્યાર્થીઓને તેમની સંપૂર્ણ ક્ષમતાનો અહેસાસ કરાવવા માટે સશક્ત બનાવે છે. MEDH સર્જનાત્મકતા અને નવીનતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે, શીખનારાઓને બોક્સની બહાર વિચારવા અને તેમની સાચી ક્ષમતાઓનું અન્વેષણ કરવા પ્રોત્સાહિત કરે છે.

**1. કૌશલ્ય વિકાસની ગતિશીલતામાં પરિવર્તન |** MEDH ની શરૂઆત એ કૌશલ્યોને કેવી રીતે કેળવવામાં આવે છે અને સન્માનિત કરવામાં આવે છે તે એક નમૂનારૂપ પરિવર્તનને દર્શાવે છે. પરંપરાગત શૈક્ષણિક મોડલ્સથી વિપરીત, MEDH શીખવા માટે વ્યક્તિગત અભિગમ અપનાવે છે, તે સ્વીકારે છે કે એક માપ બધામાં બંધબેસતું નથી.

# કન્સેપ્ટ મેડિકલનો જા-દુઈ-ISR IDE અભ્યાસ: ISR સારવારમાં ક્રાંતિકારી

(એજન્સી) મુંબઈ | તા.21

કોરોનરી ધમની બિમારીમાં ઈન-સ્ટેન્ટ રેસ્ટેનોસિસ (ISR) સામે લડવા તરફના નોંધપાત્ર પગલામાં, કન્સેપ્ટ મેડિકલે યુનાઈટેડ સ્ટેટ્સમાં 'મેજીકલ-આઈએસઆર' નામના તેના નવીન IDE ક્લિનિકલ અભ્યાસની શરૂઆત કરી છે. આ ગ્રાઉન્ડબ્રેકિંગ પ્રયાસ મેજિક ટચ - સિરોલિમસ ડ્રગ-કોટેડ બલૂન (DCB) ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, જે કોરોનરી હસ્તક્ષેપના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પ્રગતિ દર્શાવે છે. ઈનોવેટીવ એપ્રોચ: કોન્સેપ્ટ મેડિકલ મેજીકલ-આઈએસઆર અભ્યાસનો પરિચય આપે છે, આઈએસઆરનું સંચાલન કરવા માટે સિરોલિમસ ડીસીબીના ઉપયોગ પર ભાર મૂકે છે. બ્રેકથ્રુ ડિવાઈસ હોદ્દો: મેજિકટચ સિરોલિમસ ડીસીબીને યુએસ એફડીએ તરફથી 'બ્રેકથ્રુ ડિવાઈસ' હોદ્દો મળ્યો છે, જે ISR સારવારને ફરીથી વ્યાખ્યાયિત કરવાની તેની સંભવિતતા દર્શાવે છે.IDE મંજૂરી: હોદ્દો પછી, FDA દ્વારા IDE મંજૂરીએ MAGICAL-ISR અભ્યાસ શરૂ કરવાનો માર્ગ મોકળો કર્યો

---

**ખાનગી ક્ષેત્રના રોકાણને પ્રોત્સાહન મળે છે** | ગીરવે રાખેલા સંસાધનોને 10 વર્ષના સમયગાળામાં છ થી આઠ વખત ગુણાકાર કરી શકાય છે

# વિશ્વ બેંકને નવા નાણાકીય સાધનો માટે USD 11 બિલિયન સમર્થન પ્રાપ્ત થયું

(એજન્સી) મુંબઇ | તા.21

વિશ્વ બેંકે તાજેતરમાં તેના નવા નાણાકીય સાધનો માટે USD 11 બિલિયન સમર્થનના રૂપમાં નોંધપાત્ર ટેકો મેળવ્યો છે. આ પગલાનો હેતુ ધિરાણ ક્ષમતા વધારવા અને વિવિધ વૈશ્વિક પડકારોનો સામનો કરવાનો છે. વિશ્વ બેંક દ્વારા જાહેર કરાયેલા સમર્થનમાં અગિયાર દેશોની પ્રતિબદ્ધતાઓનો સમાવેશ થાય છે, જે કુલ USD 11 બિલિયન છે. આ પ્રતિબદ્ધતાઓ પોર્ટફોલિયો ગેરંટી પ્લેટફોર્મ, હાઈબ્રિડ કેપિટલ મિકેનિઝમ અને નવા સ્થાપિત લાઈવેબલ પ્લેનેટ ફંડ તરફ નિર્દેશિત છે. આ સમર્થન વિશ્વ બેંકની જ્યાં સૌથી વધુ જરૂર હોય ત્યાં નાણાકીય સહાય પૂરી પાડવાની ક્ષમતાને મજબૂત કરવાની દિશામાં એક નિર્ણાયક પગલું દર્શાવે છે. આવી નોંધપાત્ર પ્રતિબદ્ધતાઓને સુરક્ષિત કરીને, બેંક તેની ધિરાણ ક્ષમતાને વિસ્તૃત કરી શકે છે અને વહેંચાયેલ વૈશ્વિક પડકારોને સંબોધવામાં વધુ અસરકારક ભૂમિકા ભજવી શકે છે. બેલ્જિયમ, ફ્રાન્સ, જાપાન અને યુનાઈટેડ સ્ટેટ્સ જેવા દેશોએ પોર્ટફોલિયો ગેરંટી પ્લેટફોર્મને સમર્થન આપવાનું વચન આપ્યું છે. આ પ્લેટફોર્મનો




ઉદ્દેશ્ય વિકાસશીલ દેશોમાં પ્રોજેક્ટ માટે ગેરંટી પૂરી પાડવાની બેંકની ક્ષમતાને વધારવાનો છે, જેનાથી ખાનગી ક્ષેત્રના રોકાણને પ્રોત્સાહન મળે છે. ડેનમાર્ક, જર્મની, ઇટાલી, લેટવિયા, નેધરલેન્ડ, નોર્વે અને યુનાઈટેડ કિંગ્ડમે હાઈબ્રિડ કેપિટલ મિકેનિઝમ માટે પ્રતિબદ્ધ છે. આ મિકેનિઝમ બેંકને દેવું અને ઈક્વિટીના ઘટકોને સંયોજિત કરતા હાઈબ્રિડ સાધનો જારી કરીને તેની નાણાકીય સ્થિતિને મજબૂત કરવાની મંજૂરી આપે છે. લાઈવેબલ પ્લેનેટ ફંડમાં પ્રારંભિક યોગદાન આપવા માટે જાપાન પ્રતિબદ્ધ છે. આ ભંડોળ પર્યાવરણીય સ્થિરતાને પ્રોત્સાહન આપતા અને આબોહવા પરિવર્તનના પડકારોને સંબોધિત કરતા પ્રોજેક્ટ્સના ધિરાણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વિશ્વ બેંકની પહેલના નોંધપાત્ર પાસાઓ પૈકી એક તેની લાભ લેવાની ક્ષમતા છે. ગીરવે રાખેલા સંસાધનોને 10 વર્ષના સમયગાળામાં છ થી આઠ વખત ગુણાકાર કરી શકાય છે, જે અમુક શરતો હેઠળ સંભવિતપણે દસ ગણા સુધી પહોંચી શકે છે. આ ગુણક અસર વિશ્વભરમાં વિકાસ પ્રોજેક્ટ્સ માટે ભંડોળ એકત્ર કરવાની બેંકની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરે છે. અજય બંગા, વિશ્વ બેંક જૂથના પ્રમુખ, બેંકની ધિરાણ ક્ષમતા વધારવામાં તેમના મહત્વ પર ભાર મૂકતા, સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે બેંકના સુધારામાં થયેલી પ્રગતિના પ્રમાણપત્ર તરીકે સમર્થનને પ્રકાશિત કર્યું અને વૈશ્વિક વિકાસ માટે સહિયારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી. વિવિધ દેશો દ્વારા કરવામાં આવેલી પ્રતિબદ્ધતાઓ વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે સામૂહિક પ્રયાસો દર્શાવે છે. દરેક દેશનું યોગદાન આંતરરાષ્ટ્રીય સહયોગ અને વિકાસ માટે તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સમર્થન પર્યાવરણીય પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગના મહત્વને પણ દર્શાવે છે. લાઈવેબલ પ્લેનેટ ફંડ માટે જાપાનની પ્રતિબદ્ધતા આબોહવા પરિવર્તન અને જૈવવિવિધતાના નુકશાન જેવા મુદ્દાઓને ઉકેલવા માટે જરૂરી સહયોગી અભિગમનું ઉદાહરણ આપે છે. વિશ્વ બેંક જૂથે વૈશ્વિક વિકાસના પડકારોને પહોંચી વળવા તેની અસરકારકતા વધારવા માટે નોંધપાત્ર સુધારા કર્યા છે.

# Awgro Realty: તમારું ગેટવે ટુ ડ્રીમ હોમ્સ અને પ્રોપર્ટી ઇન્વેસ્ટમેન્ટ એક્સેલન્સ

(એજન્સી) મુંબઇ | તા.21

રિયલ એસ્ટેટના ગતિશીલ ક્ષેત્રમાં, જ્યાં સપના આકાર લે છે અને રોકાણો ખીલે છે, એવગ્રો રિયલ્ટી નવીનતા અને વ્યાવસાયિકતાના દીવાદાંડી તરીકે ઉભરી આવે છે. રિયલ એસ્ટેટના અનુભવને પુનઃવ્યાખ્યાયિત કરવાના વિઝન સાથે સ્થપાયેલી, Awgro Realty શ્રેષ્ઠતા અને ક્લાયન્ટ-સેન્ટ્રીક સેવા માટે પ્રતિબદ્ધતા સાથે સ્વતંત્ર એજન્સી તરીકે ઊંચું ઊભું છે.

એવગ્રો રિયલ્ટી તેના નવીન અભિગમ, વ્યાવસાયિક સિદ્ધાંતો અને પ્રગતિશીલ પ્રતિષ્ઠા પર ગર્વ અનુભવે છે. વ્યૂહાત્મક રીતે સ્થિત ઓફિસ અને અનુભવી રિયલ એસ્ટેટ પ્રોફેશનલ્સની ટીમ સાથે, Awgro Realty ઉદ્યોગમાં અજોડ વ્યક્તિગત સેવાનો નવો બેન્ચમાર્ક સેટ કરવાનો પ્રયાસ કરે છે.

Awgro Realty નું મિશન સ્પષ્ટ છે: ગ્રાહકોને તેમના પ્રોપર્ટીના ધ્યેયો હાંસલ કરવામાં મદદ કરવી, પછી ભલે તે તેમની ઈન્વેસ્ટમેન્ટ પ્રોપર્ટીનું વેચાણ, ખરીદી અથવા અસરકારક રીતે સંચાલન હોય. પારદર્શક સંદેશાવ્યવહાર અને અતૂટ સમર્પણ સાથે, Awgro Realty ખાતરી કરે છે કે ગ્રાહકો દરેક પગલા પર શ્રેષ્ઠ સંભવિત પરિણામો પ્રાપ્ત કરે છે.

Awgro Realty ઘર ખરીદનારાઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને દૂર કરવા અને તેમના બજેટમાં તેમના સપના સાકાર કરવામાં મદદ કરવાના મિશન પર છે. કંપની રિયલ એસ્ટેટ સ્પેસમાં ક્રાંતિ લાવીને વ્યક્તિગત સેવાઓ પ્રદાન કરવા માટે વધારાનો માઈલ જાય છે.

Awgro Realty ગ્રાહકોને તેમની ઘર ખરીદવાની મુસાફરીના દરેક તબક્કામાં માર્ગદર્શન આપીને વ્યાપક સહાય પૂરી પાડે છે. ઘર શોધવાથી લઈને કાગળો પર સહી કરવા સુધી, ક્લાયન્ટને સીમલેસ અનુભવની ખાતરી આપવામાં આવે છે.બહુવિધ બિલ્ડરો સાથે જોડાણ કરીને, Awgro Realty ગ્રાહકોને અસંખ્ય વિકલ્પો પ્રદાન કરે છે અને તેમને ઉદ્યોગમાં શ્રેષ્ઠમાંથી શ્રેષ્ઠ સાથે જોડે છે. Awgro Realty નું વિઝન મહત્ત્વાકાંક્ષી છે છતાં ગ્રાહક સંતોષ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતામાં મૂળ છે. કંપની 10 લાખ ઘર ખરીદનારાઓને તેમના સપના સાકાર કરવામાં અને ભારતની સૌથી પ્રિય રિયલ એસ્ટેટ કંપની બનવામાં મદદ કરવા ઈચ્છે છે.

જગ્યામાં ક્રાંતિ કરીને અને ઘર ખરીદનારાઓ માટે ખુશીના નવા બેન્ચમાર્ક સેટ કરીને, Awgro Realtyનો હેતુ રિયલ એસ્ટેટ લેન્ડસ્કેપને ફરીથી વ્યાખ્યાયિત કરવાનો છે.

Awgro Realty ની સુવ્યવસ્થિત પ્રક્રિયા ગ્રાહકો માટે ઘર ખરીદવાના અનુભવને સરળ બનાવે છે. માત્ર થોડા પગલાં સાથે, ખરીદદારો તેમની આદર્શ મિલકત શોધી શકે છે.

તંત્રીની કલમે...


વિક્રમ સંવત 2080, ચૈત્ર સુદ-14

# ચૂંટણી પ્રચારમાં ભાષાનો મુદ્દો અસ્મિતાનો સવાલ

ચૂંટણી અભિયાન વચ્ચે આરોપ-પ્રત્યારોપ કોઈ નવી વાત નથી. જ્યારે પ્રચાર તમિલનાડુ જેવા રાજ્યમાં હોય, તો ભાષા આપોઆપ મુદ્દો બની જાય છે. ચૂંટણી અભિયાન જ નહીં, સામાન્ય દિવસોમાં પણ દિક્ષણના ક્ષેત્રીય પક્ષ પોતાની ભાષાકીય અસ્મિતાનો સવાલ ઉઠાવવાથી ચૂકતા નથી. તમિલનાડુ આ મામલે આગેવાન રહ્યું છે. હંમેશાં એવાં અભિયાનોમાં કેન્દ્ર સરકાર અને ભાજપ જેવી પાર્ટીઓ જ નિશાના પર રહે છે. પરંતુ ભાષાકીય અસ્મિતાને ચૂંટણી મુદ્દો બનાવવામાં એ કોંગ્રેસનું નામ પણ જોડાઈ ગયું છે, જેણે સ્વાધીનતા આંદોલન દરમ્યાન હિંદીને દેશની પ્રમુખભાષા બનાવવાનું અભિયાન ચલાવ્યું હતું. કોઈમ્બતુરની ચૂંટણી સભામાં રાહુલ ગાંધીએ તમિલ લોકોને સમજાવતાં કહ્યું કે વડાપ્રધાન મોદી દેશમાં એક જ ભાષા ઈચ્છે છે. એટલે કે વડાપ્રધાન મોદી અને તેમની પાર્ટી તમિલ વિરુદ્ધ છે. એના પર વિવાદ ઊભો થવો સ્વાભાવિક છે. ભાજપે રાહુલ ગાંધીના આ નિવેદનની ફરિયાદ ચૂંટણી પંચને કરી છે. જોકે રાહુલ ગાંધી કોંગ્રેસના પહેલા નેતા નથી, જેમણે ભાષા મુદ્દે આવું નિવેદન આપ્યું હોય. કેરળના તિરુવનંતપુરમ સીટથી ચૂંટણી લડી રહેલા શશિ થરૂર પણ ચૂંટણી પ્રચારમાં ભાજપ પર એવા આરોપ લગાવી ચૂક્યા છે. જોકે તેમના નિવેદનને એટલું મહત્ત્વ ન મળ્યું, કારણ કે કેરળમાં હિંદીને લઈને તમિલનાડુ જેવો માહોલ નથી રહ્યો. તમિલનાડુમાં તો હિંદી વિરોધમાં પાછલી સદીના સાઇઠના દાયકાના આખરી દિવસોમાં આંદોલન સુદ્ધાં થઈ ચૂક્યું છે, પરંતુ કેરળમાં એવું નથી. ચાહે રાહુલ હોય કે શશિ થરુર, બંનેના નિવેદનોનો એકમાત્ર મકસદ એ જ છે કે તે પોતાના મતદારોને એ આધાર પર પોતાના સમર્થનમાં ઊભા કરે અને તેમનો મત હાંસલ કરે. પરંતુ સવાલ એ છે કે શું આવા વિભાજનકારી નિવેદનોની ચૂંટણીમાં જરૂર છે? ભારતની રાજભાષા કે રાષ્ટ્રભાષા હિંદી હોય, તેના વિરુદ્ધ પહેલો સવાલ તમિલનાડુથી જ ઊઠ્યો. તમિલ વિરોધને કારણે બંધારણની જોગવાઈમાં હિંદીને જે હેસિયત ૨૬ જાન્યુઆરી, ૧૯૬૫ના રોજ મળવી જોઈતી હતી, તે મળી ન શકી. તમિલનાડુમાં થયેલ હિંદી વિરોધી આંદોલનને કારણે હિંદી દેશની સત્તાવાર રૂપે સંપર્ક ભાષા પણ ન બની શકી. પરંતુ ત્યારથી લઈને અત્યાર સુધી કાવેરી અને કૃષ્ણા નદીઓમાં ઘણું પાણી વહી ચૂક્યું છે. રાજકીય બુનિયાદ પર ભલે દિક્ષણી રાજ્યોમાં સીમિત હિંદી વિરોધી માનસિકતા બચેલી હોય, પરંતુ તેનો ઈનકાર ન કરી શકાય કે હવે દિક્ષણી રાજ્યોની માનસિકતા પણ બદલાઈ રહી છે. જો એવું ન હોત, તો ભલે તૂટી-ફૂટી પણ દિક્ષણી રાજ્યોમાં પણ હિંદી લખવા-બોલવાની કોશિશ ન થાત. હિંદી સિનેમાના ગીતો દિક્ષણી રાજ્યોમાં પસંદ નથી કરતા. હિંદીના રસ્તામાં સૌથી મોટી અડચણ રાજનીતિ રહી છે. પોતાના ફાયદા-નુક્સાનને ધ્યાનમાં રાખતાં એ જ સ્થાનિક લોકભાવનાઓને ક્યારેય પક્ષ, તો ક્યારેય વિપક્ષમાં ભડકાવે છે. મહાત્મા ગાંધીનું સપનું હતું કે આઝાદ ભારતની પોતાની ભાષા હોય, તે કેન્દ્રીય ભાષા બને.

# શું તમારું પણ માથું દુખે છે?

## ઠંડીમાં જ માથાનો દુખાવો ઉપડવાનુ છે એક ખાસ કારણ



**તમે આવુ અનુભવ્યુ હશે કે ઠંડીમાં માથાનો દુખાવો થાય છે. આવુ નબળી ઈમ્યુનિટી સિસ્ટમને કારણે થાય છે. બદલતા મોસમમાં આજકાલ વૃદ્ધો અને નાના બાળકો બીમાર પડે છે. આ લોકો હંમેશા માથાનો દુખાવો થવાની ફરિયાદ કરે છે. પરંતુ શુ તમે જાણો છો કે ઠંડીમાં જ માથાનો દુખાવો કેમ ઉપડે છે.**

### ઠંડીમાં કેમ દુખે છે માથું

* શરદીમા સાયનસ પણ વધી જાય છે, સાયનસની સમસ્યા થવા પર નાક વહેવું, નાકમાં દર્દ, ખાંસી, શરદી વગેરે થવા લાગે છે. જો આ સ્થિતિને કન્ટ્રોલમાં રાખવામાં ન આવે તો માથાનો દુખાવો થવા લાગે છે. સાયનસની સ્થિતિ બગડે તો વાયરલ ઈન્ફેક્શન થઈ શકે છે.
* ઠંડીના દિવસોમાં હંમેશા લોકો પાણી ઓછું પીએ છે. જ્યારે કે ગરમીની સીઝનમાં વધારે પાણી પીએ છે. ઓછામાં ઓછું 8 ગ્લાસ પાણી તો રોજ પીવું જોઈએ. પરંતુ ઠંડીમાં તરસ ઓછી લાગે છે. આવામાં શરીર ડિહાઈડ્રેટ થાય છે. ડિહાઈડ્રેટ થવા પર માથાનો દુખાવો ઉપડે છે.
* વિટામિન ડીની ઉણપથી પણ માઈગ્રેન કે બીજા પ્રકારના માથાના દુખાવા થાય છે.
* કફ થવા પર વ્યક્તિને છીંકો અને ખાંસી આવે છે. આવુ થવા પર વ્યક્તિને માથુ દુખવા લાગે છે. વ્યક્તિના નાકમાં કફ જમા થાય છે. તેથી નાક સાફ કરતા સમયે વ્યક્તિએ જોરથી નાક સિંકોડવુ જોઈએ. ક્યારેક આ કોર્સ એટલો વધારે લાગે છે કે, પ્રેશર સીધું માથા સીધું પહોંચે છે. આવી સ્થિતિમાં માથાનો દુખાવો વધી જવાની શક્યતા વધી જાય છે.
* ઠંડીમાં આમ તો ઉંઘ સારી આવે છે. પરંતુ શરદી-ખાંસીને કારણે ક્યારેય લોકોને રાતે પૂરતી ઊંઘ આવતી નથી. આવામાં જો સારી ઊંઘ ન આવેતો વ્યક્તિનું માથું બીજા દિવસે દુખવા લાગે છે.

**અત્યંત જરૂરી સૂચના** | જો શરદીમાં માથાનો દુખાવો ઉપડે તો કોફી, ચા સતત પીવાનું રાખો. માથુ વધુ દુખે તો ડોક્ટરની સલાહ પર દવા લેવી જોઈએ.

**બદલતા મોસમમાં આજકાલ વૃદ્ધો અને નાના બાળકો બીમાર પડે છે. આ લોકો હંમેશા માથાનો દુખાવો થવાની ફરિયાદ કરે છે**

# સવારના સમયે પાણીમાં ઉકાળીને પીઓ તમાલપત્ર, એક નહીં મળશે સાત ફાયદા



તમાલપત્ર એક એવી જડીબુટ્ટી છે જે રસોઈમાં સરળતાથી મળી રહે છે. આ પાનના અનેક ફાયદા છે જે હેલ્થને માટે લાભદાયી રહે છે. તમાલપત્ર દરેકની રસોઈમાં મળી રહે છે. તે સ્વાસ્થ્ય માટે લાભદાયી રહે છે. તમાલપત્રનું પાણી પીવાથી અનેક સ્વાસ્થ્ય લાભ મળે છે. તો જાણો પારંપરિક નુસખો નહીં પણ સ્વાસ્થ્યવર્ધક પ્રક્રિયા છે.



**વજન ઘટાડવામાં મળે છે મદદ |** તમાલપત્રને પાણીમાં ઉકાળીને પીવાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. તેમાં એન્ટીઓક્સીડન્ટ્સ તત્વો શરીરની રોગપ્રતિરોધક ક્ષમતાને વધારે છે. સવારે તમાલપત્રનું પાણી પીવાથી પાચન તંદુરસ્ત રહે છે. તે તમારા બીપીને કંટ્રોલમાં રાખવામાં મદદ કરે છે. તો જાણો આ પાણી કેવી રીતે બનાવવું.

**કેવી રીતે બનાવશો આ પાણી |** સૌથી પહેલા તાજા તમાલપત્રના પાન લો. આ પાનને સારી રીતે ધોઈ લો. એક ગ્લાસ પાણી લો અને તેને ઉકાળો. જ્યારે પાણી ઉકળી જાય તો તેમાં તમાલપત્રના પાન ઉમેરો. 5-10 મિનિટ સુધી તેને ઉકાળો. આ પછી ગેસ બંધ કરીને પાણીને ઠંડું થવા દો. આ પાણીને ગાળી લો અને એક કપમાં કાઢો. ગરમાગરમ પાણી પીઓ. તેમાં થોડું આદુ અને લીંબુંનો રસ પણ મિક્સ કરી શકાય છે.

**જાણો શું મળશે શરીરને ફાયદા |** તમાલપત્રનું પાણી વજન ઘટાડવાની પ્રક્રિયામાં મદદ કરે છે. તે ભૂખ ઓછી કરે છે અને શરીરને ડિટોક્સ કરવામાં મદદ કરે છે. એન્ટીઓક્સીડન્ટ્સથી ભરપૂર આ પાણી રોગ પ્રતિરોધક ક્ષમતાને વધારે છે. એન્ટીઓક્સીડન્ટ્સ, ફ્રી રેડિકલ્સ નામના હાનિકારક તત્વો સામે લડે છે જે અનેક બીમારીનું કારણ બને છે. પેટની સાથેની સમસ્યાઓ જેવી કે કબજિયાત, અપચોને રોકવામાં મદદ કરે છે.


## દૂધ, માખણ અને પનીર કરતાં પણ વધુ તાકાતવર છે આ શાકભાજી



લોકો ઝુકીની વિશે મૂંઝવણમાં રહે છે કારણ કે તે કાકડી જેવું લાગે છે. તે ફાઈબર, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન અને હેલ્થી ફેટ્સથી ભરપૂર છે. તેમાં ફોલેટ, વિટામિન સી, પોટેશિયમ, ઝિંક અને ફાઈબર જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ આ ખૂબ જ ફાયદાકારક છે. ઝુકીની પોટેશિયમ, ફોલેટ અને વિટામિન સીથી ભરપૂર છે. આ હાડકાં, દાંત અને ત્વચાને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. આ આપણને મજબૂત રાખવામાં મદદ કરી શકે છે. આ ઉપરાંત તેઓ ઉંમર પ્રમાણે શરીરની રચનાને જાળવી રાખવામાં પણ મદદરૂપ થાય છે. આ સિવાય ગર્ભાવસ્થા દરમિયાન ઝુકીની ખાવી ખૂબ જ ફાયદાકારક છે. તેમાં જોવા મળતું ફોલેટ ગર્ભાવસ્થા દરમિયાન બાળકના ન્યુરોલોજીકલ વિકાસ માટે મહત્વપૂર્ણ છે.આનાથી ગર્ભાવસ્થા દરમિયાન માતા અને બાળક બંને સ્વસ્થ રહે છે.

# KIDNEY DAMAGE

## કિડનીને ગંભીર નુકસાન પહોંચાડે છે આ પાંચ વસ્તુ, ભોજનમાં સામેલ કરવાનું ટાળો



શરીરને હેલ્થી રાખવા માટે બોડીના બાકીના અંગોનું સ્વસ્થ રહેવું જરૂરી છે. હાર્ટ, લિવર, ફેફસાની જેમ કિડનીને પણ સ્વસ્થ રાખવી જરૂરી છે. તે શરીરનું ફિલ્ટર હોય છે, જે બોડીના ટોક્સિન્સને બહાર કાઢે છે. તે શરીરમાં લોહીને ફિલ્ટર કરે છે અને ઈલેક્ટ્રોલાઈટ્સને બેલેન્સ કરવામાં મદદ કરે છે. કિડનીને સ્વસ્થ રાખવા માટે હેલ્થી ભોજન ખુબ જરૂરી છે. જો તમે ભોજનમાં ખોટી વસ્તુને સામેલ કરો છો તો કિડની સાથે જોડાયેલી બીમારીના શિકાર બની શકો છો. અહીં તમને પાંચ એવી વસ્તુ વિશે જણાવી રહ્યાં છીએ જેનાથી તમારે દૂર રહેવું જોઈએ.

**1. કેળા |** કેળામાં પોટેશિયમની માત્રા વધુ હોય છે. પરંતુ તેમાં સોડિયમની માત્રા ઓછી હોય છે. પરંતુ કિડનીની સમસ્યાથી બચવા માટે કેળાને દરરોજ ભોજનમાં સામેલ કરવાથી બચવું જોઈએ.

**2. ફ્રાઇડ પોટેટો |** જો તમને ચિપ્સ જેવા પેકેટ ખાવ છો કો ફ્રેન્ચ ફ્રાઇસ ખાવાનું પસંદ કરો છો તો તે તમારી કિડની માટે સારૂ નથી. કિડની સાથે જોડાયેલી સમસ્યાથી બચવા માટે તળેલી વસ્તુ ખાવાથી બચો. જો તમને કિડનીની કોઈ બામારી છે તો બટાટા ખાવાથી બચો કારણ કે તેમાં પોટેશિયમની માત્રા વધુ હોય છે, જે કિડની માટે સારૂ નથી.

**3. કેફીનવાળી વસ્તુ |** કોફી, ચા, સોડા જેવી વસ્તુમાં કેફીન હોય છે, જે કિડની પર દબાવ નાખે છે. કેફીન બ્લડ ફ્લો, બ્લડ પ્રેશર અને કિડની પર તણાવ વધારે છે. વધુ કેફીન લેવાથી કિડનીમાં પથરીની સમસ્યા થઈ શકે છે.

**4. નમક |** સોડિયમની વધુ માત્રાથી બ્લડપ્રેશર વધે છે, જેના કારણે કિડની પર દબાવ પડે છે. ડબ્બાબંધ સૂપ, પ્રોસેસ્ડ મીટ, સોસ, પિઝ્ઝા, કેચઅપ, બીબીક્યૂ સોસ, સોયા સોસ, અથાણા જેવી વસ્તુમાં નમકની માત્રા વધુ હોય છે.

**5. સોડા |** સોડામાં ખાંડની માત્રા વધુ હોય છે અને તેનામાં પોષણ મૂલ્ય નામના હોય છે. દરરોજ બે કે વધુ કાર્બોનેટેડ સોડા પીવાથી કિડની સાથે જોડાયેલી સમસ્યા થઈ શકે છે. કાર્બોનેટેડ અને એનર્જી ડ્રિંક બંનેમાં પથરી થવાનો ખતરો રહે છે.

# હાઈ પ્રોફાઈલ લોકોની રિયલ લાઈફનું સચોટ પદાર્પણ

ઈશ્વરે સૃષ્ટી રચી હશે ત્યારે "આડંબર મતલબ છલ કપટ મિશ્રિત સ્વભાવ" વાળા માણસ ની કલ્પના કરી નહિ હોય. "અહિંસા પરમો ધર્મ" આ સલોગન ને લોકો ફોલો તો ખૂબ કરે છે પરંતુ માનતા નથી.દુનિયા ના પ્રત્યેક લોકોને એવું છે કે હું જે કંઈ કરું છું એ અન્ય ને ક્યાં ખબર છે? સફળતા મેળવવી એજ મંત્ર બાકી અન્ય નું વિચારીશ તો જોયેલા સ્વપ્ન પૂરા થશે જ નહિ.સામન્ય ઉદાહરણ આપીને સમજવું : ગામમાં એક સજ્જન માણસ લોકોનો ખૂબ આદરણીય ને મોભાદાર મનવામાં આવતો હતો. લોકો નાની મોટી સમસ્યા માં એની પાસે ઘણી આશા લઈને જતા હતા પરંતુ મોટાભાગે એનો હસતો ચહેરો ને આશીર્વાદ મુદ્રામાં ઉઠેલ હાથના દર્શન કરીને પરત ફરતા હતા.છતાંય લોકોને એના પર આસ્થા હતી કે આ જ બધું કરવા સક્ષમ છે. માણસ નું બહાર નું વ્યક્તિત્વ અને અંદર નું બન્ને અલગ અલગ હતા.માણસ ના પૂર્વ કર્મ માં લીધે એની પાસે સંપતિ અધધધ હતી પરંતુ એની સંપતિ માંથી રૂપિયો ખર્ચ કરવો હોય તો પણ એનો જીવ ચાલતો નહતો.છતાંય માણસ લોભી હતો છતાંય સમાજમાં એ મોભેદાર માનવા મા આવતો હતો આવુ વિરોધાભાસી ચિત્ર કેમ?

આવું કેમ? વર્તમાન સમય માં સામન્ય માણસ એ નકલી આભાસી ચિત્ર ની પરછાઇ ની આસપાસ ભાગ્યા દોડ્યા કરે છે. ઓસ્કર વર્લ્ડ ની વાર્તા "સેલ્ફિશ જાયન્ટ" ની માફક. માણસ નું આભાસી ચિત્ર એ એની રહેણી કરણી ને લીધે વધારે અસ્પષ્ટ છે. વર્ષો પહેલાં કોંકણા સેન નું મૂવી નું મૂવી "પેજ ૩" માં આડંબર ની નકલી દુનિયા નો મસ્ત પરદા ફાસ કર્યો છે. આ મૂવી માં એન.જી. ઓ ચલાવતી સંસ્થા,મૂવી માં કામ કરતા કલાકારો,પ્રોડ્યુસર ડાયરેકટર,ન્યુઝ મીડિયા, અબજોપતિઓ, વગેરે કહેવાતા હાઈ પ્રોફાઈલ લોકોની રિયલ લાઈફ નું સચોટ પદાર્પણ કર્યું છે. આ પ્રકારની આડંબર ભરી નકલી ચહેરા ની પાછળ ની લાઈફ જાણવાનો સામન્ય લોકો ને રસ નથી હોતો ઉલટાના આ બધા લોકોના રોલ મોડેલ હોય છે.

સૃષ્ટી માં માનવ જીવનની શરૂઆત થઈ ત્યારે કીડી વાંદા,મકોડા, સિંહ,હાથી વગેરે ની જેમ માણસ પણ કપડા નહતો પહેરતો. માણસ નું જીવન પણ અન્ય સૃષ્ટી ના જીવોની જેમ બેફિકર બિન્દાસ ઘર,સંપતિ,સ્ટેટ્સ,બેંક બેલેન્સ દાગીના વગેરે વગર નું ચિંતા રહિત મુક્ત જીવન હતું. પરંતુ જ્યારથી માણસ એ શરીર ઢકવાનું ચાલુ કર્યું ત્યારથી માણસ એ "આડંબર" ના કપડા ઓઢી ને ફરતો થઈ ગયો ને માણસ નું જીવન "હા..થી ..કે હા..છે" શબ્દો માં અટવાઈ ગયું. શિક્ષણ ક્ષેત્રે તો સૌથી વધારે આડંબર વધ્યો છે. પરિવાર ના દીકરા એ મેડિકલ માં એડમીશન લીધું તો લેવું પડે..બાજુ વાળની દીકરી ઊંચી ફી વાળી ડે સ્કૂલમાં ભણે તો આપણા એ પણ ત્યાં ભણવું ફરજિયાત..વધારે માર્કસ લાવવા માટે વિષયો ની એવી તો ગોખણપટ્ટી કરવાની કે પેપર આવ્યું ને છાપ્યું વગેરે પાછલ કારણ શું? કારણ એ કે પાંચ માણસો વચ્ચે માભો દેખાડવા "મારો દીકરો કે દીકરી મેડિકલ કે એન્જિનિયરિંગ માં છે " આ માટે તેવડ થી વધારે પેરેન્ટ્સ બાળકો ના ભણતર પાછળ ખર્ચ કરે છે ને પેરેંટ્સ ની ઈચ્છા ફૂલ્ફિલ કરવા રાફડા ની જેમ સ્કૂલો,કોચિંગ ક્લાસ,કોલેજો ખુલી ચુકી છે..



આડંબર

- રુપાલી દવે

અબજોપતિ લોકો પોતાના ટેક્સ બચવવાં સી.આર ફન્ડ નો ઉપયોગ એનજીઓને દાન માં કરતી હોય છે અથવા તો આ ફંડ ખુદના પરિવારના સભ્યોના નામે એન.જી.ઓ જેવી કે ગરીબ બાળકો ને શિક્ષણ, મહિલાઓને સહાયતા,બેસહારા સ્ત્રીઓ દિકરીઓને માટે આશ્રમ વગેરે. આ પ્રકાર ના એન.જી ઓ એ આમ જુવો તો એક પ્રકારના આડંબર સમજો.આ પ્રકાર ના કહેવાતા સેવાકીય એન.જી.ઓમાં બાળકો, મહિલાઓ, દીકરીઓ પરના શોષણ ના મામલા ફિલ્મો,સમાચાર ના માધ્યમ થી વારંવાર બહાર આવતા હોય છે. સવાલ થાય છે કે શું કામ માણસ ને ખુદના આડંબર સંતોષવા છે? તો એનો જવાબ મળવો અશક્ય છે.

વર્તમાન સમય નો માણસ વધારે સેલ્ફ સેન્ટર છે એ માત્ર ને માત્ર ખુદના માટેજ વિચારે છે એટલે એને એની આસપાસ ની સુંદર પ્રેમાળ દુનિયાની કદર નથી. પ્રેમ કે લાગણી શબ્દ એ વજન માં વેચાઈ છે સાચા અર્થ મા પ્રેમ એ "ખૂબ સુરત" કે "મનોરમ્ય" ચીજ ને મેળવવાની રેસ છે મળી ગયા પછી એની કિંમત ઘરમાં પડેલી રદ્દી માત્ર જેટલી થઈ જાય છે. એક વખત ભગવાન બુદ્ધ એના ચેલા સાથે ભિક્ષા વહોરવા નીકળ્યા. રસ્તામાં ગુરુ પાસેથી ધર્મ જ્ઞાન લેતા લેતા ચેલા ની નજર એક ભવ્ય ઈમારત પર પડી,ઈમારત પર પડતાં જ ચેલા એ પૂછ્યું કે ગુરુ દેવ આપ આજ્ઞા કારો તો હું આ ભવ્ય ઈમારત માં ભિક્ષા વહોરવા જવ. ગૌતમ બુદ્ધે કહ્યું કે શિષ્ય,એ ઈમારત પરથી ખાલી હાથે પરત ફરવું પડશે પરંતુ છતાંય તારી ઈચ્છા હોય તો જા. શિષ્ય એ ઈમારત ની અંદર ગયો ને બોલ્યો કે "ભિક્ષા ન દેહી"..ઈમારત ના મુખ્ય દરવાજા માંથી એક સ્ત્રી બહાર આવી ને બોલી કે અમારે ત્યાં કશું બનાવ્યું જ નથી,બધું ભોજન વાસી છે. તમારી નજર માં જેટલું પણ દ્રશ્યમાન થાય છે એ બધું વાસી છે. શિષ્ય ખાલી હાથે ગુરુ પાસે ફર્યો ને બોલ્યો કે ગુરુદેવ,આપની વાત સત્ય છે ત્યાંથી કશુંય મને મળ્યું નહી પરંતુ સ્ત્રીની એ "વાસી" વાત સમજાય નહિ..

ગૌતમ બુદ્ધે એ શિષ્ય ના ખંભે હાથ મૂકીને સમજાવ્યું કે શિષ્ય એ સ્ત્રીનું કહેવું એમ હતું કે એની પાસે જે ધનધાન્ય સંપતિ છે એ પૂર્વ અનેક જન્મો ના કર્મ છે આ જન્મ માં સંપતિ ના "આડંબર" જ માત્ર કમાયા છીએ. સાધુ ને આડંબર પીરસાય નહિ ને વાસી ખોરાક અપાઈ નહિ..

વર્તમાન સમયમાં માણસો સુખરૂપ જીવન જીવવા કરતાં રૂપિયા ગમેતેમ કરીને એકઠા કરીને તિજોરી ભરવાની હોડ વધારે જામી છે.નેતાઓ ને ગમેતેમ કરીને એની સામેના વિપક્ષ ને ચૂંટણી પહેલાં ખત્મ કરીને સંપૂર્ણ મેદાન કબજે કરવાનું "આડંબર" છે.ખુદના વિકાસ ની શાખા ને ઊંડે ઊંડે સુધી રોપવા શામ,દંડ,ભય,ભેદ માટે બધાય હથકન્ડા અપનાવવા ના..આડંબર ની દુનિયા માં સૌથી વધારે ગરીબ ગરીબ થયા છે ને અમીર ની તિજોરી અમીર બની આ વાત કહેવી પણ ખોટી છે. વર્તમાન મોર્ડન યુગમાં માણસ નો પશુઓ માફક વેપાર થાય છે. દેહ વ્યાપાર ના બિઝનેસ માં સ્ત્રીઓ કરતાં પુરુષો વધારે છે. દયા,પ્રેમ,તિતિક્ષા, માયા,જીવ દયા,લાગણીઓ,ધર્મ નું સંપૂર્ણ અવમૂલ્યન વગેરે વગેરે સંપૂર્ણ "આડંબર" રૂપી ભ્રામિક ઝાળ સમજો. આજનો સમાજ બિલકુલ "આડંબર ના દુપટ્ટા ઓઢેલા વાસી ખોરાક જેવો છે..

# દુબઈમાં કૃત્રિમ વરસાદના પ્રયોગોથી પૂર આવ્યું ?

અદમ ગરમ અને સૂકા રણ પ્રદેશ એવા યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)ના દુબઈમાં અચાનક પડેલા ભારે વરસાદ અને તેના કારણે આવેલા પૂરે આખી દુનિયાને ચોંકાવી દીધી છે. યુએઈ આખા દેશમાં સામાન્ય રીતે ૧૪૦ મિમિથી ૨૦૦ મિમી વરસાદ પડે છે જ્યારે દુબઈમાં વરસ દરમિયાન માત્ર ૯૭ મિમી વરસાદ પડે છે. એપ્રિલ મહિનામાં તો વરસાદ થતો જ નથી ને છેલ્લાં કેટલાંક વરસોથી સરેરાશ લગભગ આઠ મિમી વરસાદ આવે છે. આ અભૂતપૂર્વ વરસાદના કારણે આવેલા પૂરને લીધે દુબઈ અને બીજા દેશોમાં પણ ચોતરફ પાણી જ પાણી ફરી વળ્યું. પૂર આવ્યાના ત્રણ દિવસ પછી પણ દુબઈના રસ્તાઓ અને શેરીઓમાં હજુ પાણી જ પાણી છે. સેંકડો ટેક્સીઓ અને કાર પાણીમાં ફસાયેલી પડેલી દેખાય છે. દુબઈ એરપોર્ટ દુનિયાનું બીજા નંબરનું સૌથી વ્યસ્ત એરપૉર્ટ છે. રન-વે પર પાણી ભરાઈ જતાં એરપોર્ટ બંધ કરી દેવું પડયું અને અનેક ફ્લાઈટ પાછી વાળવી પડી. રન-વે પર હજુ પાણી ભરાઈ ગયેલું છે તેથી દુબઈ એરપોર્ટ ક્યારે શરૂ થશે એ ખબર નથી. આ પૂરે ભારે ખાનાખરાબ સર્જી છે. લગભગ ૨૦ લોકોનાં મોત થયાં છે અને અબજોનું નુકસાન થયું છે. કતાર, બેહરીન અને સાઉદી અરેબિયામાં પણ ભારે વરસાદ પડયો પણ ત્યાં યુએઈ જેવી ખરાબ હાલત થઈ નથી. સોશિયલ મીડિયા પર દુબઈનાં લોકોની શું હાલત છે તેના વીડિયો વાયરલ થયા છે. એક વિડિયોમાં એરપોર્ટ પર વિમાન પાણીમાં તરતું હોય એવું દેખાય છે. એરપોર્ટ એપ્રોચ અને ટેક્સી-વે પર પાણી ભરાઈ ગયાં છે. લોકોને ખાવા-પીવાની ચીજો માંડ માંડ મળી રહી છે. લોકો ઘરોમાં પૂરાઈ રહ્યાં છે અને વર્ક ફ્રોમ હોમ કરી રહ્યાં છે. દુબઈનાં લોકોનું જનજીવન સામાન્ય ક્યારે થશે એ ખબર નથી પણ દુબઈના પૂરે ક્લાઈમેટ ચેન્જ અને



પોતાના ફાયદા માટે ટેકનોલોજીના ઉપયોગનો અતિરેક કરવાની માનસિકતા ફરી ચર્ચામાં છે. યુએઈ સરકાર એવો બચાવ કરી રહી છે કે, ભારે વરસાદ કુદરતી ઘટના છે અને કુદરતની સિસ્ટમ સાથે ચેડાં કરાયાં તેના કારણે આ સ્થિતી સર્જાઈ નથી. યુએઈમાં ક્લાઉડ-સીડિંગના કારણે ભારે વરસાદ પડયો એ વાત ખોટી છે. ઘણા બધા હવામાનશાસ્ત્રીઓ પણ યુએઈ સરકારની વાતમાં સૂર પુરાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે, વરસાદ પહેલાં કટ ઓફ લો પ્રેશર વેધર સિસ્ટમ સર્જાઈ હતી. આ સિસ્ટમે ગરમ અને ભેજવાળી હવાને ખેંચી લીધી અને રસ્તામાં આવતી બીજી તમામ વેધર સિસ્ટમ્સને રોકી લીધી. તેના કારણે વાદળો આગળ ના વધી શક્યાં ને યુઈએ પર જ ખાબકી ગયાં. ભારે વરસાદ માટે જવાબદાર તોફાનની આગાહી પહેલાંથી કરી દેવામાં આવી હતી તેથી બીજાં કોઈ અનુમાન કરવાની જરૂર નથી. કટ ઓફ લો વેધર સિસ્ટમ સર્જાઈ તેના માટે ક્લાઈમેટ ચેન્જ જવાબદાર હોવાનું હવામાનશાસ્ત્રીઓ સ્વીકારે છે. ગરમ હવા વધારે ભેજનો સંગ્રહ કરી શકે છે. સામાન્ય રીતે ૧ ડીગ્રી સેલ્સિયસ તાપમાન વધે એટલે લગભગ ૭ ટકા વધારે ભેજ સચવાય. જેમ જેમ ભેજ વધે તેમ તેમ વાદળાં ભારે થતાં જાય તેથી આગળ ના વધી શકે ને છેવટે વરસાદ તૂટી પડે. યુએઈમાં આ જ થયું છે એવો તેમનો દાવો છે. યુએઈમાં કન્સ્ટ્રક્શન અને વાહનો વધી રહ્યાં છે તેથી ગરમી પણ વધી રહી છે. તેના કારણે વરસાદ વધશે. બાવીસમી સદી આવતાં સુધીમાં યુએઈમાં ૩૦ ટકા વધારે વરસાદ પડતો હશે અને ભારે વરસાદ-પૂરની ઘટનાઓ પણ વધશે એવું તેમનું માનવું છે. હવામાનશાસ્ત્રીઓનો એક વર્ગ માને છે કે, યુએઈ પોતાના પાપને છૂપાવવા આ બધી વાતો કરે છે. બાકી વાસ્તવિકતા એ છે કે, ક્લાઉડ સીડીંગના કારણે ભારે વરસાદ પડી ગયો. ક્લાઉડ સીડિંગ કરનારને કેટલા પ્રમાણમાં સિલ્વર આયોડાઈડનો છંટકાવ કરવો તેનો અંદાજ ના રહ્યો તેમાં હાલત બગડી ગઈ. યુએઈ હવે પોતાની ભૂલ છૂપાવવા માટે હવામાનશાસ્ત્રીઓને આગળ કરી રહી છે. આ બંનેમાંથી સાચું કોણ એ ખબર નથી પણ બંને સંજોગોમાં માણસ કુદરતની સિસ્ટમ સાથે ચેડાં કરે છે એ પરિબળ તો જવાબદાર છે જ. ક્લાઈમેટ ચેન્જ પણ અંતે તો માનવસર્જિત આફત જ છે ક્લાઉડ સીડિંગમાં તરત જ પરિણામ સામે દેખાય છે જ્યારે ક્લાઈમેટ ચેન્જની અસરો લાંબા ગાળાની છે એટલો ફરક છે. દુબઈની ઘટના પછી હવામાનશાસ્ત્રીઓ ક્લાઈમેટ ચેન્જના મુદ્દાને વધારે ગંભીરતાથી લેવા કહી રહ્યા છે. સાથે સાથે વધતા શહેરીકરણને રોકીને દરિયાકાંઠાનાં શહેરો માટે યોગ્ય પ્લાનિંગ પર પણ ભાર મૂકી રહ્યા છે. તેમના મતે, દુબઈ નાનું શહેર છે પણ મુંબઈ કે ચેન્નાઈ જેવા દરિયાકાંઠાના બીજા કોઈ શહેરમાં આ પ્રકારે કટ ઓફ લો વેધર સિસ્ટમ સર્જાય તો હાહાકાર મચી જાય. આ સિસ્ટમના કારણે યુએઈમાં છેલ્લાં દોઢ વર્ષનો બધો જ વરસાદ ૧૫ એપ્રિલથી ૧૬ એપ્રિલના ૨૪ કલાકમાં જ વરસી ગયો. ગીચ વસતી ધરાવતાં આ શહેરોમાં આવો વરસાદ પડે ને પૂર આવે તો આખું શહેર તબાહ થઈ જાય.

હજારોની સંખ્યામાં લોકોનાં મોત થાય ને બીજા નુકસાનની તો ગણતરી જ થઈ શકે તેમ નથી. આ સ્થિતી સર્જાય એ પહેલાં જાગવું જોઈએ. ક્લાઉડ સીડીંગ ખતરનાક, જમીનને નકામી બનાવી દે છે દુબઈ પાણીની તંગીને પહોંચી વળવા માટે ૧૯૯૦ના દાયકાથી ક્લાઉડ સીડિંગ કરે છે. વિજ્ઞાનીઓ ક્લાઉડ સીડિંગને ખતરનાક માને છે. ક્લાઉડ સીડિંગ કરનારા દેશના પાડોશી દેશોની વરસાદની આખી સિસ્ટમ ખોરવાઈ જાય છે એ મોટો ગેરફાયદો છે. ક્લાઉડ સીડીંગ કરનારો દેશ પોતાને ત્યાં કૃત્રિમ વરસાદ કરાવી દે પછી આગળ વધતાં વાદળોમાં પાણી ના હોય તેથી પાડોશી દેશોમાં વરસાદ પડે નહીં. કુદરતી રીતે વાદળો આગળ વધીને વરસાદ પાડે એ પ્રક્રિયા જ ખોરવાઈ જાય. ક્લાઉડ સીડિંગમાં વપરાતા એજન્ટ્સ કુદરતી હાયડ્રોલોજિકલ સાયકલને પણ ખોરવી નાંખે છે. વરસાદના પાણી સાથે આ એજન્ટ પણ જમીનમાં જાય તેથી જમીનના કુદરતી ભેજ, જમીનમાં રહેલા પાણીના સ્તર વગેરેને પણ અસર થાય છે. દુબઈમાં કશું પાકતું નથી તેથી તેમને જમીન પર થનારી ખરાબ અસરોની ચિંતા ના હોય પણ બીજા દેશો માટે ચિંતાનો વિષય છે. ક્લાઉડ સીડીંગમાં સિલ્વર આયોડાઈડ વપરાય છે. સિલ્વર ટોક્સિકિટી દરિયાઈ જીવો અને જમીન બંને માટે ખતરનાક છે. યુએઈ ઈન્કાર કરે છે પણ દુબઈમાં પડેલા ભારે વરસાદ માટે ક્લાઉડ સીડીંગને જવાબદાર માનવામાં આવે છે. ક્લાઉડ સીડિંગ પાણીવાળાં વાદળોમાંથી વધારે પ્રમાણમાં પાણી ખેંચવાની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા દ્વારા કૃત્રિમ વરસાદ વરસાવાય છે. યુએઈ છેલ્લાં કેટલાંક વરસોથી નિયમિત રીતે ક્લાઉડ સીડિંગ ટેકનિક વડે વરસાદ પાડે છે કે જેથી પાણીની તંગી દૂર થાય. ક્લાઉડ સીડીંગ ખર્ચાળ પ્રક્રિયા છે. બધા દેશોને એ ના પરવડે પણ યુએઈ ધનિક દેશ છે તેથી આ પ્રયોગો કરે છે. હવામાન નિષ્ણાતો પણ ક્લાઉડ સીડીંગની વાતને નકારે છે પણ પૂર આવ્યું તેના બે દિવસ પહેલાં ક્લાઉડ સીડીંગ કરતાં વિમાનો ઉડતાં દેખાયાં હતાં. ટોચનાં મીડિયાએ પણ આ વાતને સમર્થન આપ્યું છે. આ પ્રક્રિયામાં વિમાનમાંથી વાદળો પર સિલ્વર આયોડાઈડનો છંટકાવ કરવામાં આવે છે તેથી વાદળાં બંધાવાની પ્રક્રિયા ઝડપી બને છે. સિલ્વર આયોડાઈડ હવાના સંપર્કમાં આવે પછી ભેજને ખેંચવા માંડે છે અને તેને બરફના કણ બનાવી દે છે. બરફ હવામાં ઝડપથી ગતિ ના કરી શકે તેથી જમીન તરફ જાય છે ને પાણીના રૂપમાં નીચે પડે છે. વિજ્ઞાનીઓ નવેમ્બર મહિના અને ફેબ્રુઆરીથી મે દરમિયાનના સમયને ક્લાઉડ સીડિંગ માટે શ્રેષ્ઠ માને છે. ઠંડી પડતી હોય ત્યારે ક્લાઉંડ સીડિંગ શક્ય નથી બનતું પણ એપ્રિલ-મે મહિનાનો સમય ક્લાઉડ સીડિંગ કરાવીને કૃત્રિમ વરસાદ કરાવવા માટેનો શ્રેષ્ઠ સમય મનાય છે.

## નક્સલવાદની પૂંછડી બચેલી છે છત્તીસગઢમાં સફાયાની શરૂઆત

જ્યારે જ્યારે નક્સલવાદીઓ કે ત્રાસવાદીઓ પર સલામતી રક્ષકો હુમલો કરીને તેમના છૂપા અડ્ડા પર કબ્જો કરી લે છે ત્યારે ત્યાંથી જપ્ત થયેલાં શસ્ત્રોના પ્રદર્શનની તસવીરો પછી સમાચાર માધ્યમોની સામગ્રી બને છે. તેમાં આધુનિક મશીનગન, રોકેટ લૉંચર, હાથેથી ફેંકવાના બૉંબ, રોકેટ વેગેરે હોય છે. ૧૬ એપ્રિલે છત્તીસગઢના કાંકર જીલ્લામાં નક્સલવાદીઓના છૂપા અડ્ડા પર સિક્યોરિટી ફોર્સે હુમલા કરીને ૨૯ નક્સલવાદીઓને ઢાળી દીધા હતા. સિક્યોરિટી ફોર્સનું આ સૌથી અસરકારક ઓપરેશન હતું. અબુ ઝમાદના જંગલોમાં સિક્યોરિટી ફોર્સની લાંબા સમય સુધી ગેરહાજરી હોવાથી નક્સલવાદીઓ અહીં મજબૂત પકડ ઊભી કરી શક્યા હતા. કાંકર જીલ્લાના દક્ષિણ ભાગમાં આવેલા જંગલોમાં કોઇ જઈ શકતું નહોતું. ત્યાં કાર કે ટ્રક જઈ શકે એમ નહોતા, કેમ કે રસ્તાઓ ખોદી નાખવામાં આવતા હતા. ૪૦૦૦ સ્કેવર કિલોમીટરમાં પથરાયેલાં આ જંગલો ગોવા રાજ્ય કરતાં પણ વધુ વિસ્તાર ધરાવે છે. આ જંગલોમાંથી નક્સલવાદીઓ મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં અવરજવર કરતા રહ્યા છે. છત્તીસગઢમાં ભાજપની સત્તા આવી છે ત્યારથી આ જંગલોમાં પ્રવેશના બે માર્ગો પર ચોકી ગોઠવી દેવાઇ હતી. તેને કારણે નક્સલવાદીઓના છૂપા અડ્ડાની માહિતી મળી શકી હતી અને પછી તેના પર હુમલો કરાયો હતો. ગયા રવિવારે એક ચૂંટણીસભામાં ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું કે ભારતમા નક્સલવાદની એક પૂંછડી બાકી રહી ગઇ છે, જે છત્તીસગઢમાં છે. એનો ટૂંક સમયમાં અંત કરી દેવામાં આવશે. અમિત શાહે કહ્યું તેના બે જ દિવસ પછી સિક્યોરિટી ફોર્સે હુમલો કર્યો



હતો. સરકાર આગામી ત્રણ વર્ષમાં નક્સલવાદને સંપૂર્ણપણે ખતમ કરવા માગે છે. આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૭૯ નક્સલવાદીઓનો ખાત્મો બોલાવાયો છે. સત્તાવાળાઓએ આ વખતે વ્યૂહરચના બદલી હતી. જંગલોમાં જતા સામાનના પર પાક્કી નિગરાની રખાઇ હતી. ૧૬ એપ્રિલે સિક્યોરિટી ફોર્સે હુમલો કરીને નક્સલવાદીઓને મેસેજ આપી દીધો છે કે શસ્ત્રો હેઠા મૂકીને શરણે આવો, નહીંતર અમારી ગોળીઓ તમને નહીં છોડે. સામે પક્ષે, નક્સલવાદીઓ ખાઇ બદેલા છે. તેમની પાસે આધુનિક શસ્ત્રો છે અને સરકારવિરોધી વિચારો ધરાવતા યુવાનો છે. જંગલોમાં રહેતા લોકોના એક વર્ગનો તેમને સાથ છે. સિક્યોરિટી ફોર્સના અધિકારીઓ કહે છે કે નક્સલવાદીઓ વળતો હુમલો કરી શકે છે, કેમ કે તેમના પાસે પૂરતાં શસ્ત્રો છે અને ઝનૂની સાથીઓ છે. આ વખતે સત્તાવાળાઓએ જંગલના તમામ એન્ટ્રી પોઇન્ટ પર વોચ ગોઠવીને તેમને મળતાં શસ્ત્રો, ફૂડ આઇટમ વગેરે પર બ્રેક મારી દીધી છે. સત્તાવાળાઓ તેમને હજુ વધુ ગૂંગળાવીને ભીંસમાં લેવા માગે છે. ગાઢ જંગલો સુધી અત્યંત આધુનિક શસ્ત્રો કેવી રીતે પહોંચે છે અને આ શસ્ત્રો ચલાવવાની તાલીમ તેમને કોણ આપે છે જેવા મહત્ત્વના પ્રશ્નો સિક્યોરિટી ફોર્સ હજુ સુધી ઉકેલી શકી નથી. આઝાદ ભારતમાં નક્સલવાદ મારફતે કેટલાંક તત્ત્વો પોતાનો કક્કો ખરો કરવા મથે તે સત્તાવાળાઓ માટે પડકાર સમાન છે. નક્સલવાદીઓ હુમલા ચાલુ રાખીને વ્યૂહરચના બદલ્યા કરે છે, પરંતુ આ વખતે સરકાર પહેલાં કરતાં વધુ કાબેલ પૂરવાર થઇ છે. એક જ દિવસમાં ૨૯ નક્સલવાદીઓને ઢાળી દીધા પછી સિક્યોરિટી ફોર્સ વધુ આત્મવિશ્વાસ સાથે કામ કરી રહી છે. નક્સલવાદીઓની દરેક ચાલને સિક્યોરિટી ફોર્સ ખોટી પાડી રહી છે. જેમ કે, નક્સલવાદની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં તત્ત્વોને પકડવામાં આવે ત્યારે તેમને ખોટી રીતે પકડવામાં આવ્યા છે એવી દલીલો કરીને મહિલાઓને આગળ રાખી આંદોલન કરતા લોકો સામે પણ પોલીસ કડક હાથે કામ લેશે. પહેલી એપ્રિલે સિક્યોરિટી ફોર્સે ૧૩ નક્સલવાદીઓનો ખાત્મો બોલાવ્યો ત્યારે કેટલાક ચળવળકારોએ ફેક એન્કાઉન્ટર તરીકે ખપાવીને વાંધો ઉઠાવ્યો હતો. કેટલાક કિસ્સામાં સિક્યોરિટી ફોર્સને બદનામ કરાય છે. એવો આક્ષેપ થતો રહ્યો છે કે નક્સલવાદને રાજકીય પોષણ મળવાથી તે મજબૂત થયો છે અને નિર્દોષોની હત્યા કરીને સમાજમાં તેઓ પોતાનો ડર ઊભો કરી શક્યા છે.

## સ્મોકિંગ ફ્રી યુકે

### સુનકને યુવાઓની નહીં તિજોરીની ચિંતા

યુનાઈટેડ કિંગડમ (યુકે)ની ઋષિ સુનક સરકારે સંસદમાં ધુમ્રપાન (સ્મોકિંગ) પર પ્રતિબંધ માટે ધ ટોબેકો એન્ડ વેપ્સ બિલ નામે રસપ્રદ બિલ રજૂ કર્યું છે. આ રસપ્રદ એટલા માટે છે કે, તેનો ઉદ્દેશ ભવિષ્યમાં આખા યુકેને સ્મોકિંગ ફ્રી અથવા ટોબેકો ફ્રી બનાવી દેવાનો છે. હાલની પેઢીને અત્યારથી જ સિગારેટની આદતમાંથી મુક્ત કરાવીને ધીરે ધીરે યુકેનાં તમામ લોકોને સ્મોકિંગની લતમાંથી છૂટકારો અપાવવાનો નિર્ધાર આ બિલ દ્વારા વ્યક્ત કરાયો છે. આ બિલ અંતર્ગત પહેલા તબક્કામાં ૧૫ વર્ષથી ઓછી ઉંમરના કોઈ પણ ટીનેજર કે છોકરા-છોકરી સિગારેટ સહિતનાં તમાકુ ઉત્પાદનો ખરીદી નહીં શકે ને દુકાનદાર તેને સિગારેટ સહિતનાં તમાકુનાં ઉત્પાદનો વેચી નહીં શકે. વેપ એટલે કે ઈલેક્ટ્રોનિક સિગારેટ સહિતની બેટરી ઓપરેટેડ ઈલેક્ટ્રોનિક ડીવાઈસ ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં લોકોને વેચવા પર પહેલાંથી પ્રતિબંધ છે તેથી આ બિલમાં માત્ર સિગારેટ સહિતનાં તમાકુનાં ઉત્પાદનો પર પ્રતિબંધ છે પણ વેપ પર પણ નિયંત્રણો મૂકાવાનાં છે. તેનું કારણ એ કે, યુકેમાં બાળકોમાં વેપનો વપરાશ વધી રહ્યો છે. બાળકોને આકર્ષવા માટે કંપનીઓ જાત જાતની ફ્લેવર્સ સાથેનાં વેપ બજારમાં મૂકે છે. આ ફ્લેવર્સ તથા તેના પેકેજિંગ પર પણ નિયંત્રણો આવશે કે જેથી બાળકોને વેપની લતમાંથી પણ મુક્ત કરાવી શકાય. કોઈ દુકાનદાર ટીનેજર કે છોકરા-છોકરીને સિગારેટ કે વેપ વેચતો ઝડપાયો તો તેને ૧૦૦ પાઉન્ડ (લગભગ ૧૦,૫૦૦ રૂપિયા)નો દંડ થશે. આ દંડની રકમ એક ચોક્કસ ફંડમાં જમા કરાશે જેનો ઉપયોગ યુકેને સ્મોકિંગ ફ્રી બનાવવાની ઝુંબેશ માટે કરાશે. અત્યારે તો પોલીસ જ આ કાયદાનો અમલ કરાવશે પણ જરૂર પડશે તો સિગારેટ અને વેપના વેચાણના અમલ માટે અલગથી તંત્ર ઉભું કરાશે. આ બિલનો સૌથી રસપ્રદ પાર્ટ હવે આવે છે. સ્મોકિંગ પર પ્રતિબંધનો કાયદો અમલમાં આવે પછી બીજા તબક્કામાં યુકે સરકાર દર વર્ષે આ પ્રતિબંધ માટેની વય મર્યાદામાં એક-એક વર્ષનો વધારો કરતી જશે. મતલબ કે, આવતા વર્ષે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના કોઈ પણ ટીનેજર કે છોકરા-છોકરી સિગારેટ સહિતનાં તમાકુ ઉત્પાદનો ખરીદી નહીં શકે ને દુકાનદાર તેને સિગારેટ સહિતનાં તમાકુનાં ઉત્પાદનો વેચી નહીં શકે. એ પછીના વરસે વય મર્યાદા ૧૭ વર્ષ કરાશે ને પછીના વરસે ૧૮ વર્ષ કરાશે. આ રીતે દર વરસે વયમર્યાદા વધતી જશે તેથી એક આખી પેઢી જ સ્મોકિંગ કર્યા વિના મોટી થશે. બીજી તરફ જે લોકો અત્યારે સ્મોકિંગ કરે છે એ લોકો ધીરે ધીરે ગુજરતાં જશે તેથી સ્મોકિંગ નહીં કરનારાંનુ પ્રમાણ વધતું જશે ને ધીરે ધીરે સો ટકા થઈ જશે. સુનક સરકારે દર વર્ષે એક-એક વર્ષનો વધારો કરવાના બદલે પહેલા ધડાકે જ ૧ જાન્યુઆરી, ૨૦૦૯ પછી જન્મેલાંને સિગારેટ ખરીદવા કે વેચવા પર પ્રતિબંધનો વિકલ્પ પણ વિચાર્યો છે કે જેથી કાયમ માટે શાંતિ થઈ જાય અને દર વરસે કાયદો સુધારવો ના પડે. અત્યારે સંસદમાં આ બિલ પર ચર્ચા શરૂ થઈ છે અને પછી મતદાન થશે. બ્રિટનમાં કન્ઝર્વેટિવ પાર્ટી (ટોરી) અને લેબર પાર્ટી બે મુખ્ય પક્ષો છે. સુનક કન્ઝર્વેર્ટિવ પાર્ટીના છે પણ તેમના જ પક્ષના સંખ્યાબંધ સાંસદો આ બિલની વિરુધ્ધ છે પણ મુખ્ય વિરોધ પક્ષ લેબર પાર્ટીએ આ બિલને ટેકો આપ્યો છે તેથી સંસદમાં આ બિલ પસાર થઈ જશે અને આ વર્ષના અંત સુધીમાં તેનો અમલ પણ શરૂ થઈ જશે એવું મનાય છે.

## સેક્સ કરવાની મહિલા અને પુરુષને ક્યારે ઈચ્છા ન થાય?

યુકેની નેશનલ હેલ્થ સર્વિસ મુજબ કામેચ્છામાં ઘટાડો એ દર પાંચમાંથી એક પુરુષમાં જોવા મળે છે. અને જેનાથી મહિલાઓને પણ અસર થઈ શકે છે. આ સમસ્યાનાં અનેક કારણો હોઈ શકે છે. અને તેનો અર્થ એવો નથી કે આ એક ગંભીર સમસ્યા છે. જેમાં સ્ટ્રેસ, જીવનના તબક્કા જેમ કે ગર્ભાવસ્થા, બાળકનો જન્મ, સ્તનપાન જેવાં કારણો હોઈ શકે છે. જોકે, કામેચ્છામાં સતત અતિશય ઘટાડો થાય તો તે નુકસાનકારક છે. અને તેથી તેની પાછળનાં કારણોની તપાસ કરાવવી જરૂરી છે. કેટરિના ડી મોરેસ બ્રાઝીલના એસોસિએશન ઑફ સેક્સુઅલ મેડિસિનનાં સચિવ છે અને વ્યવસાયે મનોચિકિત્સક છે. તેઓ જણાવે છે કે 'પહેલાં તો એ જાણવું જરૂરી છે કે ખરેખર કામેચ્છામાં કેટલી કમી આવી છે.' તેમણે ઉમેર્યું, 'કેટલીકવાર, શિશ્નના ઉત્થાનમાં મુશ્કેલી, સેક્સનું પ્રદર્શન, સંતુષ્ટિ અને કામેચ્છામાં ઘટાડો વચ્ચે મોટી મૂંઝવણ હોય છે. જે કામેચ્છા ન હોવાની વાતથી અત્યંત જુદી બાબત છે.' ઍન્ડોક્રાઈનોલૉજીસ્ટ ડિએગો ફોંસેકો અનુસાર મેડિકલની દૃષ્ટીએ કામેચ્છામાં ઘટાડો હોવાની વાતની પુષ્ટિ કરવા વ્યક્તિમાં રહેલાં લક્ષણો ઓછામાં ઓછા છ મહિના સુધી રહેવા જરૂરી છે. જોકે, મહિલા હૉસ્પિટલના તજજ્ઞ રિબેરો મારિસ્કાનું માનવું છે કે 'આ સમયગાળો દરેક વ્યક્તિમાં અલગ-અલગ હોઈ શકે છે. તે પ્રત્યેક દર્દીની સ્થિતિ પર નિર્ભર કરે છે.' તજજ્ઞો સાથે વાત કરીને અમે નીચેનાં ચાર કારણો શોધ્યાં છે જેનાથી કામેચ્છામાં ઘટાડો થઈ શકે છે.



### દિનચર્યામાં ફેરફાર અને જીવનના કેટલાક તબક્કાઓ

કેટલીક વાર કામેચ્છામાં ઘટાડા માટે કેટલાંક સામાન્ય કારણો જવાબદાર હોય છે. જેમ કે સ્ટ્રેસ, ટેન્શનમાં વધારો, થાક, નિયમિત જીવન શૈલીમાં પરિવર્તન અને જે સમયે તમે સેક્સ કરવા ટેવાયેલા હોય તે સમય બીજું કોઈ કાર્યમાં જતો રહે તો કામેચ્છામાં ઘટાડો થઈ શકે છે. ક્યારેય બાળકોનું ધ્યાન રાખવાની વાતનો પણ આ કારણોમાં સમાવેશ થાય છે. કેટરિના ડી મોરેસ મુજબ 'આવાં કારણોથી જો કામેચ્છામાં ઘટાડો થાય તો તેનો અર્થ એવો નથી કે તમને કોઈ રોગ છે. ક્યારેક એકને એક પાર્ટનર સાથે સેક્સ કરવાથી પણ સમય જતાં કામેચ્છામાં ઘટાડો થાય છે.' જોકે તેમનું માનવું છે કે સેક્સની ઈચ્છામાં ઘટાડો થાય તો પણ તમે સેક્સ માણો અને તે વખતે સંતોષનો અનુભવ થતો હોય તો ગભરાવાની જરૂર નથી. 'છતાં પણ વ્યક્તિમાં જાતીય સુખની ઈચ્છા તો હોય જ છે. જો તમને જાતીય સંતોષ થતો હોય તો અને તમારી કામેચ્છામાં ઘટાડો થતો હોય તો તેમાં તમને કોઈ જ પ્રકારના ટૅસ્ટની જરૂર નથી.'

### માનસિક રોગ

માનસિક રોગો જેમ કે ડિપ્રેશન, ઍન્ગઝાયટી કામેચ્છા અથવા સેક્સ કરવાની ઈચ્છા પર ઘણી બધી અસર કરી શકે છે. મનોચિકિત્સક મુજબ 'ડિપ્રેશનના દર્દીઓમાં મગજના કેમિકલ સેરોટોનિન અને ડોપામાઈન કે જે મૂડ અને લાગણી સાથે જોડાયેલા છે, તેમના અસંતુલનના કારણે સેક્સની ઈચ્છામાં ઘટાડો થઈ શકે છે. ' તેમણે ઉમેર્યું 'આવા કેસમાં સારવાર કરવાથી સેક્સ કરવાની ઈચ્છા, કામેચ્છામાં સુધારો થઈ શકે છે.' બીજી બાજુ ડિપ્રેશન અને ઍન્ગઝાયટી ઘટાડવાની કેટલીક દવાઓની પણ કામેચ્છા પર આડ અસર થતી હોય છે. જોકે, સારવારમાં ઘણા વિકલ્પો છે. અને તેની ચોક્કસ પદ્ધતિ છે. આડઅસરને ઘટાડવા ડૉક્ટર્સ દવાઓમાં પરિવર્તન કરે છે. દવાના ડોઝમાં ફેરફાર કરે છે. દર્દીના વ્યવહાર અને વર્તનને લગતી કસરતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ડૉક્ટર્સ દર્દીને ચેતવે છે કે જો આવાં કોઈ લક્ષણો તેમને દેખાતા હોય તો તેમણે અધવચ્ચે સારવાર ન છોડવી જોઈએ. કારણ કે ડિપ્રેશનની સારવાર ન કરવામાં આવે તો તે પણ કામેચ્છા પર અસર કરી શકે છે. અને અધવચ્ચે દવા છોડવાથી પણ કામેચ્છા પર અસર થઈ શકે છે. મનોચિકિત્સકે ઉમેર્યું કે 'દર્દીએ સેક્સને લગતી કોઈ પણ સમસ્યાની ડૉક્ટર સાથે ખુલ્લા મને ચર્ચા કરવી જોઈએ.'

### હૉર્મોનને લગતા પરિવર્તન


જો દર્દીને કોઈ માનસિક બીમારી ન હોય, તેની જીવન શૈલીમાં કોઈ પરિવર્તન ન હોય કે જેનાથી કામેચ્છામાં ઘટાડો આવે તેમ છતાં આ સ્થિતિ હોય તો તેમણે હૉર્મોન્સ પરિવર્તનને લગતી તપાસ અંગે વિચારવું જોઈએ. સાઓ કેમિરો હૉસ્પિટલના ઍન્ડોક્રિનોલૉજિસ્ટ ડૉક્ટર કેરોલિન કાસ્ત્રો જણાવે છે કે મહિલાઓમાં ઍસ્ટ્રોજેન્સ અને પુરુષોમાં ટેસ્ટોસ્ટેરોન કામેચ્છાનું નિયમન કરે છે. ઍસ્ટ્રોજન ગુપ્તાંગના કોષોના સ્વાસ્થ્ય, યોનિમાર્ગના લુબ્રિકેશન અને લાગણીના આનંદ સાથે સંકળાયેલું છે. ટેસ્ટોસ્ટેરોન વીર્યના ઉત્પાદન, જાતીય ઈચ્છા સાથે જોડાયેલું છે. જે માનસિક સ્વાસ્થ્ય, કામેચ્છામાં વધારો કરવાને સીધી અસર કરે છે. ડિએગો ફોંસેકા મુજબ આવા કેસમાં સમસ્યાનું નિદાન ખૂબજ જટિલ હોય છે. 'ઉદાહરણ તરીકે પુરુષોમાં ટેસ્ટોસ્ટેરોનનું લેવલ ઓછું છે કે નહીં. સાથે જ અમે એની પણ તપાસ કરીએ છીએ કે હૉર્મોન્સમાં પરિવર્તન માટે કોઈ મેડિકલ હિસ્ટ્રી છે કે નહીં.' ડૉક્ટર્સ ગર્ભાવસ્થા, સ્તનપાન, મેદસ્વીતા જેવાં અન્ય કારણોની પણ તપાસ કરે છે જેનાથી હૉર્મોન્સમાં પરિવર્તન આવી શકે છે. ઍન્ડોક્રોનોલૉજિસ્ટ કેલોરિના કાસ્ત્રો કહે છે કે' આવા દર્દીઓને દવાની જરૂર હોઈ પણ શકે છે અને નહીં પણ. તેને દવાની જરૂર છે કે નહીં તે દર્દીની માનસિક અને શારીરિક સ્થિતિ પર આધારિત હોય છે. તે પ્રત્યેક દર્દીએ અલગ હોઈ શકે છે. કેટલાક કેસમાં શરીરમાં આવતાં પરિવર્તન અંગે માર્ગદર્શન અપાય છે. તેથી તેનું નિદાન અત્યંત ધ્યાનપૂર્વક કરવું જરૂરી છે.'



### વ્યક્તિમાં રહેલા અન્ય રોગો

અન્ય ખૂબ જ સામાન્ય કારણો ડૉક્ટર્સ દર્શાવે છે કે જે દર્દીમાં રહેલા અન્ય રોગો અને લક્ષણો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે વ્યક્તિની કામેચ્છા પર અસર કરે છે. ઉદાહરણ તરીકે મગજને લગતા રોગોમાં જેમ કે સ્ક્લેરોસિસ, ધ્રુજારીને લગતી બીમારી, કરોડરજ્જુની ઈજાઓ અથવા તો પેરિફેલન ન્યૂરોપથી જેવી સ્થિતિઓનો સમાવેશ થાય છે. આવા રો સીધી રીતે શરીરની ચેતાઓ અને કામેચ્છાને અસર કરે છે. આવા રોગો ધરાવતા દર્દીઓને પણ સેક્સ માટેની યોગ્ય ઈચ્છા, ઉત્તેજના જાળવી રાખવામાં અને સંતોષ મેળવવામાં સમસ્યા પડી શકે છે. હૉર્મોનલ પરિવર્તનના કારણે, ડાયાબિટીસ હોવાના કારણે પણ કામેચ્છામાં ઘટાડો થઈ શકે છે. આવી સ્થિતિ ન્યૂરોપેથી અથવા થાકનું કારણ બની શકે છે. આવા રોગમાં ચેતાઓને નુકસાન થાય છે. જેનાથી સંવેદનશીલતામાં ઘટાડો આવી શકે છે. તે પ્રત્યક્ષ અવથા પરોક્ષ રીતે સેક્સની ઈચ્છા પર અસર કરી શકે છે. હાર્ટ પેશન્ટને પણ સેક્સને લગતી સમસ્યા સર્જાઈ શકે છે. હાર્ટની શરીરમાં લોહી પહોંચાડવાની ક્ષમતામાં ઘટાડો થાય તેના કારણે દર્દીને થાક લાગી શકે છે. અને આવી સ્થિતિમાં પણ સેક્સની ઈચ્છામાં ઘટાડો થઈ શકે છે. ત્યા સુધી કે હૃદયને લગતી સમસ્યામાં ઘટાડો કરવાની દવાઓની પણ આડ અસર હોય છે. જેનાથી કામેચ્છા પર અસર પડી શકે છે.

# કલ્કી 2898 એડીનું અમિતાભનું નવું પોસ્ટર રિલીઝ




## આ વર્ષની સૌથી મોંઘી ફિલ્મ 'કલ્કિ 2898 એડી' છે.

બજેટની દૃષ્ટિએ આ વર્ષે સૌથી મોટો દાવ 'કલ્કિ 2898 એડી' પર મૂકવામાં આવ્યો છે. તેનું બજેટ 600 કરોડ છે. તેને તેલુગુ સિનેમાના જાણીતા નિર્દેશક નાગ અશ્વિને બનાવી છે. આ ફિલ્મ પ્રભાસ માટે ઘણી મહત્ત્વની સાબિત થવા જઈ રહી છે, કારણ કે ગયા વર્ષે તેની ફિલ્મ 'આદિપુરુષ' પણ 600 કરોડના બજેટ સાથે બની હતી, પરંતુ તે ફ્લોપ સાબિત થઈ હતી. જ્યારે સાલાર' રૂ. 590 કરોડનો બિઝનેસ કરવામાં સફળ રહી હતી.

## સમય આવી ગયો છે , IPL મેચ દરમિયાન પાત્ર વિશે માહિતી આપશે

આ વર્ષની સૌથી મોટી સાયન્સ-ફિક્શન ફિલ્મ 'કલ્કી 2898 એડી'ના નિર્માતાઓએ રવિવારે ફિલ્મનું અમિતાભ બચ્ચનનું નવું પોસ્ટર રિલીઝ કર્યું છે. નિર્માતાઓએ એમ પણ કહ્યું કે, તેઓ આ પાત્ર વિશે રવિવારે સાંજે 7.15 વાગ્યે જાહેર કરશે. સ્ટાર સ્પોર્ટ્સ પર ટેલિકાસ્ટ થનારી ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ પહેલા આ માહિતી આપવામાં આવશે.

મેકર્સે શેર કરેલા ફિલ્મના અમિતાભના નવા લૂકમાં તેઓ જૂના મંદિરમાં બેઠેલા જોવા મળે છે. તેઓ આશાભરી આંખોથી સૂર્યપ્રકાશ તરફ જોઈ રહ્યા છે. આને શેર કરતી વખતે મેકર્સે લખ્યું - 'હવે સમય આવી ગયો છે કે તમારે આ પાત્ર વિશે જાણકારી મેળવવી જોઈએ.' સાઉથના સુપરસ્ટાર પ્રભાસ, અમિતાભ બચ્ચન, દીપિકા પાદુકોણ અને કમલ હાસન સ્ટારર 'કલ્કિ 2898 એડી' અગાઉ આ વર્ષે 9 મેના રોજ રિલીઝ થવાની હતી. હવે સાંભળવા મળી રહ્યું છે કે લોકસભાની ચૂંટણીને કારણે મેકર્સે તેની રિલીઝ મોકૂફ રાખી છે. નિર્માતાઓએ આજે સાંજે તેની નવી રિલીઝ ડેટ જાહેર કરી છે. aઆ ફિલ્મનું ટીઝર ગયા વર્ષે રિલીઝ થયું હતું. તે દર્શાવે છે કે કેવી રીતે સમગ્ર વિશ્વમાં અંધકારનું શાસન સ્થાપિત થયું છે. લોકોને કેદ કરવામાં આવ્યા છે. બાળકો અને વૃદ્ધોને ભૂખ્યા રાખવામાં આવી રહ્યા છે.

# કિયારા અડવાણીની સલમાન ખાનની ફિલ્મમાં એન્ટ્રીના સંકેત

**અભિનેત્રીએ સાજિદ નડિયાદવાળાની મુલાકાત કરતાં જ ચર્ચા**

સલમાન ખાનની આગામી ફિલ્મ સિકંદર હાલ ચર્ચામાં છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, કિયારા અડવાણીની આ ફિલ્મમાં એન્ટ્રી થઈ ગઈ છે.જોકે ફિલ્મસર્જકે સત્તાવાર ઘોષણા કરી નથી. વાત એમ બની છે કે, કિયારા અડવાણીને હાલમાં જ સાજિદ નડિયાદવાળાની ઓફિસમાંથી નીકળતા જોવા મળી હતી. જેથી અટકળ થઈ રહી છે કે, કિયારા સલમાન સાથે ફિલ્મ સિકંદરમાં જોડી જમાવાની છે. પાપારાત્ઝીઓએ કિયારાને સાજિદ નડિયાદવાળાની ઓફિસ પાસે જોતાં જ વીડિયો ક્લિક કર્યો હતો અને રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે સિકંદરમાં કિયારા મુખ્ય અભિનેત્રી તરીકેજોવા મળશે.

# મોહબ્બતેં માટે શ્રીદેવી હતી પહેલી પસંદ...

## અમિતાભની પત્નીનો રોલ નિભાવવાની હતી, કરિશ્મા અને કાજોલને પણ થઈ હતી ઓફર

આદિત્ય ચોપરા દ્વારા નિર્દેશિત ફિલ્મ 'મોહબ્બતેં' તે સમયની સુપરહિટ ફિલ્મો પૈકી એક હતી. આ ફિલ્મમાં શાહરુખ ખાન, અમિતાભ બચ્ચન, ઐશ્વર્યા રાય, જુગલ હંસરાજ, ઉદય ચોપરા, જીમી શેરગિલ, શમિતા શેટ્ટી, કિમ શર્મા અને પ્રીતિ ઝાંગિયાની જોવા મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શરૂઆતમાં તેનું કાસ્ટિંગ અલગ જ હતું. 'મોહબ્બતેં'માં કિમ શર્માએ સંજના અને શમિતા શેટ્ટીએ ઈશિકા ધનરાજગીરની ભૂમિકા ભજવી છે.



આ ફિલ્મમાં શમિતા શેટ્ટી અને કિમ શર્માને બદલે કરિશ્મા કપૂર અને કાજોલને કાસ્ટ કરવાની હતી. પરંતુ કેટલાક કારણોસર બંનેએ આ ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી. આખરે તેમની જગ્યાએ શમિતા શેટ્ટી અને કિમ શર્માને કાસ્ટ કરવામાં આવી હતી.

ફિલ્મમાં શાહરુખ ખાનનું નામ આર્યન મલ્હોત્રા છે. એવું માનવામાં આવે છે કે આ નામ તેમના પુત્ર આર્યનથી પ્રેરિત છે. આ ફિલ્મમાં મિથુન ચક્રવર્તીનો પણ નાનકડો રોલ હતો, પરંતુ ફિલ્મની લેન્થને કારણે તેનો રોલ પાછળથી હટાવવો પડ્યો હતો. અગાઉ આ ફિલ્મમાં અમિતાભ બચ્ચનની પત્નીનો રોલ પણ બતાવવામાં આવનાર હતો. આ માટે તે સમયે એક્ટ્રેસ શ્રીદેવીનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં આ સીનને ફિલ્મમાંથી હટાવી દેવામાં આવ્યો હતો. આ કારણોસર શ્રીદેવી આ ફિલ્મનો ભાગ બની શકી ન હતી.



# પંકજ ત્રિપાઠી પર તૂટ્યો દુ:ખનો પહાડ...

## જીજાજીનું રોડ અકસ્માતમાં મોત, તો બહેનની હાલત ગંભીર

એક્ટર પંકજ ત્રિપાઠીના જીજાજી રાકેશ તિવારીનું રોડ અકસ્માતમાં નિધન થયું છે. પંકજની બહેન સવિતા તિવારી પણ શનિવારે સાંજે લગભગ 4 વાગ્યે ધનબાદ જિલ્લાના નિરસા ચોક પાસે NH2 પર થયેલા આ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમની ધનબાદની SNMMC હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેમના પગમાં ફ્રેક્ચર થયું છે પરંતુ હાલ તો તેઓ જોખમની બહાર છે.

ઘટનાના સમાચાર મળતાં જ પંકજ ત્રિપાઠી મુંબઈથી કોલકાતા એરપોર્ટ પહોંચ્યા અને ત્યાંથી ધનબાદ જવા રવાના થઈ ગયા.

પંકજના બનેવી રાજેશ તિવારી ચિત્તરંજન રેલવે ફેક્ટરીમાં કામ કરતા હતા. તેઓ શનિવારે સાંજે પત્ની સવિતા તિવારી સાથે કારમાં ગોપાલગંજથી ચિત્તરંજન જઈ રહ્યા હતા. નિરસા ચોક પર પહોંચતા જ એક ઓટોને બચાવવાના પ્રયાસમાં તેમણે પોતાની કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ફૂલ સ્પીડમાં આવતી કાર ત્રણ ફૂટ ઊંચી ડિવાઈડર સાથે અથડાઈ હતી.


આ અકસ્માતમાં રાજેશને માથામાં ગંભીર ઈજા થઈ હતી. માહિતી મળ્યા પછી નિરસા પોલીસ સ્ટેશનની પોલીસ સ્થાનિક લોકોની મદદથી પહોંચી અને બંનેને સારવાર માટે ધનબાદ એસએનએમએમસીએચ મોકલ્યા. જ્યાં સારવાર દરમિયાન રાકેશનું મોત થયું હતું.

રિપોર્ટ્સનું માનવામાં આવે તો પંકજ ટૂંક સમયમાં ધનબાદ પહોંચવાના છે. એવું પણ સાંભળવા મળે છે કે તે તેમની બહેનની ખબર કાઢવા માટે પોતાના પરિવાર સાથે ત્યાં જશે. પરિવારના સભ્યો તેમને સારી સારવાર માટે કોલકાતા શિફ્ટ કરી શકે છે.

વર્ક ફ્રન્ટ પર, પંકજ તાજેતરમાં OTT પર રિલીઝ થયેલી 'મર્ડર મુબારક'માં જોવા મળ્યો હતો. તેની આગામી ફિલ્મ 'સ્ત્રી 2' છે, જે આ વર્ષે રિલીઝ થશે

# અકસ્માત બાદ દિવ્યાંકા ત્રિપાઠીએ આપ્યું હેલ્થ અપડેટ, હોસ્પિટલમાંથી મળી રજા

દિવ્યાંકા ત્રિપાઠીનો અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં અભિનેત્રીના હાથનું હાડકું તૂટી ગયું હતું. દિવ્યાંકાને હાથની સર્જરી માટે હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. દિવ્યાંકાના પતિ અને



અભિનેતા વિવેક દહિયાએ તેના ચાહકોને આ માહિતી આપી હતી. હવે અભિનેત્રીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. દિવ્યાંકાએ ખુદ ફેન્સને આ જાણકારી આપી છે અને પોતાની હેલ્થ અપડેટ પણ શેર કરી છે. વિવેક દહિયા સતત દિવ્યાંકાની હેલ્થ અપડેટ્સ શેર કરી રહ્યા છે. દુર્ઘટના બાદથી તે તેની પત્ની દિવ્યાંકાની સંભાળ લઈ રહ્યો છે. હવે અભિનેતાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તેણે ફેન્સને દિવ્યાંકાનો પરિચય કરાવ્યો છે જેમાં એક્ટ્રેસે પોતે ફેન્સ સાથે તેની હેલ્થ અપડેટ શેર કરી છે.

વીડિયોમાં વિવેક કહેતો સંભળાયો છે કે, 'જુઓ મારી પાસે તમારા માટે એક સારા સમાચાર છે.' આ પછી તે દિવ્યાંકા તરફ કેમેરા ફેરવે છે. આ દરમિયાન દિવ્યાંકા હોસ્પિટલના રૂમમાં બેડ પર બેઠેલી જોવા મળે છે. તેના એક હાથ પર પ્લાસ્ટર છે અને બીજી તરફ ડ્રિપ છે.

# બજરંગી ભાઈજાન અને રાઉડી રાઠોડની સિક્વલ અંગે મોટું અપડેટ

## નિર્માતા કે.કે. રાધામોહને પુષ્ટિ કરતાં કહ્યું કે, 'જલદી જ તેઓ સલમાન ખાનનો સંપર્ક કરશે'



2015માં રિલીઝ થયેલી સલમાન ખાનની ફિલ્મ 'બજરંગી ભાઈજાન' અને 2012માં રિલીઝ થયેલી અક્ષય કુમારની 'રાઉડી રાઠોર'ની સિક્વલ પર હાલમાં જ મોટું અપડેટ આવ્યું છે. નિર્માતા કે.કે. રાધામોહને એક ઈવેન્ટમાં આ અંગે માહિતી આપી છે કે, 'આ બંને ફિલ્મો પર ટૂંક સમયમાં કામ શરૂ થશે. તેમની સ્ક્રિપ્ટો પૂરી થઈ ગઈ છે.'

હાલમાં જ હૈદરાબાદમાં આયોજિત ફિલ્મ 'રુસલાન'ના પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન નિર્માતા રાધા મોહને આ વિશે વાત કરી હતી. રાધા મોહને જણાવ્યું કે, 'આ બંને ફિલ્મોની સ્ક્રિપ્ટ રાજામૌલીના પિતા વિજયેન્દ્ર પ્રસાદે લખી છે.'

નિર્માતાએ કહ્યું, 'લેખક વિજયેન્દ્ર પ્રસાદે મારા માટે બે વાર્તાઓ લખી છે. એક છે 'વિક્રમાકુડુ-2', જેની હિન્દી સિક્વલ 'રાઉડી રાઠોડ-2'ના નામથી બનાવવામાં આવશે. તેની વાર્તા તૈયાર છે અને અમે ટૂંક સમયમાં ફિલ્મનાં કાસ્ટિંગ પર કામ શરૂ કરીશું. આ પ્રસંગે તેમની સાથે લેખક વિજયેન્દ્ર પ્રસાદ પણ હાજર હતા. 'બજરંગી ભાઈજાન'ની સિક્વલ વિશે વાત કરતી વખતે રાધા મોહને કહ્યું કે, તેણે આ ફિલ્મના બીજા ભાગની સ્ક્રિપ્ટ વાંચી છે અને તે જલદી જ સલમાનને મળશે અને તેની વાર્તા તેમને સંભળાવશે. અગાઉ 2021માં ફિલ્મ 'RRR'ના પ્રમોશનલ ઈવેન્ટમાં સલમાને કન્ફર્મ કર્યું હતું કે 'બજરંગી ભાઈજાન'ની સિક્વલ બનવા જઈ રહી છે. 2023માં બોલિવૂડ હંગામાએ એક રિપોર્ટમાં દાવો કર્યો હતો કે આ ફિલ્મમાં પૂજા હેગડે લીડ રોલમાં જોવા મળશે. ફિલ્મનું ટાઇટલ 'પવન પુત્ર ભાઈજાન' હશે.

# અરશદે શેર કરી મુન્નાભાઈ MBBS સાથે જોડાયેલી એક ઘટના : બોલ્યો, પહેલાં ફિલ્મમાં મારું નામ ખુજલી હતું

રાજકુમાર હિરાનીના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'મુન્નાભાઈ MBBS' તેમની હિટ ફિલ્મ પૈકી એક છે. આ ફિલ્મમાં સંજય દત્ત અને અરશદ વારસી લીડ રોલમાં જોવા મળશે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન અરશદે કહ્યું હતું કે ફિલ્મમાં તેનું નામ 'સર્કિટ'ને બદલે 'ખુજલી' રાખવામાં આવશે. પ્રભુ ચાવલાને આપેલા ઈન્ટરવ્યૂમાં અરશદ વારસીએ 'મુન્નાભાઈ એમબીબીએસ'માં તેની ભૂમિકા વિશે એક રસપ્રદ કિસ્સો સંભળાવ્યો હતો.



તેણે કહ્યું હતું કે ફિલ્મમાં મારા પાત્ર સર્કિટનું સાચું નામ ખુજલી હતું. તેમના રોલ કરતાં તેમના કપડાં અને હરકતો ખૂબ જ અલગ હતી. 'ખુજલી' નામ સાંભળીને બધાને લાગતું હશે કે તે માત્ર ખંજવાળ જ કરતો રહેશે. તેનાથી વધુ શું કરી શકત. જો કંઈ કરત તો આખું પેકેજ બરબાદ થઈ જાત.

અરશદે કહ્યું, 'મુન્નાભાઈ એમબીબીએસ'ના પહેલા પાર્ટમાં મારે ઘણો સુધારો કરવો પડ્યો હતો, કારણ કે તે સમયે રાજ કુમાર હિરાની મારા સેન્સ ઓફ હ્યુમરથી વાકેફ નહોતા અને તેથી મારે ઘણો સુધારો કરવો પડ્યો હતો.'

સંજય દત્તના વખાણ કરતાં અરશદે કહ્યું કે, તેણે મારા સૂચનને ખૂબ સમર્થન આપ્યું. તેમણે કહ્યું,'મારી અને સંજુની કેમેસ્ટ્રી સારી હતી. અમારી વચ્ચે કોઈ પ્રકારનો તફાવત નહોતો. અમને એકબીજા સાથે કામ કરવાની ખરેખર મજા આવી. ઘણી વાર હું કહેતો કે સંજુ, તું આ જોક કહે અને પછી હું આ પ્રકારનું રિએક્શન આપીશ, તે સંમત થઈ જતો હતો.'

બોમન ઈરાની, ગ્રેસી સિંહ, સુનીલ દત્ત જેવા કલાકારો ફિલ્મ 'મુન્નાભાઈ MBBS'માં જોવા મળ્યા હતા. ફિલ્મ 'મુન્નાભાઈ M.B.B.S'નું લાઈફટાઈમ કલેક્શન 23.13 કરોડ હતું. આ ફિલ્મે વિશ્વભરમાં અંદાજે 34.6 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. 2006માં રિલીઝ થયેલી ફિલ્મ 'લગે રહો મુન્ના ભાઈ'એ 74.88 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. આ ફિલ્મે વિશ્વભરમાં 127.55 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

# એપાર્ટમેન્ટ ભાડે લીધું : પત્નીથી અલગ થયા બાદ બંગલો છોડીને ફ્લેટમાં શિફ્ટ થઈ ગયો: ઇમરાન

બોલિવૂડ એક્ટર ઈમરાન ખાન છેલ્લા ઘણાં સમયથી ફિલ્મી દુનિયાથી દૂર છે. ઈમરાને એક ઈન્ટરવ્યૂમાં લાઈમલાઈટથી દૂર રહેવા અને તેની લાઈફસ્ટાઈલમાં આવેલા ફેરફાર અંગે કેટલીક વાતો કહી છે. તેણે એ પણ જણાવ્યું કે તેણે કરણ જોહરનો ફ્લેટ ભાડે લીધો નથી. તે એક નાનકડા મકાનમાં રહે છે. એક ઈન્ટરવ્યૂમાં ઈમરાને જણાવ્યું હતું કે પત્ની અવંતિકાથી અલગ થયા બાદ તે પોતાનો લક્ઝુરિયસ બંગલો છોડીને નાના એપાર્ટમેન્ટમાં શિફ્ટ થઈ ગયો હતો. ઈમરાને કહ્યું કે, હું પાંચ વર્ષ પહેલાં મુંબઈના પાલી હિલના બંગલાને છોડી દીધો હતો. હવે હું એક નાની જગ્યાએ રહું છું. મારી પાસે ટેલિવિઝન છે કારણ કે મને ફિલ્મો જોવી ગમે છે. તે ઉપરાંત મારી પાસે એક સોફા છે. હું ફક્ત મારી જરૂરિયાતની વસ્તુઓ જ રાખું છું. મારી પાસે કોઈ સાથી સ્ટાફ નથી. ત્યાં એક વ્યક્તિ છે જે ઘરની સફાઈ માટે દર બીજા દિવસે આવે છે પરંતુ એક વેક્યૂમ ક્લીનર પણ ખરીદ્યું છે જેથી હું જાતે સફાઈ કરી શકું. મારી પાસે રસોડામાં માત્ર ત્રણ પ્લેટ છે, જે નાસ્તો, લંચ અને ડિનર માટે છે જેથી બધું મેનેજ કરવામાં સરળતા રહે. ઈમરાને ઈન્ટરવ્યૂમાં એમ પણ કહ્યું હતું કે ભલે તે સ્વતંત્ર રીતે રહે છે, પરંતુ આજે પણ તેમનું જમવાનું તેમની માતાના ઘરેથી આવે છે. જ્યારે ઈમરાનને પૂછવામાં આવ્યું કે એવી અફવાઓ છે કે કરણ જોહરનું એપાર્ટમેન્ટ ભાડે લીધું છે જેથી તે તેની ગર્લફ્રેન્ડ લેખા વોશિંગ્ટન સાથે રહે, તો તેમણે કહ્યું, સેલિબ્રિટી હોવાને કારણે લોકો તમારા પર આવા રિપોર્ટ અને કમેન્ટ આવતી રહે છે. આ બધી બાબતો તદ્દન વાહિયાત લાગે છે. ઈમરાન ખાને તેની એક્ટિંગ કરિયરની શરૂઆત ફિલ્મ 'જાને તુ યા જાને ના'થી કરી હતી. 2015 માં તે છેલ્લે ફિલ્મ 'કટ્ટી-બટ્ટી'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી, ત્યારબાદ ઈમરાને લાંબા સમય સુધી ફિલ્મોમાંથી બ્રેક લીધો હતો.



# પ્રિયંકા ચોપરા 166 કરોડ રૂપિયાના બંગલામાં ફરી શિફ્ટ થશે...

## મકાનમાં રિનોવેશનનું કામ પૂર્ણ, ભેજના કારણે પ્રોપર્ટી ડીલર સામે કરી હતી ફરિયાદ

દેશી ગર્લ પ્રિયંકા ચોપરા અને નિક જોનાસ ફરીથી તેમના લોસ એન્જલસના ઘરે શિફ્ટ થશે. ધ સન યુએસના એક રિપોર્ટ અનુસાર, લગભગ 20 મિલિયન ડોલર એટલે કે લગભગ 166 કરોડ રૂપિયાના આ ઘરના રિનોવેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે. વેબસાઈટે ઘરનો એક એરિયલ ફોટો શેર કર્યો છે જેમાં રિનોવેશનનું કામ જોવા મળી રહ્યું છે.

પ્રિયંકા અને નિક આ વર્ષે ફેબ્રુઆરીમાં આ બંગલો છોડીને અન્ય જગ્યાએ રહેવા ગયા હતા. બંગલામાં ભેજના નુકસાનને કારણે પ્રિયંકા-નિકને અનેક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. પાઈપ લીકેજને કારણે તેના ઘરની દીવાલો પર ભેજ દેખાવવા લાગ્યો હતી. આથી બંનેએ આ ઘર છોડીને બીજા ઘરમાં શિફ્ટ થવું પડ્યું. આ મામલે તેમણે પ્રોપર્ટી ડીલર સામે કેસ પણ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે લીકેજની સમસ્યાથી તેમના પરિવારની તબિયત બગડી શકે છે.

પ્રિયંકા અને નિકે મે 2023માં પ્રોપર્ટી ડીલર સામે કેસ નોંધાવ્યો હતો કારણ કે શિફ્ટ થયા બાદ સ્વિમિંગ પૂલ અને સ્પામાં સમસ્યાઓ ઊભી થવા લાગી હતી. આ સિવાય ઘરમાં ઘણી નાની સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો.

પ્રોપર્ટી ડીલર સામે કેસ દાખલ કરતી વખતે પ્રિયંકા-નિકે નુકસાન માટે વળતરની પણ માગ કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પ્રોપર્ટી રિપેર કરવા માટે અંદાજે 20 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. નિક-પ્રિયંકાને વળતર મળ્યું કે નહીં તે અંગે કોઈ માહિતી બહાર આવી નથી.

પ્રિયંકા અને નિકે આ બંગલો 2019માં 166 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. બંને દીકરી માલતી સાથે તેમાં રહે છે. આ લક્ઝુરિયસ પ્રોપર્ટીમાં 7 બેડરૂમ, 9 બાથરૂમ, તાપમાન કંટ્રોલ કરવા માટે વાઈન સેલર, શેફ્સ કિચન, હોમ થિયેટર, સ્પા, સ્ટીમ શાવર, જિમ અને બિલિયર્ડ રૂમ છે. પ્રિયંકાની આગામી ફિલ્મોની વાત કરીએ તો તે હોલિવૂડની ફિલ્મ 'ધ બ્લફ'માં જોવા મળશે. આ ફિલ્મનું શૂટિંગ જૂનથી શરૂ થશે. આ પહેલાં પ્રિયંકાએ હોલિવૂડ પ્રોજેક્ટ્સ- 'બેવોચ', 'ધ મેટ્રિક્સ રિસકર્શન્સ' અને રોમેન્ટિક કોમેડી 'લવ અગેઈન'માં કામ કર્યું છે.



# વધ્યું સિલેક્ટર્સનું ટેન્શન!
## 6 વિકેટકીપર્સે એકસાથે કરી દાવેદારી

(એજન્સી) મુંબઇ | તા.21

ટી 20 વિશ્વકપ 2024ની શરૂઆત 2 જૂનથી થવા જઈ રહી છે. પહેલી મેચમાં 5 જૂને ભારતીય ટીમ આયર્લેન્ડની સાથે ન્યૂયોર્કમાં રમશે. ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી ભારતીય ટીમની જાહેરાત થઈ નથી. સિલેક્ટર્સ ટૂંક સમયમાં વર્લ્ડકપ માટે ભારતીય ટીમની જાહેરાત કરી શકે છે. આ માટે પસંદગીકારો 27-28 એપ્રિલે બેઠક પણ યોજી શકે છે. જો કે ટીમની પસંદગી પહેલા જ વિકેટકીપરોએ તેમનું ટેન્શન વધારી દીધું છે. વર્લ્ડકપ માટે 6 વિકેટકીપર દાવેદારી કરી રહ્યા છે. જેમાં રિષભ પંત, કેએલ રાહુલ, સંજુ સેમસન, દિનેશ કાર્તિક, ઈશાન કિશન અને જીતેશ શર્માનો સમાવેશ થાય છે. તો જાણો આ તમામ ખેલાડીઓ કેવું પરફોર્મન્સ કરી રહ્યા છે તેને વિશે.

દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન ઋષભ પંત IPL 2024માં શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી રમાયેલી 7 મેચોમાં તેણે 35ની એવરેજ અને 156.71ની સ્ટ્રાઈક રેટથી 210 રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે 2 અડધી સદી ફટકારી છે. પંતને વર્લ્ડકપ 2024 માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટને અત્યાર સુધી 7 મેચમાં 286 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેની એવરેજ 40.85 હતી અને સ્ટ્રાઈક રેટ 143.00 હતો. રાહુલે અત્યાર સુધી લીગમાં 2 ફિફ્ટી ફટકારી છે.

રાજસ્થાન રોયલ્સના કેપ્ટન અને વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસને 7 મેચમાં 55.20ની એવરેજ અને 155.05ની સ્ટ્રાઈક રેટથી 276 રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે 3 અડધી સદી ફટકારી છે. 17મી સિઝનમાં તેનો અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર 82 રન છે. આરસીબીનો વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિક પણ આ સિઝનમાં બેટથી તબાહી મચાવી રહ્યો છે. તેણે તાજેતરમાં વર્લ્ડ કપ રમવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. તેણે 7 મેચની 6 ઈનિંગ્સમાં 75.33ની એવરેજ અને 205.45ની સ્ટ્રાઈક રેટથી 226 રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે 2 ફિફ્ટી પણ ફટકારી છે.



### ઈશાનને પણ તક મળી શકે છે

મુંબઈ ઈન્ડિયન્સનો વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશન હવે શાનદાર ફોર્મમાં છે. તે MIને સારી શરૂઆત આપી રહ્યો છે. ઈશાને અત્યાર સુધી રમાયેલી 7 મેચમાં 192 રન બનાવ્યા છે. જીતેશ શર્મા પણ વર્લ્ડ કપની ટીમમાં જગ્યા બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. તેણે 7 મેચમાં 115 રન બનાવ્યા છે. આ દરમિયાન તેનો સર્વોચ્ચ સ્કોર 29 રન રહ્યો છે.

# માનસિક સમસ્યાથી લડી રહ્યા છે Hardik

ક્રિકેટ એક સ્પોર્ટ્સમેન સ્પીરિટ ધરાવતી ગેમ છે પણ અનેક વખત મેદાન પર એવું થાય છે જેનાથી આ રમતના સન્માનને ઠેસ પહોંચે છે. છેલ્લા કેટલાક દિવસોથી હાર્દિક પંડ્યા સાથે પણ આવું થઈ રહ્યું છે. હાર્દિક જ્યારથી મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન બન્યા છે તેમને મેદાન પર અને મેદાનની બહાર પણ ટ્રોલિંગનો સામનો કરવો પડી રહ્યો છે. ફેન્સ સતત તેમને ચીઢવી રહ્યા છે. ઉલ્લેખીય છે કે હાર્દિકને માટે તેનો સામનો કરવાનું મુશ્કેલ બની રહ્યું છે. તેની સીધી અસર તેની રમત પર પણ થઈ રહી છે. હાર્દિકની સામે ચેલેન્જને લઈને રોબિન ઉથપ્પાએ ખાસ વાત કરી છે. તેઓ તેની સાથે ફેન્સને ખાસ અપીલ પણ કરી છે.



## માનસિક સમસ્યાથી પરેશાન થઈ રહ્યા છે હાર્દિક પંડ્યા

ઉથપ્પાએ હાર્દિકની માનસિક સ્થિતિ વિશે વાત કરી છે. તેમનું કહેવું છે કે તેની પાસે સર્વકાલીન મહાન બનવાની ક્ષમતા છે. તે પોતાની સામે થઈ રહેલી ટ્રોલિંગથી પણ જાણકાર છે. પણ શું તેને આ વાતોથી દુઃખ નહીં થતું હોય. ઉથપ્પાએ આગળ કહ્યું કે નક્કી રીતે હાર્દિક માનસિક સ્વાસ્થ્ય સમસ્યાનો શિકાર બની ગયો છે.

## આ રીતનો વ્યવહાર અશોભનીય

રોબિનનું કહેવું છે કે હું ભારતીય ફેન્સની ભાવનાઓને સમજુ છું અને સાથે કોઈ પણ ખેલાડીની સાથે આ રીતના વ્યવહારને યોગ્ય કહેવાતો નથી. ઉથપ્પાએ આગળ કહ્યું કે આ એક સમાજના રૂપમાં પણ અમારા માટે અશોભનીય છે. આપણે કોઈની પણ સાથે આ રીતનો વ્યવહાર કરવો નહીં. આપણે તેમની પર હસવું નહીં અને ન તો આ પ્રકારે કોઈને આગળ વધવા દેવા.

## હાર્દિક માટે પણ પ્રેમ દેખાડવો જરૂરી

ઉલ્લેખીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી હાર્દિક પંડ્યાને રોહિત શર્મા પણ સપોર્ટ કરી રહ્યા છે. આરસીબીની મેચમાં વિરાટ કોહલીએ ફેન્સને તેને ન ચીઢવવાની અપીલ કરી હતી. ઉથપ્પાએ એમ પણ કહ્યું કે વિશ્વકપ ફાઈનલમાં ટીમ ઈન્ડિયાને દિલ તોડનારી હાર મળી હતી. આમ છતાં ભારતીય ફેન્સે ટીમને માટે ઉત્સાહ વધારનારું વલણ રાખ્યું હતું. તેમનો પ્રેમ કોઈ પણ રીતે ઘટી રહ્યો નથી. ઉથપ્પાએ ફેન્સને હાર્દિકને માટે પણ આ પ્રેમ દેખાડવાની અપીલ કરી છે.

# કોલકાતા નાઈટ રાઈડર્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 223 રનનો લક્ષ્યાંક આપ્યો

(એજન્સી) મુંબઇ | તા.21

ઈન્ડિયન પ્રીમિયર લીગની 36મી મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરું વચ્ચે ઈડન ગાર્ડન્સમાં રમાઈ રહી છે. આરસીબીના કેપ્ટન ફાફ ડુપ્લેસિસે ટોસ જીતી પહેલા બોલિંગનો નિર્ણય લીધો હતો. પ્લેઈંગ 11માં 3 ફેરફાર કર્યા હતા. મોહમ્મદ સિરાજ , કેમરન ગ્રીન અને કર્ણ શર્માની પ્લેઈંગ ઈલેવનમાં વાપસી થઈ છે. આ સિવાય કેકેઆરે કોઈ ફેરફાર કર્યો નથી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે હવે હારવું અશક્ય છે. KKR જીત સાથે પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા ઈચ્છે છે. કોલકાતાની ટીમ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાન પર છે. IPL 2024 કોલકાતા નાઈટ રાઈડર્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 223 રનનો લક્ષ્યાંક આપ્યો છે,હવે આરસીબીને જીતવા માટે 223 રનનો સ્કોર બનાવવો પડશે. કોલકાતા નાઈટ રાઈડર્સે 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 222 રન બનાવ્યા છે. કોલકાતા નાઈટ રાઈડર્સ માટે શ્રેયસ અય્યરે અડધી સદી રમીને ટીમનું નેતૃત્વ કર્યું હતું. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને જીતવા માટે 120 બોલમાં 223 રનની જરૂર છે. પ્રથમ બેટિંગ કરતા કોલકાતા નાઈટ રાઈડર્સે કેપ્ટન શ્રેયસ અય્યરની અડધી સદી અને ફિલ સોલ્ટ અને રમનદીપ સિંહની ઝડપી ઈનિંગ્સની મદદથી RCBને 223 રનનો ટાર્ગેટ આપ્યો હતો. આરસીબીના કેપ્ટન ફાફ ડુપ્લેસિસે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ KKR 20 ઓવરમાં છ વિકેટે 222 રન બનાવી શક્યું હતું.



### કેમરોન ગ્રીને રઘુવંશીનો પકડ્યો શાનદાર કેચ

# KKR vs RCB: કેમેરોન ગ્રીને હવામાં ઉછળીને પકડ્યો શાનદાર કેચ

(એજન્સી) મુંબઇ | તા.21

આજે, IPL 2024ની 36મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થઈ રહ્યો છે. કોલકાતાના ઈડન ગાર્ડનમાં રમાઈ રહેલી આ મેચમાં આરસીબીએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનું પસંદ કર્યું હતું. KKRને સારી શરૂઆત મળી, પરંતુ યશ દયાલે બેંગલુરુને મેચમાં શાનદાર વાપસી કરાવી હતી. તેણે એક પછી એક 2 વિકેટ ઝડપી. તેની બીજી વિકેટમાં કેમરૂન ગ્રીનનું મહત્વનું યોગદાન હતું. ગ્રીને હવામાં ઉછળીને શાનદાર કેચ પકડ્યો હતો. RCB માટે પાવરપ્લેની છેલ્લી ઓવર યશ દયાલે ફેંકી હતી. અંગક્રિશ રઘુવંશીએ ઓવરના છઠ્ઠા બોલને મિડ-વિકેટ પર ફટકારવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન કેમેરોન ગ્રીને તેની ઊંચાઈનો ફાયદો ઉઠાવીને હવામાં કૂદકો મારીને 8 ફૂટ ઉપરથી આવતા બોલને એક હાથે કેચ પકડ્યો હતો. રઘુવંશી કંઈ ખાસ કરી શક્યો નહોતો અને તેણે 4 બોલનો સામનો કરીને 3 રન બનાવ્યા હતા.



મેચની વાત કરીએ તો કોલકાતાની શરૂઆત શાનદાર કરી હતી. સિરાજે 5મી ઓવરમાં ફિલિપ સોલ્ટનો શિકાર કર્યો હતો. સોલ્ટે 14 બોલમાં 48 રનની તોફાની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે 7 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા હતા. આ પછી યશ દયાલે છઠ્ઠી ઓવરમાં 2 વિકેટ ઝડપી હતી. ઓવરના બીજા બોલ પર તેણે સુનીલ નારાયણને વિરાટ કોહલીના હાથે કેચ આઉટ કરાવ્યો. નરેને 15 બોલમાં 10 રન બનાવ્યા હતા. કેમેરોન ગ્રીન ઓવરના છેલ્લા બોલ પર અંગક્રિશ રઘુવંશીને કેચ આપી બેઠો હતો.

### 22 એપ્રિલે મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ

# MIએ અર્જુન તેંડુલકર અને ઈશાનને ફટકારી સજા

(એજન્સી) મુંબઇ | તા.21

મુંબઈ ઈન્ડિયન્સે IPL 2024ની તેમની આગામી મેચ રાજસ્થાન રોયલ્સ સામે 22 એપ્રિલે જયપુરમાં રમવાની છે. આ મેચમાં, MI જીત નોંધાવવા અને પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે. આ મેચ પહેલા મુંબઈ ઈન્ડિયન્સે પોતાની જ ટીમના બે ખેલાડીઓને સજા ફટકારી છે. મુંબઈ ટીમ મેનેજમેન્ટે વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશન અને સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકરને સજા ફટકારી છે.

રાજસ્થાન સામેની મેચ રમવા માટે મુંબઈ ઈન્ડિયન્સ શુક્રવારે મોડી સાંજે જયપુર પહોંચી હતી. આ દરમિયાન ઈશાન કિશન અને અર્જુન તેંડુલકર સુપરહીરોના ડ્રેસમાં જોવા મળ્યા હતા. બંને ખેલાડીઓએ આ કારણે ઘણી હેડલાઈન્સ બનાવી હતી, પરંતુ બંને ખેલાડીઓએ સ્વેચ્છાએ સુપરહીરોના કોસ્ચ્યુમ પહેર્યા ન હતા, પણ તેમને સજા ફટકારવામાં આવી હતી. ઈશાન અને અર્જુન મીટિંગમાં મોડા પહોંચ્યા હતા, તેથી બંનેને સુપરહીરો કોસ્ચ્યુમ પહેરીને જયપુર જવાની સજા આપવામાં આવી હતી. આ કારણોસર બંનેએ આ ડ્રેસ પહેર્યા હતા. આ પહેલા ઈશાન કિશનને એક વખત આ સજા આપવામાં આવી હતી, જેના કારણે તે એકલો સુપરહીરો ડ્રેસ પહેરીને જોવા મળ્યો હતો, પરંતુ આ વખતે ઈશાનની સાથે અર્જુન પણ મીટિંગમાં મોડો પહોંચ્યો હતો.



### પોઈન્ટ ટેબલમાં બંને ટીમોની સ્થિતિ


પોઈન્ટ ટેબલમાં મુંબઈ ઈન્ડિયન્સની સ્થિતિ કંઈ ખાસ નથી. આ સિઝનમાં, MIએ અત્યાર સુધીમાં કુલ 7 મેચ રમી છે, જેમાંથી તેણે 3 મેચ જીતી છે. 3 જીત સાથે, MI ટીમ હાલમાં પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે. આ સિવાય રાજસ્થાને પણ 7 મેચ રમી છે જેમાંથી તેણે 6 મેચ જીતી છે. પોઈન્ટ ટેબલમાં રાજસ્થાન અત્યારે ટોપ પર છે. જો રાજસ્થાન આગામી મેચ જીતી જશે તો તે પોઈન્ટ ટેબલમાં પ્લેઓફ માટે ક્વોલિફાઈ થવાથી માત્ર એક ડગલું દૂર રહેશે, બીજી તરફ મુંબઈ આ મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન મજબૂત કરશે.

# SRHvsDC: ધમાકેદાર બેટિંગ બાદ 'પ્લેટર ઓફ ધ મેચ' બન્યો હેડ,મળ્યું કેશ પ્રાઈઝ

મુંબઇ | તા.21

ટ્રેવિસ હેડે દિલ્હી કેપિટલ્સની સામે તોફાની બેટિંગ કરી. તેઓએ સનરાઈઝર્સ હૈદરાબાદને માટે રમીને 32 બોલમાં 89 રન બનાવ્યા. હેડની સાથે સાથે અભિષેકે પણ વિસ્ફોટક બેટિંગ કરી. અભિષેકે 12 બોલમાં 46 રન બનાવી દીધા હતા. હૈદરાબાદના ખેલાડી હેડને શાનદાર ઈનિંગને માટે પણ અલગથી ઈનામ મળ્યું છે. તેમને પ્લેયર ઓફ ધ મેચના રૂપમાં પસંદ કરવામાં આવ્યા છે. આઈપીએલના કોઈપણ મેચમાં પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ થનારા ખેલાડીને વધારાનું કેશ પ્રાઈઝ મળે છે. હેડ હૈદરાબાદ માટે ઓપનિંગ કરવા આવ્યો હતો. તેણે અભિષેક સાથે માત્ર 38 બોલમાં 131 રનની ભાગીદારી કરી હતી. આ દરમિયાન હેડે 26 બોલમાં 84 રન બનાવ્યા હતા. આ પછી અભિષેક આઉટ થયો હતો. અભિષેક 46 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. જ્યારે હેડે 32 બોલમાં 89 રનની ઈનિંગ રમી હતી. હેડની ઈનિંગ્સમાં 11 ફોર અને 6 સિક્સ સામેલ હતી. આ કારણથી તેને 'પ્લેયર ઓફ ધ મેચ' પસંદ કરવામાં આવ્યો હતો. IPLની કોઈપણ મેચમાં સારૂ પ્રદર્શન કરનાર ખેલાડીને ખાસ ઈનામ મળે છે. 'પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પસંદ કરાયેલા ખેલાડીને 1 લાખ રૂપિયાનું રોકડ ઈનામ મળે છે. ટ્રેવિસ હેડે મેચ બાદ તેની ઈનિંગ પર પ્રતિક્રિયા આપી હતી. તેણે કહ્યું, "મેં મારી બેટિંગનો આનંદ માણ્યો. અનેક બાબતોને એકદમ સરળ રાખી. હું મારા પ્રદર્શનથી ખુશ છું. પાવર પ્લેમાં અભિષેકે ખૂબ જ સારું પ્રદર્શન કર્યું હતું. તે સ્પિન સામે ખૂબ જ આક્રમક બેટિંગ કરે છે. અમારી પાસે ઘણા બધા વિકલ્પો હતા. સારુ હતુ. ઉલ્લેખનીય છે કે શનિવારે રમાયેલી મેચમાં હૈદરાબાદે પ્રથમ બેટિંગ કરતા 266 રન બનાવ્યા હતા. જવાબમાં દિલ્હીની ટીમ 199 રન જ બનાવી શકી હતી. આ જીત બાદ હૈદરાબાદની ટીમ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે. તેણે 7માંથી 5 મેચ જીતી છે.





# શુભમન ગિલ વિશેની અજાણી વાતો

શુભમન ગિલનો જન્મ 8 સપ્ટેમ્બર 1999ના રોજ પંજાબના એક પંજાબી શીખ પરિવારમાં થયો હતો. શુભમન ગિલ જે ત્રણેય ફોર્મેટમાં ભારતીય ક્રિકેટ ટીમનું પ્રતિનિધિત્વ કરે છે. તે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન છે અને ડોમેસ્ટ્રિક ક્રિકેટમાં પંજાબ માટે રમે છે. ગિલ 2018ના અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતીય અંડર-19 ક્રિકેટ ટીમના વાઈસ-કેપ્ટન રહી ચૂક્યો છે અને પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ જીત્યો હતો. ગિલ વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં બેવડી સદી ફટકારનાર સૌથી યુવા ક્રિકેટર અને ભારતીય ટીમ માટે વ્યક્તિગત દ્વારા સૌથી વધુ T20I સ્કોરનો રેકોર્ડ ધરાવે છે. તેણે 2017માં વિદર્ભ સામે લિસ્ટ-એમાં ડેબ્યુ કર્યું હતું અને 2017-18 રણજી ટ્રોફીમાં બંગાળ સામે પંજાબ તરફથી ફર્સ્ટ-ક્લાસ ડેબ્યૂ કર્યું હતું, જાન્યુઆરી 2019માં ભારતીય ક્રિકેટ ટીમ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. હાલમાં તે IPLમાં ગુજરાત ટાઈટન્સનો કપ્તાન પણ છે.

## શુભમન ગિલના માતા-પિતા

શુભમન ગિલના પિતાનું નામ લખવિંદર સિંહ છે, જેઓ ખેડૂત તરીકે કામ કરતા હતા. લખવિન્દર સિંઘ ક્રિકેટર બનવાની ઈચ્છા રાખતા હતા પરંતુ તે ક્રિકેટર બની શક્યા ન હતા. પરંતુ તેણે નાની ઉંમરમાં જ શુભમનની ક્ષમતા ઓળખી લીધી હતી. શુભમનની ક્રિકેટ કારકિર્દી માટે તે તેમના પિતા પરિવાર સાથે પંજાબ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ નજીક મોહાલી ખાતે શિફ્ટ થયા હતા, જેથી શુભમન ગિલ સારી તાલીમ મેળવી શકે. શુભમન ગિલની માતાનું નામ કરીત ગિલ છે. તે એક ગૃહિણી છે જેણે હંમેશા તેના પુત્રને પ્રોફેશનલ ક્રિકેટર બનવાની સફરમાં સાથ આપ્યો હતો.

## કોણ છે શુભમન ગિલની બહેન?

શાહનીલ ગિલ શુભમન ગિલની મોટી બહેન છે. તે 325k ફોલોઅર્સ સાથે ઈન્સ્ટાગ્રામ પર અત્યંત લોકપ્રિય છે. તેણીની લોકપ્રિયતાનું કારણ તેણીની ફેશન સેન્સ છે, અને તેણી હંમેશા તેના અદભૂત પોશાક પહેરેથી લોકોનું ધ્યાન ખેંચે છે. તેણી શુભમન સાથેનો ગાઢ બોન્ડ શેર કરે છે અને સોશિયલ મીડિયા પર સક્રિય રીતે જોવા મળે છે, રમુજી વીડિયો બનાવે છે અને મુસાફરીની તસવીરો પોસ્ટ કરે છે.

## શુભમન ગિલ વિશે અજાણી વાતો

સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ અને વીવીએસ લક્ષ્મણ તેમના રોલ મોડલ છે જેમણે તેમને પ્રોફેશનલ ક્રિકેટર બનવાની પ્રેરણા આપી હતી. તે 11 વર્ષની ઉંમરે પંજાબની અંડર-16 ટીમમાં પસંદગી પામ્યો હતો જ્યાં તેણે માત્ર પાંચ મેચમાં રેકોર્ડ-બ્રેક 330 રન બનાવ્યા હતા. 2014 માં, તેણે વિજય મર્ચન્ટ ટ્રોફીમાં પંજાબ માટે તેની પ્રથમ U-16 રાજ્ય સ્તરની મેચમાં બેવડી સદી ફટકારી હતી.

# T20 વર્લ્ડકપ પહેલા પાકિસ્તાનની ટીમને મોટો ઝટકો



(એજન્સી) મુંબઇ | તા.21

T20 વર્લ્ડકપ 2024 2 જૂનથી શરૂ થશે. આ પહેલા પાકિસ્તાનની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ટીમનો વિકેટકીપર બેટ્સમેન આઝમ ખાન ઈજાના કારણે ન્યૂઝીલેન્ડ સામેની T20 સીરિઝમાંથી બહાર થઈ ગયો છે. આઝમ ખાનને તેના જમણા પગમાં ઈજા થઈ છે. આ કારણોસર તે ન્યુઝીલેન્ડ સામેની T20 સીરિઝમાંથી બહાર છે.

આઝમ ખાનનું સ્કેનિંગ કરવામાં આવ્યું હતું, જેમાં તેના જમણા પગના સ્નાયુઓ ખેંચાયા હોવાનું બહાર આવ્યું હતું. આ પછી તેમને 10 દિવસ આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં પ્રથમ T20 મેચ પહેલા પ્રેક્ટિસ દરમિયાન આઝમને સ્નાયુમાં ખેચનો અનુભવ થયો હતો. આઝમ હવે રિહેબ માટે નેશનલ ક્રિકેટ એકેડમી જઈ રહ્યો છે.

આઝમ ખાનનું ન્યુઝીલેન્ડ સીરીઝમાંથી બહાર થવું ટીમ માટે મોટો ફટકો છે. તે T20 વર્લ્ડકપ 2024 માટે પાકિસ્તાન ટીમમાં સ્થાન મેળવવાનો પ્રબળ દાવેદાર હતો. ન્યુઝીલેન્ડ સીરીઝ બાદ અને વર્લ્ડકપ પહેલા પાકિસ્તાની ટીમ આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામે સીરીઝ રમશે. આઝમ આ સીરિઝઓમાં ઉપલબ્ધ થાય તેવી શક્યતા છે. ન્યૂઝીલેન્ડ સામેની સીરિઝની પ્રથમ T20 મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી.

ન્યુઝીલેન્ડની ટીમ આ દિવસોમાં પાકિસ્તાનના પ્રવાસે છે. આ દરમિયાન બંને ટીમો વચ્ચે 5 T20 મેચોની સિરીઝ રમાઈ રહી છે. સીરિઝની પ્રથમ મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી જ્યારે બીજી મેચમાં પાકિસ્તાને ન્યૂઝીલેન્ડને 7 વિકેટે હરાવ્યું હતું. સીરિઝની આગામી મેચ આજે રાવલપિંડીમાં રમાશે.

# પાકિસ્તાનને મિસાઈલ બનાવવામાં મદદ કરતી ચાર કંપનીઓ પર અમેરિકાનો પ્રતિબંધ, પાકિસ્તાન ભડક્યું

(એજન્સી) ઈસ્લામાબાદ | તા.21

અમેરિકાએ પાકિસ્તાનના મિસાઈલ પ્રોગ્રામ માટે ટેકનોલોજી પૂરી પાડી રહેલી બેલારુસની એક તેમજ ચીનની ત્રણ કંપનીઓ પર પ્રતિબંધ મુકી દીધા બાદ પાકિસ્તાનની સરકાર હાંફળી-ફાંફળી થઈ ગઈ છે.અમેરિકાએ કરેલી કાર્યવાહી બાદ શનિવારે પાકિસ્તાની વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, 'એક્સપોર્ટ કંટ્રોલના કાયદાનો રાજકીય ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.'અમેરિકાનુ નામ લીધા વગર વિદેશ મંત્રાલયના પ્રવકતા મુમતાઝ બલોચે બળાપો ઠાલવતા કહ્યું હતું કે, 'આખી દુનિયા જાણે છે કે, જે દેશો પરમાણુ હથિયારો પર નિયંત્રણ લાદવાની વાત કરે છે તેમણે કેટલાક દેશો માટે એડવાન્સ ટેકનોલોજી પ્રાપ્ત કરવા લાઈસન્સની જરુરિયાતને પણ માફ કરી દીધી છે. આ પ્રકારના બેવડા ધોરણો અને ભેદભાવથી પરમાણુ હથિયારો પર નિયંત્રણ રાખતી સિસ્ટમની વિશ્વસનિયતા પર સવાલો ઉઠવા સ્વાભાવિક છે અને તેના કારણે વૈશ્વિક તથા ક્ષેત્રીય શાંતિ અને સુરક્ષા જાળવવાનો ઉદ્દેશ પણ જોખમાય છે. આ પહેલા પણ કોઈ પૂરાવા આપ્યા વગર કેટલીક કંપનીઓને પાકિસ્તાનના મિસાઈલ પ્રોગ્રામ સાથે સંકળાયેલી હોવાના આરોપસર પ્રતિબંધિત કરી દેવામાં આવી હતી.'

તેમણે આગળ કહ્યું હતું કે, 'અમને અમેરિકાના નવા નિયમોની ઉંડાણપૂર્વકની જાણકારી નથી પણ અગાઉ પણ માત્ર શંકાના આધારે અમેરિકાએ આ પ્રકારની કાર્યવાહી કરી છે. તેની સામે પાકિસ્તાને પહેલા પણ એક્સપોર્ટ કંટ્રોલના કાયદાને મનસ્વી રીતે લાગુ કરતા પહેલા સબંધિત પક્ષો સાથે વાતચીત કરવામાં આવે તેવી ભલામણ કરેલી છે. જેથી મિસાઈલ ટેકનોલોજીના નામે સામાજિક અને આર્થિક વિકાસ માટે જરુરી ટેકનોલોજી પ્રતિબંધનો શિકાર ના બને. અમેરિકાએ જેના પર પ્રતિબંધ મુક્યો છે તે કંપનીઓની ટેકનોલોજીનો ઉપયોગ પાકિસ્તાનમાં કયા ક્ષેત્રમાં થઈ રહ્યો છે તેના પર ચર્ચા કરવા માટે પણ અમે તૈયાર છે.' અમેરિકાએ જે કંપનીઓ પર પ્રતિબંધ મુક્યો છે તેમાં ચીની શિયાન લોન્ગદે ટેકનોલોજી, તિયાનજિન ક્રિએટિવ સોર્સ ઈન્ટરનેશનલ ટ્રેડ કંપની લિમિટેડ તથા ગ્રેનપેક્ટ કંપની લિમિટેડ અને બેલારુસની મિન્સ્ક વ્હીલ ટ્રેક્ટર પ્લાન્ટ કંપની સામેલ છે. અમેરિકાએ કહ્યું છે કે, 'અમે આ કંપનીઓને સજા કરવાના આશયથી નહીં બલ્કે તેમનામાં હકારાત્મક બદલાવ લાવવા માટે પ્રતિબંધ મૂક્યો છે.'



## ન્યૂઝ ફ્લેશ

### 'બાળકોના રમકડાં જેવા શસ્ત્રો વડે હુમલો કરાયો..' ઈઝરાયલે બદલો લેવા કરેલા હુમલાની ઈરાને ઠેકડી ઉડાડી

તહેરાન | ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે દુશ્મની વધતી જાય છે. સીરિયામાં ઈરાનના વાણીજ્ય દુતાવાસ પર ૧ એપ્રિલના રોજ ઈઝરાયેલે હુમલો કરતા વિસ્ફોટ પરિસ્થિતિ ઉભી થઈ છે. ઈરાને ૧૩ એપ્રિલના રોજ ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કરીને બદલો લીધો હતો. ઈઝરાયેલ પણ ઈરાનના વળતો હુમલો કરતા હુમલા અને પ્રતિ હુમલાનો સિલસિલો શરુ થયો છે. ઈરાનના વિદેશમંત્રી હોસેન અમીરાબ્દુલ્લાહિયન કહયું હતું કે જો ઈઝરાયેલ જવાબી કાર્યવાહી કરીને ઈરાનના હિતોની વિરુધ પગલા ભર્યા તો તહેરાનની હવે પછીની પ્રતિક્રિયા મેકિસમમ લેવલ પરની હશે. ઈઝરાયેલના દુસાહસનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. વિદેશમંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે ઈરાન પર તાજેતરમાં થયેલા હુમલાની તપાસ કરી રહયા છીએ જો કે હજુ તેનો ઈઝરાયેલ સાથેનો સંબંધ સાબીત થયો નથી.ઈરાનના વિદેશમંત્રીએ ચોખવટ કરી હતી કે ડ્રોને ઈરાનની અંદરથી જ ઉડાણભરી હતી અને તે ફેંકવામાં આવે તે પહેલા ૧૦૦ મીટર જેટલી ઉડાણભરી હતી. આ શસ્ત્રો તો રમકડા જેવા હતા જેનાથી અમારા બાળકો રમે છે. ઈરાને ઈઝરાયેલ તરફથી ડ્રોન હુમલા સામે વાયુસેના, હવાઈઅડ્ડા અને પરમાણુ સ્થળના રક્ષણ માટે એર ડિફેન્સ સિસ્ટમ એકિટવ કરી છે. ઈરાનના કોઈ પણ અધિકારીએ હુમલો ઈઝરાયેલે કર્યો હોવાનું સ્વીકાર્યુ નથી.

### ઈલોન મસ્કની ભારત મુલાકાત મુલતવી ટેસ્લાના ત્રિમાસિક પરીણામો કારણભૂત

નવી દિલ્હી : ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્કનો ભારત પ્રવાસ હાલ મુલતવી રહ્યો છે. ટેસ્લાના પહેલા ત્રિમાસિક પરિણામો અંગે સવાલોના જવાબ આપવા માટે ૨૩ એપ્રિલે અમેરિકામાં કોન્ફરન્સ કોલના કારણે મસ્કનો ભારત પ્રવાસ સ્થગિત કરાયો છે. મસ્ક આ પ્રવાસમાં પીએમ મોદીને પણ મળવાના હતા. ઈલોન મસ્કે એક્સ પ્લેટફોર્મ પર તેમનો ભારત પ્રવાસ સ્થગિત થયાની જાહેરાત કરી હતી. તેમણે એક પોસ્ટના રિપ્લાયમાં લખ્યું કે, દુર્ભાગ્યથી, ટેસ્લાની અતિ વ્યસ્ત જવાબદારીઓના કારણે ભારત પ્રવાસ મુલતવી રાખવો પડયો છે, પરંતુ આ વર્ષના અંતમાં ભારત પ્રવાસ માટે ખૂબ જ આતુર છું.

અગાઉ મસ્કે પોતે ૧૦ એપ્રિલે એક્સ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે, ૨૧ અને ૨૨ એપ્રિલે ભારત પ્રવાસ સમયે તેઓ પીએમ મોદી સાથે મુલાકાત માટે ખુબ જ ઉત્સુક છે. ઈલોન મસ્ક ભારતમાં બેથી ત્રણ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરે તેવી પણ શક્યતા હતી. ટેસ્લાના માલિક મસ્ક ભારતમાં ઈલેક્ટ્રિક વ્હિકલ ટેસ્લાની ફેક્ટરી સ્થાપિત કરવાની સંભાવનાઓ ચકાસી રહ્યા છે.

રિપોર્ટમાં દાવો કરાયો હતો કે, કેન્દ્ર સરકારે આયાત ટેક્સ પરના ઊંચા ચાર્જ ઘટાડવાની નવી પોલિસીની જાહેરાત કરી હતી, પરંતુ કંપની સ્થાનિક સ્તર પર રોકાણ કરે તો જ તેનો લાભ મળે તેવી શરત હોવાથી મસ્ક ભારતમાં રોકાણ કરે તેવી શક્યતા છે. મસ્ક ભારતમાં રિલાયન્સ સાથે જોડાણ કરે તેવી પણ અટકળો ચાલી રહી છે.ઈલોન મસ્કે શનિવારે ભારત પ્રવાસ સ્થગિત કર્યો હોવાના સમાચાર આવતા જ કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે મોદી સરકાર પર પ્રહાર કરતાં લખ્યું હતું કે, મસ્ક પણ હવે 'દિવાલ પર લખેલું વાંચી' શકે છે. રમેશે લખ્યું, ઈલોન મસ્ક ભારત આવે અને વિદાય લઈ રહેલા વડાપ્રધાનને મળે તે થોડુંક અજુગતું લાગતું હતું. તેઓ પણ હવે દિવાલ પર લખેલું વાંચી શકે છે અને તેમણે ભારત મુલાકાત પાછી ઠેલવાનો નિર્ણય કર્યો.

'રશિયાના બ્રાંસ્ક, કુર્સ્ક, તુલા, સ્મોલેન્સ્ક, રિયાજાન વિસ્તારોની સાથે મોસ્કો વિસ્તારમાં મળીને કુલ 50 ડ્રોનનો ખાતમો બોલાવાયો છે

# ...તો દેશના ઘણાં હિસ્સામાં અંધારપટ છવાયો હોત, રશિયાએ યુક્રેનના 50 ડ્રોન તોડી પાડ્યા

(એજન્સી) રશિયા | તા.21

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં બંને દેશો એક બીજા પર હુમલા કરવા માટે ડ્રોનનો વ્યાપકપણે ઉપયોગ કરી રહ્યા છે.

રશિયાએ શનિવારે કહ્યું છે કે, 'રશિયાના પાવર પ્લાન્ટને ટાર્ગેટ કરવા માટે યુક્રેને મોકલેલા 50 જેટલા ડ્રોન રશિયન એર ડિફેન્સ સિસ્ટમે તોડી પાડ્યા છે.જેમાંથી 26 ડ્રોન યુક્રેનની સીમા નજીક બેલગોરોદ વિસ્તારમાં જ નષ્ટ કરી દેવાયા હતા.'રશિયાના સંરક્ષણ મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું હતું કે, 'રશિયાના પશ્ચિમ તેમજ દક્ષિણ વિસ્તારમાં આવેલા બ્રાંસ્ક, કુર્સ્ક, તુલા, સ્મોલેન્સ્ક , રિયાજાન વિસ્તારોની સાથે મોસ્કો વિસ્તારમાં મળીને કુલ 50 ડ્રોનનો ખાતમો બોલાવાયો છે. તેની સાથે સાથે યુક્રેનના ફાઈટર જેટ સુખોઈ-25ને પણ તોડી પાડવામાં આવ્યુ છે.'રશિયાએ એવો પણ દાવો કર્યો છે કે, '2014 અને 2017માં યુક્રેનના ભાગલાવાદી જૂથોની સાથે રશિયા સામે લડનારા અમેરિકન નાગરિક રસેલ બેન્ટલેનુ રશિયાના કબ્જા હેઠળના ડોનેત્સ્ક વિસ્તારમાં મોત થયુ છે.જોકે બેન્ટલે તાજેતરમાં યુક્રેનના લશ્કરી અભિયાનોમાં સામેલ નહોતા અને એક ન્યૂઝ એજન્સી માટે કામ કરતા હતા.'

જાણકારો માની રહ્યા છે કે, 'યુક્રેને રશિયાના પાવર પ્લાન્ટોને ટાર્ગેટ કરવા માટે ડ્રોન હુમલો કર્યો હતો.જો આ હુમલો સફળ થયો હોત તો રશિયાના એક મોટા હિસ્સામાં અંધારપટ સર્જાવાની શક્યતા હતી.'



યુક્રેને રશિયાની માળખાકીય સુવિધાઓને ટાર્ગેટ કરવાની નીતિ અપનાવી હોય તેમ લાગે છે.તાજેતરમાં રશિયાની રિફાઈનરીઓ તથા ઓઈલ ટર્મિનલ પર પણ યુક્રેને ડ્રોન હુમલા કર્યા છે. બીજી તરફ યુક્રેને કહ્યુ હતુ કે, 'રશિયાએ ગઈકાલે રાતે યુક્રેન પર સાત મિસાઈલો અને કેટલાક ડ્રોન લોન્ચ કર્યા હતા, જેમાંથી બે મિસાઈલ અને ત્રણ ડ્રોન અમે હવામાં તોડી પાડ્યા હતા.'

## યુદ્ધ વધુ વિનાશક બનશે, ઈઝરાયલ-યુક્રેન અને ગાઝા માટેના 95 અબજ ડોલરના પેકેજને અમેરિકન સંસદની મંજૂરી

અમેરિકન પ્રમુખ જો બાઈડને કરેલી અપીલ બાદ અમેરિકન સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં યુક્રેન તથા ઈઝરાયલને મદદ કરવા માટે અને ગાઝામાં માનવીય સહાયતા પહોંચાડવા માટેના 95 અબજ ડોલરના પેકેજને સાંસદોએ મંજૂરી આપી દીધી છે.સંસદે યુક્રેન માટે 61 અબજ ડોલરની મદદનું પેકેજ મંજૂર કર્યુ છે. જેના કારણે યુક્રેન અને રશિયા વચ્ચેનુ યુદ્ધ વધારે વિનાશકારી બનશે તેવું મનાઈ રહ્યું છે. સાથે સાથે ઈઝરાયલને સહાય કરવા માટે તથા ગાઝામાં યુદ્ધગ્રસ્ત લોકોને રાહત પહોંચાડવા માટેના 26 અબજ ડોલરના પેકેજને પણ સંસદે લીલી ઝંડી આપી છે. આ બંને પેકેજમાં ઈઝરાયલ અને યુક્રેન માટે મુખ્યત્વે લશ્કરી સહાયતાનો સમાવેશ થાય છે.આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીએ પોતાના અહેવાલમાં કહ્યું છે કે, 'પેકેજ માટે સંસદના નીચલા ગૃહમાં વોટિંગ થયું હતું. મંજૂરી બાદ તેને સેનેટમાં મોકલવામાં આવ્યુ છે. આ પેકેજને સંસદે ગ્રાહ્ય રાખ્યા બાદ ઈઝરાયલના વડાપ્રધાન નેતાન્યાહૂએ તથા યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ અમેરિકન સાંસદોનો આભાર માન્યો હતો.'અમેરિકાની



સંસદના નીચલા ગૃહના અધ્યક્ષ માઈક જોનસને પેકેજને મંજૂર કરવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેના બે દિવસ પહેલા રાષ્ટ્રપતિ બાઈડને અપીલ કરી હતી કે, 'આપણે આપણા મિત્રોની પડખે ઊભા છે તેવો સંદેશો દુનિયાને આપવા માટે સંસદે આ પેકેજને મંજૂર કરવું જોઈએ. જેવુ સંસદ તેને મંજૂર કરશે કે તરત જ હું તેના પર સહી કરીશ.'

## ગાઝામાં નવાજૂની થશે?

# તૂર્કીના રાષ્ટ્રપતિ અને હમાસ ચીફ વચ્ચે અઢી કલાક સુધી બેઠક

(એજન્સી) તૂર્કી | તા.21



તૂર્કીના રાષ્ટ્રપતિ એર્દોગન અને હમાસના ચીફ ઈસ્માઈલ હાનિયા વચ્ચે બેઠક થયા બાદ ગાઝામાં નવાજૂની થવાની અટકળો વેગ પકડી રહી છે.

તૂર્કીના ઈસ્તંબુલમાં બંને વચ્ચેની બેઠક અઢી કલાક ચાલી હતી અને એ પછી એર્દોગને ઈઝરાયલ પર બરાબર માછલા ધોયા હતા. તેમણે કહ્યું હતું કે, 'ઈઝરાયલે ગાઝામાં કરેલી કાર્યવાહી માનવતા પર ધબ્બા સમાન છે. ઈઝરાયલ બાળકો અને મહિલાઓને મારીને અપરાધ કરી રહ્યુ છે અને તેને કોઈ પણ કાળે યોગ્ય ઠેરવી શકાય તેમ નથી.'

તૂર્કીના મીડિયા રિપોર્ટ અનુસાર અઢી કલાકથી વધારે સમય ચાલેલી બેઠકમાં એર્દોગને હમાસને મુક્તિ જૂથ ગણાવ્યું હતુ અને ઈઝરાયલીઓને નાઝીઓ કરતા પ ણ ખરાબ ગણાવ્યા હતા. એર્દોગન અને ઈસ્માઈલ હાનિયા વચ્ચેની વાતચીતમાં પેલેસ્ટાઈનની એકતા જળવાઈ રહે તે મુદ્દા પર ભાર મુકાયો હતો. એર્દોગને કહ્યુ હતુ કે, 'પેલેસ્ટાઈના નાગરિકો એક થઈને રહેશે તો જ ઈઝરાયલને હરાવી શકશે. ઈઝરાયલ સામેની જીતનો રસ્તો એકતામાંથી જ નીકળી શકશે.'

પશ્ચિમના દેશો હમાસને આતંકી સંગઠન માને છે પણ તૂર્કીએ હમાસને પેલેસ્ટાઈનની આઝાદી માટે લડી રહેલા સંગઠનનો દરજ્જો આપેલો છે. તૂર્કીના રાષ્ટ્રપતિ એર્દોગન જ્યારથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે ગાઝામાં સંઘર્ષ થયો છે ત્યારથી ઈઝરાયલનો કટ્ટર વિરોધ કરી રહ્યા છે અને ગત વર્ષે તેમણે ઈઝરાયલના વડાપ્રધાન નેતાન્યાહૂની સરખામણી હિટલર સાથે કરીને ઈઝરાયલને આતંકી દેશ જાહેર કરી દીધો હતો.

હમાસ અને તૂર્કી વચ્ચેના સબંધો બહુ જૂના છે. 2011થી તૂર્કીમાં હમાસનુ એક કાર્યાલય છે. એર્દોગન અને હમાસના ચીફ હાનિયા વચ્ચે સારો મનમેળ છે. તૂર્કી અત્યારે પેલેસ્ટાઈનને માનવીય સહાય પણ પહોંચાડી રહ્યું છે.

## ઉ.કોરિયાએ ફરી ચોંકાવ્યાં, સૌથી ખતરનાક ક્રૂઝ અને વિમાનવિરોધી મિસાઈલનું પરીક્ષણ કરતાં ખળભળાટ

(એજન્સી) સીઉલ | તા.21

ઉત્તર કોરિયાએ તેના સુપર-લાર્જ-વૉરહેડવાળા ક્રૂઝ અને વિમાન વિરોધી મિસાઈલ્સનાં સફળ પરિક્ષણ કરી ફરી એકવાર દુનિયાને ચોંકાવી દીધી છે. રશિયા-યુક્રેન યુદ્ધ, ચીન-તાઈવાન સંઘર્ષ અને ઈઝરાયલ-હમાસ, તથા ઈઝરાયલ- ઈરાન યુદ્ધને લીધે વિશ્વમાં ત્રીજા વિશ્વ યુદ્ધનો ભય વધી રહ્યો છે. તે સમયે ઉત્તર કોરિયાએ કરેલા આ પરિક્ષણોએ દુનિયામાં ભય ફેલાવી દીધો છે. ઉ.કોરિયાએ શનિવારે કહ્યું હતું કે, તેણે પશ્ચિમ તટીય ક્ષેત્રમાં એક પ્રબળ ક્રૂઝ મિસાઈલ અને એક વિમાન વિરોધી મિસાઈલનું પરિક્ષણ સફળ રીતે કર્યું છે.

કીમ-જોંગ-ઉન સતત તેની યુદ્ધ શક્તિ વધારી રહ્યા છે. શુક્રવારે તેના સરકારી મીડીયાએ તેની ખબરમાં જણાવ્યું હતું કે, વ્હાસલ-૧, રા-૩ ક્રૂઝ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું છે. તે સાથે પ્લોજી-૧-૨ વિમાનરોધક મિસાઈલ્સનું સફળ પરિક્ષણ કર્યું છે. કોરિયન સેન્ટ્રલ ન્યુઝ એજન્સી દ્વારા પ્રસિદ્ધ કરાયેલી તસ્વીરોમાં લોન્ચર ટ્રક-ઉપરથી ઓછામાં ઓછા બે મિસાઈલ્સ છોડાયેલા દેખાય છે.

આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શુક્રવારે કરાયેલું આ પરિક્ષણ દેશની સૈન્ય વિકાસ ગતિવિધિના ભાગરૂપે હતું. તેને આસપાસની હાલાત સાથે કશી લેવા દેવા નથી.કોરિયાઈ દ્વિપકલ્પમાં છેલ્લા કેટલાએ વર્ષોથી તંગદિલી પ્રવર્તે છે.કીમ જોંગ ઉન પોતાનો શસ્ત્રાગાર વધારી રહ્યા છે.

## અમેરિકામાં ફરી અંધાધૂંધ ગોળીબાર, મેમ્ફિસમાં બ્લોક પાર્ટીમાં હાજર 2નાં મોત, 14થી વધુ ઈજાગ્રસ્ત

અમેરિકામાં ફરી એકવાર ગોળીબારની ઘટનાં બનતાં અફરા તફરીનો માહોલ સર્જાયો છે. આ વખતે ટેનેસીના મેમ્ફિસમાં એક બ્લોક પાર્ટીમાં અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવી હતી. માહિતી અનુસાર પોલીસે કહ્યું કે આ પાર્ટીનું આયોજન પરવાનગી વગર કરવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યાનુસાર આ ઘટનામાં અત્યાર સુધીમાં 2 લોકોનાં મોત નીપજ્યાં છે જ્યારે અન્ય 14થી વધુ ઘાયલ હોવાની માહિતી છે. આ પાર્ટીમાં 200થી 300 લોકો હાજર હતા. ગેરકાયદે યોજાયેલી પાર્ટીમાં મોટી સંખ્યામાં લોકોની હાજરીને પગલે મોટી કરુણાંતિકા થતા રહી ગઈ હતી. ઈજાગ્રસ્તોમાં પણ અનેકની હાલત ગંભીર હોવાથી મૃતકાંક વધવાની શક્યતા છે.




# અમેરિકાની જાણીતી યુનિવર્સિટીમાં પ્રતિબંધિત બ્લૂ વ્હેલ ગેમ રમ્યાં બાદ ભારતીય વિધાર્થીનો આપઘાત



(એજન્સી) અમેરિકા | તા.21

અમેરિકાની જાણીતી યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીએ ભારતમાં પ્રતિબંધિત એવી બ્લુ વ્હેલ ગેમ રમતાં રમતાં આત્મહત્યા કરી લીધી છે. એક રિપોર્ટ મુજબ યુનિવર્સિટી ઓફ મેસાચ્યુસેટ્સમાં પહેલા વર્ષના વિદ્યાર્થીના મોતને પહેલા હત્યા માનવામાં આવી હતી. તેનો મૃતદેહ જંગલમાં એક કારમાંથી મળી આવ્યો હતો. આ ઘટના માર્ચ મહિનામાં બની હતી.તપાસ બાદ સામે આવ્યું કે તેણે ખતરનાક ગેમ રમ્યા બાદ આપઘાત કરી લીધો હતો. બ્લૂ વ્હેલ ગેમ એક ઓનલાઈન ગેમ છે. જેમાં રમનારને એક ચેલેન્જ આપવામાં આવે છે. આ ગેમમાં 50 થી વધુ લેવલ હોય છે. લેવલ આગળ જતાં મુશ્કેલ બનતાં હોય છે. આ ગેમમાં શરીરને નુકસાન પહોંચાડનારા ચેલેન્જ આપવામાં આવે છે. વર્ષ 2017 માં ભારતમાં એડવાઈઝરી જાહેર કરાઈ હતી જેમાં કહેવાયું હતું કે આ ગેમથી દૂર રહેવું જોઈએ. બ્રિસ્ટલ કાઉન્ટી ડિસ્ટ્રિક્ટ એટોર્નીના પ્રવક્તા ગ્રેગ મિલિયટે કહ્યું કે અમે આ મામલે તપાસ કરી છે અને આ એક આપઘાતનો કેસ હોવાનું સામે આવ્યું છે. પહેલા આ એક હત્યાનો મામલો સમજવામાં આવી રહ્યો હતો. જોકે હવે મેડિકલ એક્ઝામિનરોના ફાઈનલ રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. મૃતક ફક્ત 20 વર્ષનો જ છે. તેના પરિવારજનોની વિનંતીના પગલે અમે મૃતકની ઓળખ જાહેર કરી નથી. આ ઘટના 8 માર્ચે બની હતી.

'મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સના બે એસએચ-60 હેલિકોપ્ટરોએ ચાર-ચાર ક્રુ મેમ્બર સાથે ઉડાન ભરી હતી

# જાપાની નૌસેનાના બે સી હોક હેલિકોપ્ટર ક્રેશ, 1 મોત અને 7 લાપતા

(એજન્સી) ઈસ્લામાબાદ | તા.21

જાપાની નૌસેનાના બે હેલિકોપ્ટર રુટિન ટ્રેનિંગ દરમિયાન ક્રેશ થઈ જવાના કારણે હેલિકોપ્ટરમાં સવાર સાત ક્રુ મેમ્બર લાપતા છે. જ્યારે એકનો મૃતદેહ દરિયામાંથી મળી આવ્યો છે. સાત સભ્યોની શોધખોળ ચાલી રહી છે.જાપાનના સંરક્ષણ મંત્રી માઈનોરુ કિહારાએ મીડિયાને કહ્યુ હતુ કે, 'મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સના બે એસએચ-60 હેલિકોપ્ટરોએ ચાર-ચાર ક્રુ મેમ્બર સાથે ઉડાન ભરી હતી અને શનિવારે મોડી રાતે ટોકયોથી 600 કિલોમીટર દૂર આવેલા તોરીશિમા દ્વીપ પાસે તેમનો કંટ્રોલ ટાવર સાથેનો સંપર્ક કપાઈ ગયો હતો. આ બંને હેલિકોપ્ટરો ક્રેશ કેવી રીતે થયા તેની ચોક્કસ જાણકારી નથી મળી પરંતુ હવામાં તેઓ એક બીજા સાથે ટકરાયા હોવાની આશંકા છે.'

તેમણે કહ્યુ હતુ કે, 'રેસ્ક્યુ ટીમોએ હેલિકોપ્ટરનુ ડેટા રેકોર્ડર તથા બીજા અવશેષો પ્રાપ્ત કર્યા છે. આ તમામ અવશેષો એક જ વિસ્તારમાંથી મળી આવ્યા છે. ડેટા રેકોર્ડરના અભ્યાસના આધારે અકસ્માતનુ કારણ જાણવા મળે તેવી શક્યતા છે.'દરમિયાન લાપતા ક્રુ મેમ્બરોની શોધખોળ માટે આઠ યુધ્ધ જહાજો તેમજ બીજા પાંચ વિમાનો તૈનાત કરવામાં આવે છે. ક્રેશ થયેલા હેલિકોપ્ટર સી હોક તરીકે પણ ઓળખાય છે. જે અલગ અલગ પ્રકારના મિશન હાથ ધરવા માટે સક્ષમ છે. જાપાન પાસે આવા 70 હેલિકોપ્ટરો છે.તુટી પડેલા હેલિકોપ્ટર પાણીની અંદર હંકારી રહેલી સબમરીનની ભાળ મેળવવાની ટ્રેનિંગ પર હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. હેલિકોપ્ટરોનો સંપર્ક તુટયો તે પહેલા તેમણે એક ઈમરજન્સી સિગ્નલ પણ મોકલ્યો હતો.



કેટલાક નગરો અને નાની વસાહતો જળમગ્ન થવાના આરે છે.

## ગ્લોબલ વોર્મિંગને ડામવા ઈન્ડોનેશિયાની અનોખી પહેલ, લોકોને જાગૃત કરવા અપનાવ્યો 'ધાર્મિક' રસ્તો

(એજન્સી) જકાર્તા | તા.21

વિશ્વમાં સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતા ઈન્ડોનેશિયાએ ગ્લોબલ વોર્મિંગ અને જળવાયુ પરિવર્તન રોકવા માટે ગ્રીન ઈસ્લામ નામનો કાર્યક્રમ આપ્યો છે. ઈન્ડોનેશિયામાં મોટા પાયે કોલસા અને પામ ઓઈલનું ઉત્પાદન થાય છે. ઈન્ડોનેશિયા અને મલેશિયા દુનિયામાં પામ તેલની સૌથી વધુ નિકાસ કરે છે. ગ્લોબલ વોર્મિંગની અસર ઈન્ડોનેશિયાની ધરતી પર પણ દેખાવા લાગી છે. ગ્લોબલ વોર્મિંગથી કાંઠા વિસ્તારના કેટલાક નગરો અને નાની વસાહતો જળમગ્ન થવાના આરે છે. આથી ૨૭ કરોડની વસ્તી ધરાવતા ઈન્ડોનેશિયાએ ગ્લોબલ વોર્મિંગના સામના માટે ધાર્મિક સ્તરે પ્રયાસ કરીને ગ્રીન ઈસ્લામનો નારો બુલંદ કર્યો છે. ઈન્ડોનેશિયામાં એવા ઈસ્લામિક કલ્ચરની માંગ લધી રહી છે જે પર્યાવરણ પ્રત્યે પણ જાગૃત હોય. જળવાયુ પરિવર્તનની અસરોનો સામનો કરવા માટે નમાઝ અદા કરવાની માફક જ વૃક્ષ વાવવાની આદત પાડો એવો મેસેજ આપવામાં આવી રહયો છે. ઈન્ડોનેશિયામાં અનેક મસ્જિદોના વહિવટકર્તાઓ અને ઈમામોને પણ સમજ આપવાનું વિચારણા હેઠળ છે.ઈસ્તિકલાલ નામની મસ્જિદ દક્ષિણ પૂર્વ એશિયાની સૌથી મોટી મસ્જિદો માંની એક છે. ઉલ્લેખનીય છે તેને સૌર પેનલો, ધીમા વહેતા પાણીના નળ અને વોટર રિસાયકલ સિસ્ટમથી સુસજ્જ કરવામાં આવી છે.

# "શું રાહુલ ગાંધીને વાયનાડ સિવાય કોઈ સુરક્ષિત સીટ નથી મળી?": કર્ણાટક બીજેપી ચીફ

## "બે પ્રકારના શહીદો" ની જરૂર ન હોવા અંગેના ગાંધીજીના વચનોએ ચર્ચાને વધુ વેગ આપ્યો છે

(એજન્સી) નવી દિલ્હી | તા 21

તાજેતરના રાજકીય પ્રવચનમાં, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના વાયનાડ મતવિસ્તારમાંથી લોકસભાની ચૂંટણી લડવાના નિર્ણયથી વિવાદ થયો છે અને વિવિધ ક્વાર્ટરથી ટીકાઓ થઈ છે, ખાસ કરીને કર્ણાટક ભાજપના પ્રમુખ બીવાય વિજયેન્દ્ર તરફથી. આ પગલાથી ગાંધીજીની રાજકીય વ્યૂહરચના અને ઈરાદાઓ પર પ્રશ્નો ઉભા થયા છે.

રાહુલ ગાંધીના તેમના પરંપરાગત ગઢ અમેઠી ઉપરાંત કેરળના એક મતવિસ્તાર વાયનાડમાંથી ચૂંટણી લડવાના નિર્ણયને વિવિધ લેન્સથી જોવામાં આવ્યો છે. આ નિર્ણયની પૃષ્ઠભૂમિ ભારતીય રાજકારણની જટિલ ગતિશીલતામાં રહેલી છે. અગાઉની ચૂંટણીઓમાં અમેઠીમાં હારનો સામનો કર્યા પછી, ગાંધીએ સંસદમાં તેમની હાજરી સુનિશ્ચિત કરવા માટે અન્ય મતવિસ્તારમાંથી જીત મેળવવાની કોશિશ કરી.

કેરળના રાજકીય લેન્ડસ્કેપ જેવા પરિબળો, જ્યાં કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF)ની નોંધપાત્ર હાજરી છે અને નોંધપાત્ર લઘુમતી વસ્તી સાથે વાયનાડની વસ્તી વિષયક રચનાએ ગાંધીની પસંદગીને પ્રભાવિત કરી હશે. વાયનાડથી ચૂંટણી લડીને, ગાંધીએ દક્ષિણ ભારતમાં કોંગ્રેસની સ્થિતિ મજબૂત કરવાનો અને વિવિધ મતદારોને અપીલ કરવાનો હેતુ રાખ્યો હતો.



**મતવિસ્તારમાંથી જીતવામાં આત્મવિશ્વાસના અભાવને દર્શાવે**

તેમની પસંદગી અમેઠી જેવા મતવિસ્તારમાંથી જીતવામાં આત્મવિશ્વાસના અભાવને દર્શાવે છે. વિજયેન્દ્રની ટીકામાં વાયનાડની લઘુમતી-પ્રભુત્વવાળી પ્રકૃતિ પરનો ભાર પ્રવચનમાં સાંપ્રદાયિક રાજકારણનું એક પરિમાણ ઉમેરે છે. તે આવા નિવેદનોની ધ્રુવીકરણ અસર અને ચૂંટણીની ગતિશીલતા પર તેમની સંભવિત અસર વિશે ચિંતા કરે છે.ભાજપની ટીકાના જવાબમાં, રાહુલ ગાંધીએ ચૂંટણીમાં કોંગ્રેસના પ્રદર્શનમાં તેમના વિશ્વાસને પુનરાવર્તિત કર્યો છે.

અગ્નિપથ યોજના અને ભારતને 'બે પ્રકારના શહીદો' ની જરૂર ન હોવા અંગેના ગાંધીજીના વચનોએ ચર્ચાને વધુ વેગ આપ્યો છે. ભારતની સંરક્ષણ નીતિઓ માટે વૈકલ્પિક દ્રષ્ટિકોણ રજૂ કરતી વખતે, આ નિવેદનો કોંગ્રેસ અને ભાજપ વચ્ચે વિવાદનો વિષય બની ગયા છે.

**ભારતીય ચૂંટણીઓમાં પ્રાદેશિક રાજકારણ અને ગઠબંધનની ગતિશીલતાના મહત્વને રેખાંકિત કરે છે.**

રાહુલ ગાંધી અને ભાજપના નેતાઓ વચ્ચે નિવેદનોની આપ-લે ભારતીય રાજનીતિમાં ઉપયોગમાં લેવાતી રેટરિકલ વ્યૂહરચનાનું ઉદાહરણ આપે છે. બંને પક્ષો આ નિવેદનોનો ઉપયોગ તેમના સમર્થકોને એકત્ર કરવા, તેમના વિરોધીઓને બદનામ કરવા અને જાહેર અભિપ્રાયને આકાર આપવા માટે કરે છે.વાયનાડની ગાંધીની પસંદગીને લગતો વિવાદ ભારતીય ચૂંટણીઓમાં પ્રાદેશિક રાજકારણ અને ગઠબંધનની ગતિશીલતાના મહત્વને રેખાંકિત કરે છે. તે વિવિધ મતદારક્ષેત્રોમાં નેવિગેટ કરવામાં અને વિવિધ મતદારોના હિતોને અપીલ કરવામાં રાજકીય નેતાઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને પણ પ્રકાશિત કરે છે.નિષ્કર્ષમાં, વાયનાડથી ચૂંટણી લડવાના રાહુલ ગાંધીના નિર્ણય અંગેની ચર્ચા ભારતીય ચૂંટણી રાજકારણની જટિલતાઓને પ્રતિબિંબિત કરે છે. જ્યારે તેમની પસંદગી કોંગ્રેસ પક્ષ માટે વ્યૂહાત્મક અસરો ધરાવી શકે છે, ત્યારે તેણે રાજકીય વિરોધીઓ તરફથી ચકાસણી અને ટીકાને પણ આમંત્રણ આપ્યું છે. આ વિવાદની આસપાસના રેટરિક ભારતીય રાજકારણના ધ્રુવીકરણ સ્વભાવ અને આગામી ચૂંટણીઓમાં સામેલ દાવ પર ભાર મૂકે છે. જો કે, કર્ણાટક બીજેપીના પ્રમુખ BY વિજયેન્દ્રએ ગાંધીના નિર્ણય પાછળના તર્ક અંગે શંકા વ્યક્ત કરી, પ્રશ્ન કર્યો કે શું તેઓ વાયનાડ કરતાં વધુ સુરક્ષિત બેઠક શોધી શકતા નથી. વિજયેન્દ્રની ટિપ્પણી ગાંધીજીના ઈરાદાઓ અંગે શંકા દર્શાવે છે અને સૂચવે છે કે

### ગરમ વિનિમય વચ્ચે, તેજસ્વીનો પ્રતિભાવ તેના આદર અને સંયમના સ્વર માટે ઉભો હતો

# લાલુ પર નીતિશ કુમારના 'બાલ બચ્ચા' જીબેને તેજસ્વી યાદવનો જવાબ: વેશમાં આશીર્વાદ?

(એજન્સી) નવી દિલ્હી | તા 21

બિહારના સદા વાઈબ્રન્ટ રાજકીય લેન્ડસ્કેપમાં, નેતાઓ વચ્ચે મૌખિક તકરાર અસામાન્ય નથી. તાજેતરમાં, બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે લાલુ યાદવ પર નિર્દેશિત તેમના 'બાલ બચ્ચા' જીબ સાથે હેડલાઈન્સ બનાવી, બાદમાંના પુત્ર તેજસ્વી યાદવ તરફથી પ્રતિક્રિયા આપવામાં આવી. ગરમ વિનિમય વચ્ચે, તેજસ્વીનો પ્રતિભાવ તેના આદર અને સંયમના સ્વર માટે ઉભો હતો. ચાલો આ રસપ્રદ વિનિમય અને તેની અસરો વિશે વધુ ઊંડાણપૂર્વક તપાસ કરીએ.

કટાક્ષથી ભરેલી નીતિશ કુમારની ટિપ્પણીએ રાજકારણમાં કૌટુંબિક ઉત્તરાધિકારની અસરકારકતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે પ્રશ્ન કર્યો કે શું અસંખ્ય બાળકો હોવા, જેને રૂપકાત્મક રીતે 'બાલ બચા' (બાળકો) તરીકે ઓળખવામાં આવે છે, તે શાસન માટે ખરેખર ફાયદાકારક છે.નીતિશ કુમારની ટિપ્પણી પછી એક પ્રેસ કોન્ફરન્સમાં, તેજસ્વી યાદવે વ્યાપક રાજકીય પ્રવચનમાં આવી વ્યક્તિગત ટિપ્પણીઓની સુસંગતતાને સૂક્ષ્મ રીતે ફગાવીને મુખ્ય પ્રધાન માટે તેમનો આદર વ્યક્ત કર્યો.નીતિશ કુમારના શબ્દોને ઉશ્કેરણીને બદલે આશીર્વાદના સ્વરૂપ તરીકે જોતા તેજસ્વીના પ્રતિભાવે ઉદાર વલણ અપનાવ્યું.

**તેજસ્વીના પ્રતિભાવનું મહત્વ**



તેજસ્વી યાદવનો રચિત પ્રતિભાવ પ્રતિકૂળ વિનિમય વચ્ચે રાજકીય પરિપક્વતાના પુરાવા તરીકે કામ કરે છે. વ્યક્તિગત હુમલાઓમાં સામેલ થવાથી દૂર રહીને, તેમણે રાજકીય પ્રવચનની ગરિમાને જાળવી રાખી, તેમના સાથીદારો માટે રચનાત્મક ઉદાહરણ સ્થાપિત કર્યું.

પિતાના રૂપમાં નીતિશ કુમારની ભૂમિકાને સ્વીકારતા, તેજસ્વીએ રાજકીય મતભેદને ધ્યાનમાં લીધા વિના મુખ્ય પ્રધાન માટે તેમના પરિવારના આદરનો પુનરોચ્ચાર કર્યો. બિહારના વિકાસને અનુરૂપ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા પર તેમનો ભાર, વાસ્તવિક શાસન માટે પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. બિહારના રાજકીય લેન્ડસ્કેપની ગૂંચવણોને સ્પષ્ટ કરવા માટે ભવિષ્યમાં એક પુસ્તક લખવાનું તેજસ્વીનું નિવેદન આગામી કથા તરફ સંકેત આપે છે જે શક્તિ અને નિષ્ઠાની ગતિશીલતામાં આંતરદૃષ્ટિ પ્રદાન કરી શકે છે.

**ભાવિ અસરો**

તેમણે વૈચારિક મતભેદો હોવા છતાં બિહારની રાજકીય સંસ્કૃતિમાં પારિવારિક આદર પર ભાર મૂક્યો હતો. નીતીશ કુમાર અને તેજસ્વી યાદવ વચ્ચેનું વિનિમય બિહારના રાજકીય વર્ણનની જટિલતાને દર્શાવે છે, જ્યાં કૌટુંબિક વારસો સમકાલીન શાસનના પડકારો સાથે છેદે છે. રાજકીય ક્ષેત્રે મૌખિક વોલીઓ અનિવાર્ય છે, ત્યારે તેજસ્વીનો પ્રતિભાવ આદર અને રાજનીતિમાં મૂળ ધરાવતા એક સૂક્ષ્મ અભિગમનું ઉદાહરણ આપે છે.

**ન્યૂઝ કોર્નર**

### છત્તીસગઢ એન્કાઉન્ટર પછી ઓડિશા પોલીસ સાઉન્ડ એલર્ટ

ઓડિશા | છત્તીસગઢના કાંકેરમાં તાજેતરના એન્કાઉન્ટરના જવાબમાં, ઓડિશા પોલીસે છત્તીસગઢની સરહદે આવેલા જિલ્લાઓમાં તકેદારી વધારી છે. અથડામણમાં 29 નક્સલી માર્યા ગયા, પરિસ્થિતિને કારણે ઓડિશામાં હાઇ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઓડિશાના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી), અરુણ કુમાર સારંગીએ હાથ ધરાયેલા સુરક્ષા પગલાં અંગે આંતરદૃષ્ટિ આપી છે. અરુણ કુમાર સારંગીએ પુષ્ટિ કરી કે કોરાપુટ અને મલકાનગીરી જિલ્લાઓ, જે છત્તીસગઢ સાથે સરહદો ધરાવે છે, હાલમાં કોઈ નક્સલી હાજરી નથી.

### દિલ્હી કોર્ટે ભાડૂઆતને વસંત કુંજની મિલ્કત ખાલી કરવાનો આદેશ આપ્યો છે

નવી દિલ્હી | તાજેતરના ચુકાદામાં, દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે એક ભાડૂતને એક નિર્દેશ જારી કર્યો હતો, જેમાં તેમને વસંત કુંજમાં સ્થિત મિલકત ખાલી કરવા સૂચના આપી હતી. કોર્ટે ચોક્કસ સમયમર્યાદામાં ભાડાની બાકી રકમની ચુકવણી પણ ફરજિયાત કરી છે. આ નિર્ણય વરિષ્ઠ નાગરિક મકાનમાલિક અને જગ્યા પર કબજો કરતા ભાડૂત વચ્ચેની કાનૂની લડાઈમાં નોંધપાત્ર વિકાસ દર્શાવે છે. પ્રશ્નમાં રહેલી મિલકત નવી દિલ્હીના વસંત કુંજના અપસ્કેલ વિસ્તારમાં આવેલી છે.

### સામાજિક-આર્થિક સ્થિતિ હેતુથી ઘણી કલ્યાણકારી યોજનાઓ શરૂ

# મોદી સરકારની કલ્યાણકારી યોજનાઓ પર ભાજપના કાસરગોડ ઉમેદવાર બેંકો

(એજન્સી) નવી દિલ્હી | તા 21

કેરળના રાજકીય લેન્ડસ્કેપમાં, ભારતીય જનતા પાર્ટી (BJP) સતત મજબૂત થઈ રહી છે, જેમાં કાસરગોડ લોકસભા મતવિસ્તારમાંથી તેના ઉમેદવાર એમએલ અશ્વિનીએ આગામી ચૂંટણીમાં તેની સંભાવનાઓ વિશે આશાવાદ વ્યક્ત કર્યો છે. અશ્વિની આ વધતા સમર્થનનો શ્રેય કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર દ્વારા શરૂ કરાયેલ વિકાસલક્ષી પહેલો અને કલ્યાણકારી યોજનાઓને આપે છે.કાર્યભાર સંભાળ્યા બાદથી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર ભારતમાં માળખાગત વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. અશ્વિની ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ વૃદ્ધિ માટે સરકારની પ્રતિબદ્ધતાના પ્રમાણપત્ર તરીકે હાઈવેના એક્સપ્રેસ વેમાં પરિવર્તન અને અસંખ્ય મેડિકલ કોલેજો, યુનિવર્સિટીઓ અને AIIMS સંસ્થાઓની સ્થાપનાને હાઈલાઈટ કરે છે.ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપરાંત, મોદી સરકારે ભારતની વસ્તી, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોની સામાજિક-આર્થિક સ્થિતિને ઉત્થાન આપવાના હેતુથી ઘણી કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે. અશ્વિની વંચિતોને સહાય પૂરી પાડવા માટે આ યોજનાઓની અસર પર ભાર મૂકે છે, જેનાથી સમાવેશીતા અને પ્રગતિની ભાવનાને પ્રોત્સાહન મળે છે.

# પીએમ મોદી, અમિત શાહે મહાવીર જયંતિની શુભેચ્છાઓ પાઠવી



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના હૃદયપૂર્વકના સંદેશમાં, મહાવીર જયંતિના શુભ અવસર પર ભારતના નાગરિકોને તેમની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. તેઓ ભગવાન મહાવીરના ઉપદેશોની કાલાતીત સુસંગતતા પર ભાર મૂકે છે, જે શાંતિ, સંયમ અને સદ્ભાવનાની હિમાયત કરે છે. PM મોદીએ રેખાંકિત કર્યું કે કેવી રીતે આ સિદ્ધાંતો વિકસિત ભારતના નિર્માણ તરફના પ્રવાસમાં માર્ગદર્શક લાઈટ તરીકે કામ કરે છે.

# મતદારોને મતદાન મથક પર ઓળખ સંબધી અગવડ ન પડે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરની ખાસ માર્ગદર્શિકા

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

લોકસભાની સામાન્ય ચૂંટણીનું ગુજરાત રાજ્યમાં ૭ મી મે ૨૦૨૪ના રોજ મતદાન થવાનું છે ત્યારે મહીસાગર જિલ્લામાં મહત્તમ મતદાન થાય અને આંગણે આવેલા આ લોકશાહીના અવસરમાં મતદારો ઉત્સાહભેર સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નેહાકુમારીના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.તો સાથે સાથે મહીસાગર જિલ્લા કલેકટરે મતદાન મથક પર મતદારો શું કાળજી રાખવી તે વિશે ખાસ માર્ગદર્શિકા જાહેર કરી છે તેમણે જણાવ્યું છે કે ચુંટણી કાર્ડથી મતદાન કરી શકાય છે પરંતુ જો ઓરીજીનલ ચુંટણી કાર્ડ ન હોય તો તેને ડાઉનલોડ પણ કરી શકાય છે. મતદાર પાસે ચુંટણી કાર્ડ ન પણ હોય તો અન્ય ૧૨ માન્ય આધાર પુરાવાથી પણ મતદાન કરી શકાય છે તો મતદાન માટે ચુંટણી કાર્ડ અથવા ૧૨ માન્ય પુરાવા (૧. આધાર કાર્ડ ૨.મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ૩. બેન્ક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક ૪.શ્રમ મંત્રાલયની યોજના અન્વયે આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ ૫. ડ્રાઈવીંગ લાયસન્સ ૬.પાનકાર્ડ ૭. એનપીઆર (National Population Register) અન્વયે આરજીઆઈ દ્વારા આપવામાં આવતા સ્માર્ટ કાર્ડ ૮.ભારતીય પાસપોર્ટ ૯.ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેન્ટ ૧૦. કેન્દ્ર/રાજ્ય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિ, કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો અને ૧૧. સંસદસભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો ૧૨. ભારત સરકારના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા આપવામાં આવેલ Unique Disability ID(UDID) Card) માંથી કોઈ એક તૈયાર રાખવું જોઈએ.મતદાન મથક પર મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબધ છે તો ઘરે જ રાખવો સુવિધા જનક રહેશે.

# "લવ જેહાદ કેસ જેવો લાગે છે, મુખ્યમંત્રી ગુનેગારોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે": હુબલી હત્યા પર કર્ણાટક બીજેપી ચીફ

(એજન્સી) નવી દિલ્હી | તા 21

કર્ણાટકના બેલથાંગડીની કોલેજ સ્ટુડન્ટ નેહા હિરેમથની કરુણ હત્યાએ રાજ્યના રાજકીય ક્ષેત્રે ભારે ચર્ચા જગાવી છે. નેહાની કથિત રીતે તેના ભૂતપૂર્વ સહાધ્યાયી ફયાઝ દ્વારા હત્યા કરવામાં આવી હતી, જેના કારણે ભારતીય જનતા પાર્ટી (BJP) તરફથી 'લવ જેહાદ'ના આરોપો મૂકવામાં આવ્યા હતા, જ્યારે કોંગ્રેસ પાર્ટી આવા દાવાઓને રદિયો આપે છે. ભાજપ કર્ણાટક, પ્રમુખ BY વિજયેન્દ્રની આગેવાની હેઠળ, આ ઘટનાને 'લવ જેહાદ' તરીકે ઉગ્રપણે લેબલ કરે છે. વિજયેન્દ્રએ તેમની ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા ગુનેગારોને બચાવતા હોય તેવું લાગે છે. તેમણે સરકારના પ્રતિભાવની ટીકા કરી, અગાઉના ઉદાહરણો ટાંકીને જ્યાં વહીવટીતંત્રે મેંગ્લોરમાં વિસ્ફોટ જેવી ગંભીર ઘટનાઓને નકારી કાઢી હતી.

વિજયેન્દ્રએ રાજ્યમાં મહિલાઓ સામેના ગુનાઓમાં ચિંતાજનક વધારો દર્શાવતા, ઝડપી પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે સરકાર પર બેદરકારીનો આરોપ લગાવીને મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટેના નક્કર પગલાંના અભાવની ટીકા કરી હતી.

**મહિલાઓ સામેના ગુનાઓમાં ચિંતાજનક વધારો દર્શાવતા, ઝડપી પગલાં લેવાની જરૂરિયાત**

તેનાથી વિપરીત, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ 'લવ જેહાદ'ના દાવાઓને ફગાવી દીધા હતા અને વ્યક્તિગત કારણોસર હત્યાને જવાબદાર ગણાવી હતી. તેમણે લોકોને રાજ્યની મજબૂત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની ખાતરી આપી, શાંતિ જાળવવા માટે સરકારની પ્રતિબદ્ધતાને સમર્થન આપ્યું. સિદ્ધારમૈયાનું વલણ સાંપ્રદાયિક તણાવને ઘટાડવાના પ્રયાસને પ્રતિબિંબિત કરે છે અને કાયદાકીય માધ્યમો દ્વારા કેસને ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જો કે, તેમના પ્રતિભાવને વિરોધ પક્ષોની ટીકાઓનો સામનો કરવો પડ્યો છે, જેઓ તેમના પર આ ઘટનાના વ્યાપક અસરોને અવગણવાનો આરોપ મૂકે છે. નેહાના પિતા અને કોંગ્રેસના કોર્પોરેટર નિરંજન હિરેમથે આ દુ:ખદ ઘટનાની સમજ આપી હતી. તેણે ખુલાસો કર્યો હતો કે નેહાને ફયાઝ દ્વારા છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી, જેણે તેના માટે કથિત રીતે રોમેન્ટિક લાગણીઓને આશ્રય આપ્યો હતો. ફયાઝને ના પાડવાના પરિવારના પ્રયત્નો છતાં, તેની એડવાન્સનો અસ્વીકાર ઘાતક મુકાબલો તરફ દોરી ગયો.હિરેમથનું એકાઉન્ટ હેડલાઈન્સ પાછળની વ્યક્તિગત દુર્ઘટનાને રેખાંકિત કરે છે, કેસની જટિલતાઓ પર પ્રકાશ પાડે છે. પરિવારની વેદના અને આશાસ્પદ યુવાન જીવનની ખોટ આવા ગુનાઓના માનવીય ટોલની કરુણાપૂર્ણ રીમાઈન્ડર તરીકે સેવા આપે છે.હુબલી હત્યા કેસ વ્યક્તિગત દુર્ઘટના અને રાજકીય વિવાદના સંગમનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે ભાજપના નેતાઓ તેને 'લવ જેહાદ'ના અભિવ્યક્તિ તરીકે નિંદા કરે છે, ત્યારે મુખ્યમંત્રીએ ગુના પાછળના હેતુઓની ઝીણવટભરી સમજણની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. જેમ જેમ તપાસ આગળ વધે તેમ, કાયદા અમલીકરણ એજન્સીઓ માટે નેહા હિરેમથ અને તેના શોકગ્રસ્ત પરિવાર માટે ન્યાય સુનિશ્ચિત કરે તે હિતાવહ છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### બીજાપુરમાં ચાલી રહેલા એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ એક નક્સલીનો ખાત્મો કર્યો

છત્તીસગઢના બીજાપુર વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલી બળવાખોરો વચ્ચે બીજી અથડામણ જોવા મળી, જેના પરિણામે એક નક્સલવાદીનો ખાત્મો થયો. છત્તીસગઢ પોલીસના અહેવાલો અનુસાર, રવિવારે ભૈરમગઢના કેશકુતુલ વિસ્તારમાં એન્કાઉન્ટર થયું હતું. આ ઘટના રાજ્યમાં નક્સલવાદ દ્વારા ઉભા થયેલા સતત પડકારને રેખાંકિત કરે છે.

### ભાજપ ખજુરાહો લોકસભા સીટ મોટા માર્જિનથી જીતશે

છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ તાજેતરમાં ખજુરાહો લોકસભા ક્ષેત્રમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ની જીતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ લેખ આ નિવેદન તરફ દોરી જતી રાજકીય ગતિશીલતાની શોધ કરે છે અને આગામી ચૂંટણીઓમાં ભાજપની અપેક્ષિત સફળતામાં ફાળો આપતા પરિબળોનું વિશ્લેષણ કરે છે. વિપક્ષી ભારતીય જૂથમાંથી પ્રચંડ પ્રતિસ્પર્ધીની ગેરહાજરીએ ખજુરાહોમાં ભાજપની સંભાવનાઓને નોંધપાત્ર રીતે સમર્થન આપ્યું છે.

### પશ્ચિમ બંગાળમાં રાજનાથ સિંહના પ્રચારનો દોર

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ આજે પશ્ચિમ બંગાળમાં પગ મૂકતાંની સાથે જ મહત્ત્વપૂર્ણ રાજકીય દાવપેચ માટે કમર કસી રહ્યા છે. આગામી ચૂંટણીઓ મોટા પ્રમાણમાં આવી રહી છે ત્યારે, સિંઘની વ્યૂહાત્મક રેલીના સ્થાનો રાજ્યના રાજકીય નાટકમાં નિર્ણાયક મોરચે ચિહ્નિત કરે છે.તાજેતરમાં સમાપ્ત થયેલ પ્રથમ તબક્કામાં ખાસ કરીને કૂચબિહાર, અલીપુરદ્વાર અને જલપાઈગુડીમાં ઉત્સાહપૂર્ણ સહભાગિતા જોવા મળી હતી.

'ન્યાય ઉલ્ગુલાન રેલી' — રેલીમાં કોંગ્રેસ, AAP, SP અને પ્રાદેશિક પક્ષોના નેતાઓ સહિત સહભાગીઓની વિવિધ શ્રેણી છે

# ઝારખંડ ઝુકશે નહીં, ભારત રોકશે નહીં: જેએમએમ સાંસદ મહુઆ માજી ભારત બ્લોકની 'ન્યાય ઉલ્ગુલાન રેલી' આગળ

(એજન્સી) નવી દિલ્હી | તા 21

ઝારખંડના રાંચીમાં ઈન્ડિયા બ્લોકની 'ન્યાય ઉલ્ગુલાન રેલી'ની અપેક્ષાએ, JMM સાંસદ મહુઆ માજીએ અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો, ભારપૂર્વક જણાવ્યું કે ઝારખંડ રાજ્ય કે ભારતીય જૂથ કોઈ પણ દબાણ સામે ઝુકશે નહીં. માજીએ ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનને મળેલા જબરજસ્ત સમર્થન પર ભાર મૂકતા, રેલીના અભૂતપૂર્વ સ્કેલ પર પ્રકાશ પાડ્યો.માજીની લાગણીનો પડઘો પાડતા, શિવસેના (UBT) સાંસદ પ્રિયંકા ચતુર્વેદી સહિત અન્ય વિપક્ષી નેતાઓએ શાસક પક્ષ દ્વારા અસંમતિને દબાવવાના પ્રયાસોની નિંદા કરી.રેલીનું ધ્યાન હેમંત સોરેન અને અરવિંદ કેજરીવાલ જેવા અગ્રણી નેતાઓની તાજેતરની ધરપકડની આસપાસ ફરે છે, જે સરમુખત્યારશાહી સામેના સંઘર્ષના પ્રતીક છે.ચતુર્વેદીએ લોકતાંત્રિક સિદ્ધાંતોને જાળવી રાખવાની આવશ્યકતા પર ભાર મૂકતા ભાજપની કથિત સરમુખત્યારશાહી વૃત્તિઓ સામે લડવાના સામૂહિક સંકલ્પને રેખાંકિત કર્યો હતો. ચતુર્વેદીએ મોંઘવારી, બેરોજગારી અને મહિલાઓની સુરક્ષા જેવા મુદ્દાઓ પર ભાજપ સરકારના રેકોર્ડની ટીકા કરી, તેમને જાહેર અસંતોષ માટે ઉત્પ્રેરક તરીકે ટાંક્યા.કોંગ્રેસના સોનિયા અને રાહુલ ગાંધી, મમતા બેનર્જી અને અખિલેશ યાદવ સહિતના વિપક્ષી નેતાઓ, પરિવર્તનકારી પરિવર્તનના કારણ પાછળ રેલી કરી છે, જેનું પ્રતીક 'ન્યાય ઉલ્ગુલાન રેલી' છે. રેલીમાં કોંગ્રેસ, AAP, SP અને પ્રાદેશિક પક્ષોના નેતાઓ સહિત સહભાગીઓની વિવિધ શ્રેણી છે,

જે વર્તમાન શાસનના વ્યાપક-આધારિત વિરોધને પ્રકાશિત કરે છે. સુનીતા કેજરીવાલ જેવા નેતાઓના જીવનસાથીઓની હાજરી, કારણ માટે પારિવારિક સમર્થનને રેખાંકિત કરે છે, જે જુલમ સામે સંયુક્ત મોરચાનું પ્રતીક છે.લોકસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે, રેલી ઝારખંડના રાજકીય લેન્ડસ્કેપમાં એક મુખ્ય ક્ષણનો સંકેત આપે છે, જે શાસક એનડીએ ગઠબંધન અને પુનરુત્થાન કરતા વિપક્ષ વચ્ચેની હરીફાઈ માટે સ્ટેજ સેટ કરે છે. ઝારખંડમાં ભાજપની ઐતિહાસિક સફળતા, 2019ની ચૂંટણીમાં 14માંથી 12 બેઠકો જીતીને, વિપક્ષો દ્વારા સામનો કરવામાં આવેલા પ્રચંડ પડકારને રેખાંકિત કરે છે.'ન્યાય ઉલ્ગુલાન રેલી' સરમુખત્યારશાહી સામે પ્રતિકારની ભાવનાનું પ્રતીક છે, લોકશાહી નવીકરણ અને સામાજિક ન્યાય માટે સામૂહિક મોરચો બનાવવા માટે પક્ષપાતી વિભાજનને પાર કરે છે.

### રાજકીય ઉત્તેજના વચ્ચે, કોંગ્રેસની છાવણીને નોંધપાત્ર ફટકો

# લોકસભા ચૂંટણી: કોંગ્રેસે પંજાબ માટે નિર્ણાયક CEC બેઠક યોજી

(એજન્સી) નવી દિલ્હી | તા 21

ભારતના ખળભળાટભર્યા રાજકીય લેન્ડસ્કેપમાં, દરેક હિલચાલ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને જ્યારે રાષ્ટ્ર લોકસભા ચૂંટણી માટે તૈયારી કરી રહ્યું છે. તાજેતરમાં, કોંગ્રેસ પાર્ટીએ નવી દિલ્હીમાં તેના મુખ્યાલયમાં મુખ્ય કેન્દ્રીય ચૂંટણી સમિતિ (CEC)ની બેઠક બોલાવી હતી. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને આદરણીય સોનિયા ગાંધીના નેતૃત્વમાં આ બેઠકનો ઉદ્દેશ્ય પંજાબ અને અન્ય કેટલાક રાજ્યોની બાકીની લોકસભા બેઠકો માટેના ઉમેદવારોને અંતિમ સ્વરૂપ આપવાનો હતો.

રાજકીય દાવપેચના કેન્દ્રમાં પંજાબના વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓની હાજરી હતી, જેણે ચર્ચાઓમાં ગુરુત્વાકર્ષણ ઉમેર્યું હતું. આગામી ચૂંટણી માટે વ્યૂહરચના ઘડવામાં તેમની સામૂહિક શાણપણ અને અનુભવ અમૂલ્ય હતો.

1લી જૂને મતદાન થવાનું હોવાથી, દાવ ઊંચો હતો. કોંગ્રેસે, પંજાબમાં ચૂંટણી લડાઈમાં એકલા જવાનું પસંદ કરીને, રાજ્યભરમાં પક્ષના હિતોનું પ્રતિનિધિત્વ કરવા માટે તેના દાવેદારોને સાવચેતીપૂર્વક પસંદ કર્યા. કોંગ્રેસ અન્ય રાજ્યોમાં તેમના ગઠબંધનથી અલગ થઈને સ્વતંત્ર રીતે ચૂંટણી લડ્યા હોવાથી પંજાબમાં ચૂંટણીના મેદાનમાં રસપ્રદ ગતિશીલતા જોવા મળી હતી. AAP દ્વારા પંજાબ માટે ઉમેદવારોની જાહેરાતે રાજકીય લેન્ડસ્કેપમાં જટિલતાનું બીજું સ્તર ઉમેર્યું.

રાજકીય ઉત્તેજના વચ્ચે, કોંગ્રેસની છાવણીને નોંધપાત્ર ફટકો પડ્યો કારણ કે એક અગ્રણી વ્યક્તિ, તજિન્દર સિંઘ બિટ્ટુએ ભારતીય જનતા પાર્ટી (BJP) પ્રત્યે નિષ્ઠા ફેરવી. પાર્ટીમાં મુખ્ય હોદ્દા પરથી રાજીનામું સાથે તેમની વિદાય, કોંગ્રેસ સામેના પડકારો પર ભાર મૂકે છે.આગામી ચૂંટણીઓમાં ભૂતકાળના પડઘા હતા, ખાસ કરીને 2019ની લોકસભા ચૂંટણી, જ્યાં INC-ની આગેવાની હેઠળના UPA ગઠબંધનને આઠ બેઠકો મળી હતી,

સિટી એક્સપ્રેસ

MONDAY 22 APRIL-2024

AHMEDABAD


## 7-અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પર 23 ઉમેદવારનાં ફોર્મ માન્ય

અમદાવાદ : લોકસભા ચૂંટણી 2024 અન્વયે અમદાવાદ જિલ્લામાં 12મી એપ્રિલથી 19 મી એપ્રિલ સુધી ઉમેદવારો દ્વારા બંને લોકસભા બેઠકો પર ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા ચાલી હતી. 20મી એપ્રિલના રોજ બન્ને બેઠકોના ચૂંટણી અધિકારીઓ દ્વારા તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદની બન્ને લોકસભા બેઠકો માટે નિયમાનુસાર અને યોગ્ય રીતે ભરાયેલા ઉમેદવારી પત્રો માન્ય રાખવામાં આવ્યા હતા અને અધૂરી વિગતવાળા કે ખામીયુક્ત ઉમેદવારી પત્રોને અમાન્ય ઠેરવવામાં આવ્યા છે.

## નરોડામાંથી કારમાંથી 768 દારૂની બોટલ પકડાઈ

અમદાવાદ : અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નરોડામાંથી એક કારમાંથી 768 દારૂની બોટલ અને 120 બિયરની બોટલ એમ કુલ 968 બોટલ પકડી પાડી છે. ક્રાઈમ બ્રાન્ચે દારૂ અને ગાડી સહિત 11.85 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. સાયબર ક્રાઈમે પણ અમદાવાદમાંથી IPL મેચમાં સેશનના ભાવ જોઈ અન્ય લોકોને પણ સટ્ટો રમાડતા 3 આરોપીઓની ધરપકડ કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે નરોડા દાસ્તાન સર્કલ પાસે આવેલા બિલ્ડિંગ પાસેથી એક હ્યુન્ડાઈ ક્રેટા કારમાંથી 768 બોટલ ઈંગ્લિશ દારૂ અને 120 બોટલ બિયર કબ્જે કરી છે.

### અમદાવાદના રાજપૂત ભવનમાં અન્ય સમાજના અગ્રણીઓ સાથે મિટિંગ

# ક્ષત્રિયોનું 'ઓપરેશન ભાજપ' : BJP વિરુદ્ધ મતદાન કરવા આહવાન

(એજન્સી) અમદાવાદ । તા. 21

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાની વિવાદાસ્પદ ટિપ્પણી બાદ ક્ષત્રિય સમાજ દ્વારા કરવામાં આવેલી માંગને પૂરી ન કરવામાં આવતા આજરોજ 21 એપ્રિલે ક્ષત્રિય સમાજની અમદાવાદના ગોતા રાજપૂત ભવન ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપની તમામ 26 બેઠકો ઉપર વિરોધ કરવા અંગેની રણનીતિઓ ઘડવામાં આવી છે. આ આંદોલનને 'ઓપરેશન ભાજપ' નામ અપવામાં આવ્યું છે. ક્ષત્રિય સમાજ સાથે હવે અન્ય સમાજ પણ આ આંદોલનમાં જોડાયો છે. ખત્રી, કાઠી, કારડીયા, નાડોદા માલધારી સહિતના સમાજના અગ્રણી બેઠકમાં હાજર રહ્યા હતા. અન્ય રાજ્યમાંથી પણ ક્ષત્રિય સંસ્થાના વડાઓ બેઠકમાં હાજર રહ્યા હતા. ભાજપ વિરૂદ્ધ નક્કી કરેલા કાર્યક્રમમાં સહયોગ માટે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.



### માલધારી સમાજ ક્ષત્રિયો સાથે છે

માલધારી સમાજના આગેવાન દશરથ દેસાઈએ જણાવ્યું હતું કે, 2022માં 40-42 બેઠકો પર અમે બતાવ્યું છે. માલધારી સમાજ ક્ષત્રિય સમાજ સાથે છે. ભૂતકાળમાં અમને મદદ કરી છે. અમે તમામ રીતે મદદ કરવા અને ટેકો આપવામાં આવશે.

### જાહેરનામા મામલે હાઇકોર્ટમાં આવતીકાલે સુનાવણી

કાળા વાવટા ફરકાવવા બાબતે અમદાવાદ પોલીસ કમિશનરના જાહેરનામા મામલે આવતીકાલે સોમવારે ગુજરાત હાઈકોર્ટમાં PIL પર સુનાવણી થઈ શકે છે. રાજકોટમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે બેઠકમાં સંકલન સમિતિના કોઈ સભ્યો ગયા નથી. ભાજપના ક્ષત્રિય નેતાઓને બોલાવ્યા હોય તો પ્રોટોકોલ પ્રમાણે ગયા હોય શકે છે.

### તન, મન અને ધનથી આ યુદ્ધમાં જોડાયો છું

તો વધુમાં ક્ષત્રિય યુવા સેનાના આગેવાન અભિજિતસિંહ બારડે જણાવ્યું હતું કે, ક્ષત્રિય અસ્મિતાની લડાઈ છે. આ લડાઈ દ્વારા હવે ભાજપ વિરૂદ્ધ રણશિંગુ ફૂકાયું છે. તન, મન, ધનથી આ યુધ્ધમાં જોડાયો છું. તમામ લોકસભા બેઠક પર ક્ષત્રિય સમાજ દ્વારા હુંકાર કર્યો છે.

### 'આંદોલનને 'ઓપરેશન ભાજપ' નામ અપાયું'

ગોતા ખાતેના રાજપૂત ભવનમાં મળેલી મિટિંગ બાદ રાજપૂત સંકલન સમિતિના પ્રવક્તા કરણસિંહ ચાવડાએ પ્રેસ કોન્ફોરન્સમાં યોજી છે. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, આજે અલગ-અલગ સંસ્થાઓના આગેવાનોની મિટિંગ થઈ હતી. જેમાં આ આંદોલનને 'ઓપરેશન ભાજપ' નામ આપ્યું છે. તમામ સમાજનો ટેકો લેવા અને સમાજની અસ્મિતાની લડાઈ છે. અમારી ભૂમિકા સ્પષ્ટ છે. ક્ષત્રિય ઠાકોર સમાજ, માલધારી સમાજ, રાજસ્થાન રાજપૂત વિકાસ પરિષદ સહિતના સમાજ દ્વારા ટેકો આપવામાં આવ્યો છે. અત્યારે સમગ્ર જિલ્લાઓમાં પ્રતીક ઉપવાસ ક્ષત્રિય બહેનોએ કર્યો છે. હવે અન્ય સમાજની બહેનો પણ ગોતા ખાતે ઉપવાસમાં જોડાશે. 7 તારીખ સુધી આ ઉપવાસ ચાલુ રહેશે.

### ધર્મ રથને મંજૂરી આપવા અધિકારીઓને વિનંતી

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, 24મી એપ્રિલથી રાજ્યના તમામ આસ્થા કેન્દ્રો પરથી ધર્મ રથ શરૂ થશે. લેખિત મંજૂરી લેવામાં આવી રહી છે. ધર્મ રથના માધ્યમથી પ્રજાજન સુધી પહોંચીશું. ગૃહ વિભાગ અને પોલીસ મહાનિર્દેશકને અમે વિનંતી કરીએ છીએ કે, ગુજરાતની સુલેહ શાંતિ જાળવે. અમારા ધર્મ રથને મંજૂરી આપજો. અમે ચૂંટણી અધિકારીને આ બધી વિનંતી કરીએ છીએ. જે કલેક્ટર અને ચૂંટણી અધિકારી રાજકીય પક્ષની સભા અને સંમેલનને મંજૂરી આપે છે, તેમ અમારા ધર્મ રથને પણ મંજૂરી આપવામાં આવે.

## આંદોલનને લઈને રાજકોટમાં ભાજપના ક્ષત્રિય નેતાઓ સાથે હર્ષ સંઘવીની બેઠક

(એજન્સી) રાજકોટ । તા. 21

રાજકોટ લોકસભા બેઠકથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદનથી ક્ષત્રિય સમાજમાં રોષ યથાવત છે. ક્ષત્રિયોનો ગુસ્સો શાંત કરવા માટે ભાજપના નેતાઓ અને ક્ષત્રિય સમાજના આગેવાનો વચ્ચે બેઠકો કરવામાં આવી રહી છે. ત્યારે આજે (21મી એપ્રિલ) રાજકોટમાં એક ખાનગી હોટલમાં ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય સમાજના આગેવાનોની બેઠક મળી હતી. આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજી, સાંસદ કેસરીદેવસિંહ ઝાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ભાજપના ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક

સૂત્રોના જણાવ્યાનુસાર, રાજકોટમાં ખાનગી હોટલમાં ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય આગેવાનો સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી હાજર રહ્યા હતા. આ બેઠકમાં પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના ગુસ્સાને શાંત કરવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ક્ષત્રિય સમાજના મતનું નુકસાન ન થાય તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

### ભાજપ આગેવાનો સામે ક્ષત્રિય સમાજનો ઉગ્ર વિરોધ

રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાની ક્ષત્રિય સમાજ અંગેની ટિપ્પણી ભાજપ પક્ષ માટે પણ ચિંતાનો વિષય બની છે. ક્ષત્રિય સમાજના આંદોલનનો પાર્ટ-2 શરૂ થઈ ચૂક્યો છે. નવી રણનીતિ અનુસાર, ગુજરાતમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ નેતાઓનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ વચ્ચે હવે સાબરકાંઠામાં ક્ષત્રિય સમાજનો ઉગ્ર વિરોધ જોવા મળ્યો હતો. અહીં ભાજપના નેતાઓ અને ક્ષત્રિયો વચ્ચે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. તો ભાજપના ધારાસભ્ય રમણ વોરાને પણ ધક્કે ચડાવાયા હતા.

## અમદાવાદીઓને રાત્રે ગરમીથી હાલ રાહત

(એજન્સી) અમદાવાદ । તા. 21

રાજ્યમાં આવતા પવનની દિશા બદલાતા તાપમાનમા ઘટાડો નોંધાયો છે. આ સાથે જ આજરોજ બે જિલ્લાને બાદ કરતાં તમામ જિલ્લાનું મહત્તમ તાપમાન 38 ડિગ્રીથી ઓછું નોંધાયું હતું. જ્યારે આજે સૌથી વધુ તાપમાન ભાવનગર અને અમરેલી જિલ્લામાં 38.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી સાચી પડતાં અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 38 ડિગ્રીથી ઓછું એટલે કે, 37.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.



### રાત્રે પવન ફૂંકાતા ઠંડકનો અહેસાસ થશે

દિવસ દરમિયાન શહેરમાં વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ સાંજ પડતાજ શહેરીજનોને ઠંડકનો અહેસાસ થયો છે. આજે વેકેશન ઉપરાંત રવિવારની રજા હોવાથી અને વાતાવરણ પણ સાનૂકુળ હોવાથી અમદાવાદીઓને અકળામણથી રાહત મળી. આ ઉપરાંત રાત્રિ દરમિયાન 10થી 12 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવનો ફુંકાવાની શક્યતાઓ છે, તેથી ઠંડકનો અહેસાસ થશે.

### રાજકોટમાં 37.7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન

રાજ્યના મુખ્ય શહેરોમાં નોંધાયેલા મહત્તમ તાપમાનની વાત કરવામાં આવે તો વડોદરા શહેરમાં મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં 37.7 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં 37.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત આગામી 24-36 કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં અકળામણનો અહેસાસ થઈ શકે છે. ત્યારબાદ પવનની દિશા બદલાતા અને ઉત્તર ભારતમાં અપ્રોચ કરી રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂર્ણ થયા બાદ અમદાવાદ શહેર ઉપરાંત રાજ્યના વિવિધ જિલ્લા ઉપર બંધાયેલા વાદળો વેરાઈ જતા સૂર્યના સીધા કિરણો ગુજરાતની ધરતીને તપાવશે. જેના કારણે તાપમાનમાં વધારો થશે.

### અમદાવાદ શહેરમાં બે સ્થળોએ આગ લાગવાની ઘટના બની

## શીલજમાં બેગ બનાવતી કંપનીનું ગોડાઉન સળગી ઊઠતા ધુમાડાના ગોટેગોટા, રતનપોળમાં કાપડની દુકાનમાં આગ

(એજન્સી) અમદાવાદ । તા. 21

અમદાવાદમાં બે સ્થળોએ આગ લાગવાની ઘટના બની છે. એસજી હાઈવે પર શીલજ ચાર રસ્તા નજીક આવેલી બેગ બનાવતી કંપનીના ગોડાઉનમાં ભીષણ આગ લાગવાની ઘટના બનતા ફાયર બ્રિગેડની પાંચ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યારે કોટ વિસ્તારમાં આવેલા રતનપોળ ધનલક્ષ્મી માર્કેટમાં કાપડની દુકાનમાં આગ લાગી હતી. જેમાં પણ ત્રણ જેટલી ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે બંને સ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો.





### રતનપોળના ધનલક્ષ્મી માર્કેટમાં કાપડની દુકાનમાં આગ

બીજી તરફ શહેરના રતનપોળ વિસ્તારમાં ધનલક્ષ્મી માર્કેટ આવેલું છે. જે માર્કેટમાં કાપડની એક દુકાનમાં આગ લાગી હતી. જેના પગલે ફાયર બ્રિગેડની ત્રણ ગાડી સાથે જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કાપડની દુકાન હોવાના કારણે આસપાસમાં આગ ફેલાય નહીં, જેને લઇ ચારે તરફથી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી. સદનસીબે બંને ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ફાયર બ્રિગેડની ટીમે બંને સ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો

### શીલજમાં ગોડાઉનની પરમિશનને લઈ સવાલ ઉઠ્યા

અમદાવાદ ફાયર બ્રિગેડના ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર મિથુન મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, શહેરના શીલજ વિસ્તારમાં અમેરિકન ટ્રાવેલ બેગ બનાવવાના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. ગોડાઉનમાં સાયકલની ચેસીસ અને ટાયરો પણ પડ્યા હતા. ફાયર બ્રિગેડની કુલ 15 જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી અને ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. રહેણાંક વિસ્તારની વચ્ચે આ ગોડાઉન આવેલું હતું મ્યુનિસિપલ કોર્પોરેશનના એસટી વિભાગ દ્વારા રહેણાંક વિસ્તારની વચ્ચે કેવી રીતે ગોડાઉનની પરમિશન આપવામાં આવી તેને લઈ સવાલ છે.

### દૂર-દૂર સુધી ધુમાડાના ગોટા જોવા મળ્યાં

ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, શહેરના શીલજ ક્રોસ રોડ નજીક અમેરિકન બેગ બનાવતી એક કંપનીના ગોડાઉનમાં આગ લાગી હોવાનો મેસેજ ફાયર બ્રિગેડને મળ્યો હતો. જેથી થલતેજ ફાયર સ્ટેશનની કુલ પાંચ જેટલી ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. આગ લાગવાના કારણે દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યાં હતા. ગોડાઉનમાં પ્લાસ્ટિક વધુ હોવાના પગલે ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી.

### ગાંધીનગર સંસદીય મત વિસ્તારના જનરલ ઓબ્ઝર્વર વિનયકુમારના અધ્યક્ષ સ્થાને

## નોડલ અધિકારીઓ સાથે ચૂંટણી કામગીરી સમીક્ષા બેઠક યોજાઇ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર સંસદીય મત વિસ્તારના જનરલ ઓબ્ઝર્વર વિનયકુમારના અધ્યક્ષ સ્થાને નોડલ અધિકારીઓ સાથે ચૂંટણી કામગીરી સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં અમદાવાદ પૂર્વના જનરલ ઓબ્ઝર્વર અભિનવ ચંદ્રા, મહેસાણાના જનરલ ઓબ્ઝર્વર આદિત્ય નેગી અને પોલીસ ઓબ્ઝર્વર મનોજકુમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકના આરંભ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ તમામ જનરલ ઓબ્ઝર્વરનું શાબ્દિક સ્વાગત કરીને ચૂંટણી કામગીરીની ઝાંખી રજૂ કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ ગાંધીનગર સંસદીય મત વિસ્તારની ચૂંટણી કામગીરીની સમીક્ષા રજૂ કરવા પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું. આ પ્રેઝેન્ટેશનમાં ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા મત વિભાગની માહિતી આપવામાં આવી હતી. તેની સાથે તમામ વિધાનસભા મતદાર વિભાગના આર.ઓ અને એ.આર.ઓ. નો પરિચય કરવામાં આવ્યો હતો. તેમજ વિધાનસભા મતદાર વિભાગ અનુસાર ડિસ્પેચીંગ, રીસેવીંગ, સ્ટ્રોગ રૂમ અને મત ગણતરી સેન્ટરની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેની સાથે તમામ વિધાનસભા મતદાર વિભાગમાં કેટલા સ્ત્રી - પુરૂષ મતદારોની આંકડાકીય વિગત, મતદાન મથકો, ઈવીએમ, વીવીપેટ મશીન, પોલીંગ સ્ટાફ, પોલીસ સ્ટાફ સાથે પોલીસ સ્ટેશનની આંકડાકીય વિગત રજૂ કરવામાં આવી હતી.

### અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 12 યુનિવર્સિટીઓ સાથે મતદાર જાગૃતિ અંગે MOU કર્યા

## અમદાવાદ જિલ્લામાં 1 લાખથી વધુ યુવા મતદારોએ લીધા મતદાનના શપથ







ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત અનેક યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમ યોજાય છે. અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધીમાં 1 લાખથી વધુ યુવા મતદારો અચૂક મતદાનના શપથ લઈ ચૂક્યા છે, જેમાં મોટાભાગના યુવાનો ફર્સ્ટ ટાઈમ વોટર્સ છે. અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 12 યુનિવર્સિટીઓ સાથે 'મતદાર જાગૃતિ' અંગે MoU કરાયા છે. જિલ્લાની 200થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યા છે. અમદાવાદ શહેર તથા જિલ્લાના વધુમાં વધુ યુવાનો તથા પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તે દિશામાં અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત 12 જેટલી યુનિવર્સિટીઓ સાથે 'મતદાન જાગૃતિ' અંગેના MoU કરવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરની 200થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો અને ભવનોમાં પણ 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત અનેક પ્રકારના વિશિષ્ટ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. જિલ્લા ચૂંટણી તંત્રએ 'મતદાન જાગૃતિ' અભિયાનને વેગવંતુ બનાવવા માટે 12 યુનિવર્સિટીઓ જેમ કે, ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સિલ્વર ઓક યુનિવર્સિટી, રાય યુનિવર્સિટી, સાબરમતી યુનિવર્સિટી, શ્રેયાર્થ યુનિવર્સિટી, લકુલીશ યોગ યુનિવર્સિટી, કૌશલ્ય - ધ સ્કીલ યુનિવર્સિટી, અનંત નેશનલ યુનિવર્સિટી, જેજી યુનિવર્સિટી, અદાણી યુનિવર્સિટી વગેરે યુનિવર્સિટીઓ સાથે MoU કર્યા છે. 'મતદાન જાગૃતિ' અભિયાન અન્વયે સ્વીપ એક્ટિવિટી અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્રના વિવિધ નોડલ ઓફિસર અને તેમની ટીમ દ્વારા વિવિધ કોલેજોમાં અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'મતદાન જાગૃતિ' અંગે રેલી, વક્તવ્ય સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, જાહેર સ્થળો પર બેનર સાથે સૂત્રોચ્ચાર, ઓરીએન્ટેશન પ્રોગ્રામ, મતદાનના શપથ, ડોર ટુ ડોર પ્રચાર, સિગ્નેચર કેમ્પેઇન, પ્રભાત ફેરી જેવા અનેક કાર્યક્રમો થકી નાગરિકોને મતદાન માટે પ્રોત્સાહિત કરાયા હતા. આ ઉપરાંત અમદાવાદ શહેરનાં અનેક આઇકોનિક સ્થળો જેવાંકે, અટલ બ્રિજ, એરપોર્ટ રોડ, કાંકરિયા તળાવ, હેપી સ્ટ્રીટ, લૉ ગાર્ડન, રિવરફ્રન્ટ, મેટ્રો ટ્રેન અને બસ સ્ટેશન, જેવાં જાહેર સ્થળો પર પણ 'મતદાન જાગૃતિ' અભિયાનનો નારો બુલંદ કર્યો હતો. અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમો થકી યુવાનોને દેશહિતમાં અચૂક મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરે છે ત્યારે આ તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોના 1લાખથી વધુ યુવાનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા, એ એક નોંધપાત્ર સિદ્ધિ ગણી શકાય.

## મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાના છે : ભૂપેન્દ્ર પટેલ

### પાટણ લોકસભાની વિશાળ જાહેરસભા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમા યોજાઇ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

પાટણ લોકસભાની વિશાળ જાહેરસભા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમા પાટણ ખાતે યોજાઇ. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, દેશમા પહેલી વખત જનતાને ખબર છે કે આ વખતે મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાના છે તે પણ 400 પાર બેઠક સાથે. લોકસભાની ચૂંટણીમા દેશના સુધારા અંગે ચર્ચાઓ થતી પરંતુ મોદી સાહેબના દસ વર્ષના નેતૃત્વમા ભારતનું અર્થતંત્ર પાંચમા સ્થાને આવી ગયુ છે અને મોદી સાહેબ ત્રીજી વખત વડાપ્રધાન બનશે એટલે ભારત ત્રીજા નંબરનું અર્થતંત્ર બની જશે તેવો વિશ્વાસ છે. મોદી સાહેબે પાછલા દસ વર્ષમા દરેક ક્ષેત્રે વિકાસના કામો કર્યા છે. દેશમા 2014 પહેલા 50 ટકા ગામોમા રસ્તાઓ નોહતા આજે 100 ટકા ગામોમા રસ્તા બન્યા છે. કેટલાય વર્ષો પછી આજે મેક ઇન ઇન્ડિયાની ટ્રેનો બની રહી છે, આજે 100 જેટલી ટ્રેનોનુ નિર્માણ કરવામા આવ્યું છે.